


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 18 DECEMBER, 2020 Vol. 16, No. 50 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## અમેરિકાના પૂર્વ કિનારાના ૧૪ રાજ્યોમાં હિમવર્ષા, બે ફુટ સધી બરફ જામ્યો

# અમેરિકામાં બરફનું તોફાન, ૬ કરોડ લોકો પ્રભાવિત

## ૧૦૦૦થી વધારે માર્ગ અકસ્માત, ૬ લોકોના મોત નીપજ્યા, ઈમરજન્સી જાહેર

ન્યૂયોર્ક : અમેરિકાના ઉત્તરપૂર્વના ૧૪ રાજ્યો બરફનાં તોફાન ગેઈલનાં કારણે તોફાની પવનો સાથે બે ફૂટ જેટલી ભારે બરફવર્ષા થઈ હતી. બુધવારે સાંજે થયેલા કાર અકસ્માતોમાં ઓછામાં ઓછા ૬ લોકોનાં મોત થયાં હતાં. અમેરિકાના સમગ્ર પૂર્વ કિનારાનાં રાજ્યો બરફના ઢગલામાં ઢંકાઈ ગયાં હતાં. હજારો માઈલની સડકો પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. ૧૪ રાજ્યોના ૬ કરોડથી વધુ લોકોને વિન્ટર સ્ટોર્મ ગેઈલ ત્રાટકવાની ચેતવણી પહેલેથી જારી કરી દેવાઈ હતી. ન્યૂયોર્કથી વર્જિનિયા અને માઈને સુધીનાં રાજ્યોમાં બરફનાં તોફાને હાહાકાર મચાવ્યો હતો. આ રાજ્યોના ગવર્નરોએ લોકોને ઘરોમાં રહેવાની ચેતવણી જારી કરી હતી. પેન્સિલ્વેનિયાની ક્લિન્ટન કાઉન્ટીમાં ઈન્ટરસ્ટેટ હાઈવે ૮૦ પર એક ડઝનથી વધુ વાહનોમાં ટક્કર સર્જાતાં બે લોકોનાં મોત થયાં હતાં. નોર્થ કેરોલિનામાં એક અને વર્જિનિયામાં પણ એક મોત નોંધાયું હતું.

વર્જિનિયામાં ૨૦૦ કાર અકસ્માત સહિત કુલ એક હજારથી પણ વધારે માર્ગ અકસ્માત નોંધાયા હતા. ન્યૂયોર્કમાં ભારે હિમવર્ષાનાં કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. વર્જિનિયામાં ૫૭,૨૦૦ મકાનોમાં અને ન્યૂજર્સીમાં ૧૧,૬૦૦ મકાનોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. બીજી બાજુ પેસિફિક સમુદ્રમાં આવેલા ટાપુ દેશ ફીજી તરફ વિનાશક વાવાઝોડું યાસા આગળ ધપી રહ્યું છે. ફીજીએ કુદરતી આપત્તિ જાહેર કરીને સમગ્ર દેશમાં કરફ્યૂ લાદયો હતો. ફીજીમાં ભેખડ ધસી પડવાના કારણે, પૂરનાં પાણી ફરી વળવાના કારણે અને ઝાડ પડી જવાના કારણે ઘણા માર્ગ બંધ થઈ ગયા છે.



### ૧૩૦૦થી વધુ ફ્લાઇટ રદ કરાઈ

પૂર્વ અમેરિકામાં ૧૩૦૦થી વધુ ફ્લાઇટ રદ કરાઇ હતી. ટ્રેન ઓપરેટર એમટ્રેકને તેના રૂટમાં બદલાવ કરવાની ફરજ પડી હતી. અમેરિકન, ડેલ્ટા, સાઉથવેસ્ટ અને યુનાઇટેડ જેવી એરલાઇન્સે અસરગ્રસ્ત ફ્લાઇટો માટેની ફી માફ કરવાની જાહેરાત કરી હતી.

### જ્યોર્જિયાથી ન્યૂ ઇંગ્લેન્ડ સુધી બરફનાં તોફાનની ચેતવણી અપાઈ

નેશનલ વેધર સિંવસ દ્વારા જ્યોર્જિયાથી ન્યૂ ઇંગ્લેન્ડ સુધીનાં રાજ્યોમાં બરફનાં તોફાનનાં કારણે વીજળી ગુલ થવા સહિતની ચેતવણી જારી કરાઇ હતી. આ રાજ્યોમાં શાળાઓ બંધ રાખવાનો આદેશ અપાયો હતો. પેન્સિલ્વેનિયામાં અતિભારે હિમવર્ષાની આગાહી કરાઇ હતી. વેધર એજન્સીએ જણાવ્યું હતું કે, ફ્રીજિંગ રેઇન આ પ્રદેશો માટે સૌથી મોટી ચિંતાનો વિષય છે.

### લોકશાહીમાં શાંતિપૂર્વકના વિરોધને રોકી શકાય નહીં

# સરકાર કૃષિ કાયદાનો અમલ સ્થગિત કરવા વિચારે : સુપ્રીમ

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલા કૃષિ કાયદાઓની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીઓની સુનાવણી કરતાં ગુરુવારે સુપ્રીમ કોર્ટે ખેડૂતોના અહિંસક આંદોલનના અધિકારને માન્યતા આપી હતી. ચીફ જસ્ટિસ એસ. એ. બોબડે, જસ્ટિસ એ. એસ. બોપન્ના અને જસ્ટિસ વી. રામાસુબ્રમણિયનની બેન્ચે સરકાર વતી અદાલતમાં હાજર રહેલા એટર્ની જનરલ કે કે વેણુગોપાલને સૂચન કર્યું હતું કે, કૃષિ કાયદા મુદ્દે સરકાર અને ખેડૂતો વચ્ચે સર્જાયેલા વિવાદના ઉકેલ માટે અમે કૃષિ નિષ્ણાતો અને ખેડૂત યુનિયનોની બનેલી એક તટસ્થ અને સ્વતંત્ર પેનલ રચવા વિચારી રહ્યાં છીએ. આ પેનલ દ્વારા વિવાદનો ઉકેલ ન આવે ત્યાં સુધી અમે સરકારને કૃષિ કાયદાઓનો અમલ સ્થગિત રાખવા સૂચન કરીએ છીએ. આ પેનલમાં પી. સાઈનાથ, ભારતીય કિસાન યુનિયન અને અન્યોનો સમાવેશ થઈ શકે. આ પેનલ જે તારણો આપે તેનો અમલ થવો જોઈએ અને ત્યાં સુધી ખેડૂતો આંદોલન જારી રાખી શકે છે. ચીફ જસ્ટિસ એસ. એ. બોબડેએ જણાવ્યું હતું કે, અમે આંદોલન કરી રહેલા ખેડૂત સંગઠનો સહિતના તમામ પક્ષકારોની રજૂઆતો સાંભળ્યા પછી પેનલની રચના માટે આદેશ આપીશું.

વધુ અહેવાલ પેજ નં.
૧૮ પર





















# કેનેડામાં કોરોનાનો કેર, ૪૭૬૩ નવા કેસ, ૬૬ના મોત

**સૌથી વધુ ઓન્ટેરિયોમાં ૨૪૩૨ કેસ અને ૨૩ દર્દીના મોત નોંધાયા : દેશમાં ૬૭૬ દર્દીઓની હાલત નાજૂક**




ઓન્ટેરિયો : કેનેડામાં કોરોના વાયરસ ફરી કેર વર્તાવી રહ્યો હોય તેમ ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં ૪૭૬૩ નવા કેસ નોંધાયા હતા. આ સાથે જ ૬૬ દર્દીએ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. જયારે દેશના શહેરોમાં આવેલી વિવિધ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા ૬૭૬ દર્દીઓની હાલત અત્યંત નાજૂક બની છે.

મળતી વિગતો મુજબ ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં ઓન્ટેરિયોમાં કોરોનાના ૨૪૩૨ કેસ નોંધાવા સાથે ૨૩ લોકોના મોત થયા હતા. ક્યૂબેકમાં કોરોના વાયરસથી ૧૮૫૫ નવા કેસ નોંધવા ઉપરાંત અહીં ૨૨ દર્દીઓએ દમ તોડ્યો હતો. જયારે નોવા સ્કોસિયામાં નવા ૬ દર્દી મળ્યા હતા. મોનીટોબામાં નવા ૨૨૧ નાગરિકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો. અહીં ૧૪ દર્દીના કોરોનાને કારણે મોત થયા હતા. આ ઉપરાંત સાસ્કેચવાનમાં ૨૩૮ નાગરિકો કોરોનાની ચપેટમાં આવ્યા હોવાની પૃષ્ટિ તબીબી પરિક્ષણમાં થઈ હતી. સાસ્કેચવાનમાં કોરોનાને કારણે ૭ દર્દીના મોત થયા હતા. સુત્રોના જણાવ્યા મુજબ કેનેડામાં ગુરુવારે સાંજની સ્થિતિએ ૭૬૫૪૮ કોરોના વાયરસના એક્ટિવ કેસ રહ્યા હતા. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે થયેલા મત્યુની સંખ્યા ૧૩૮૬૫ થઈ હતી. જયારે કુલ કેસની સંખ્યા ૪૮૬૩૯૩ ઉપર પહોંચી ગઈ હતી.

## ફાઈઝર-બાયોએનટેકની રસીનો પહેલો ડોઝ કયૂબેક સીટીમાં અપાયો




**હેલ્થ કેર વર્કર્સે તાળીઓના ગડગડાટ સાથે ક્ષણને વધાવી, ટોરોન્ટો અને ઓટાવામાં હવે રસીના ડોઝ અપાશે**

ક્યૂબેક : કેનેડામાં કોવિડ -૧૯ના વેકસીનેશનનો આરંભ સોમવારથી થયો હતો. ટોરોન્ટોના કયુબેક સીટીના લોંગ ટર્મ કેર હોમમાં રહેનારા એક વ્યકિત અને એમની મદદમાં રહેનારને વેકસીનનો પહેલો ડોઝ આપવામાં આવ્યો હતો. ટોરોન્ટોના રેકાઈ સેન્ટરમાં પર્સનલ સપોર્ટ તરીકે રહેનારી અનિતા કિવડેન્જેન કેનેડામાં ફાઈઝર-બાયોએનટેકની વેકસીનનો પહેલો ડોઝ લેનારી વ્યકિત બની હતી. તે સમયે ઉપસ્થિત લોકોએ એ ઘડીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. કોરોના સામેની લડાઈનો આ મહત્વનો તબક્કો છે. જયારે કેનેડામાં ૪૬૮૦૦થી વધુ લોકોને ચેપ લાગ્યો હોય અને ૧૩૫૦૦ના મૃત્યુ આ રોગને કારણે થયા હોય.

કિવડેન્જેન એવા પાંચ ફ્રન્ટલાઈન હેલ્થ પ્રોફેશનલ્સ પૈકી એક છે જેમને થોડા અઠવાડિયાના અંતરે બે ડોઝ આપવામાં આવશે. આ વેકસીનેશન યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક ખાતે કરવામાં આવ્યું હતું. જયાંથી શહેરભરની હોસ્પિટલોની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. જો કે, એ પહેલી હેલ્થ વર્કર છે જેને વેકસીન અપાઈ હોય. પરંતુ કયુબેક સીટીના લોંગ ટર્મ કેર હોમમાં રહેનારા ૮૯ વર્ષીય જિસેલે લેવેસ્કયુને વેકસીનનો પહેલો ડોઝ થોડી મિનીટો પહેલા જ અપાયો હોવાનું ઓન્ટેરીયો સરકારે જાહેર કર્યું હતું. તેને વેકસીન અપાઈ ત્યારે ઉપસ્થિત હેલ્થ કેર વર્કર્સે તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. ઓન્ટેરિયોના વેકસીન ટાસ્કફોર્સના નેતા નિવૃત્ત જનરલ રીક હીલીયરે કહ્યું હતું કે વેકસીનેશનનો દોર અત્યારે તો મર્યાદિત જ રહેશે. પરંતુ શરૂઆતથી જેઓ ફ્રન્ટલાઈન વોરીયર તરીકે સેવા આપી રહ્યા છે. એમના માટે એ મહત્વની બની રહેશે. તેમણે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આજનો દિવસ વિજયદીન છે. આ અભિયાન આગળ વધતું જશે અને કોરોના સામેના જંગમાં આપણી સ્થિતિ વધુ મજબૂત બનશે. કયુબેક બાદ હવે ઓન્ટેરિયોમાં પહેલો ડોઝ ટોરોન્ટો અને ઓટાવાની હોસ્પિટલોમાં અપાશે.

## વેક્સિન ઈચ્છૂકોને સપ્ટેમ્બર સુધીમાં લાભ અપાશે, સરકાર દ્વારા ૭ કંપની સાથે કરાર

- **પુરતા પ્રમાણમાં વેકસીનના ડોઝ મળી જવાની ખાતરી મળતા આરોગ્ય ખાતાની જાહેરાત**

ઓન્ટેરિયો : પબ્લિક હેલ્થ એજન્સી ઓફ કેનેડાએ જાહેર કર્યુ છે કે, કેનેડાને વેકસીનના પુરતા ડોઝ મળે એવી અપેક્ષા છે અને જે કેનેડીયન્સ વેકસીન લેવા માંગતા હોય એ તમામને ૨૦૨૧ના સપ્ટેમ્બર સુધીમાં વેકસીન અપાઈ શકશે.

વેકસીનેશનની સમય મર્યાદા વિશેના ગુંચવાડાને દૂર કરવા વિભાગે આ જાહેરાત કરી હતી. કેમ કે, ગયા બુધવારે વેકસીનેશન વિશે જે સમાચારો વહેતા થયા હતા એમાં વેકસીનેશન વર્ષ ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થશે એમ જણાવાયું હતું. જયારે અન્ય અહેવાલોમાં એ સમય મર્યાદા સપ્ટેમ્બરની હતી. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ પણ પોતાના વકતવ્યમાં સપ્ટેમ્બર માસનો ઉલ્લેખ કર્યો હતો. કેનેડાના ડેપ્યુટી ચીફ પબ્લિક હેલ્થ ઓફિસર ડો. હોવાર્ડ એનજુએ પોતાના અંદાજ મુજબ આ વેકસીનેશન માટે ૨૦૨૧ના અંત સુધીની સમય મર્યાદા જાહેર કરી હતી. જો કે આ બધી બાબતનો આધાર વેકસીનનો જથ્થો કેનેડા કઈ રીતે પહોંચે એના પર હોવાથી હવે જયારે પુરતા પ્રમાણમાં વેકસીનના ડોઝ કેનેડાને મળવાની ખાતરી થઈ છે ત્યારે કેનેડાના જાહેર આરોગ્ય વિભાગે સપ્ટેમ્બરની સમય મર્યાદાને માન્ય રાખી છે.

એજન્સીના પ્રવકતાએ જણાવ્યું હતું કે, આવનારા વર્ષના ત્રીજા કવાર્ટરના અંત સુધીમાં પુરતા પ્રમાણમાં વેકસીનના ડોઝ મળી જવાના હોવાથી સપ્ટેમ્બરના અંત સુધીમાં કેનેડામાં કોવિડ -૧૯ વેકસીનેશન પૂર્ણ થઈ શકશે. કેનેડાએ સાત જુદી જુદી ફાર્મા કંપનીઓ પાસેથી વેકસીનના કુલ ૪૧૮ મિલીયન ડોઝ ખરીદવાના કરાર કર્યા છે. કેટલીક વેકસીન માટે ઈન્સ્યુરન્સ પોલીસી પણ લેવાશે. કેમ કે, અત્યારે પ્રયોગ હેઠળ હોવાથી એની અસરકારકતા નક્કી થઈ નથી. વળી, કેટલાક સપ્લાયરો વેકસીનના ડોઝ વિકાસશીલ દેશોને પહેલા આપશે. છતાં ફાઈઝર, મોડેર્ના, મેડીકાગો, એસ્ટ્રાઝેનેકા, જોન્સન એન્ડ જોન્સન, નોવાવેકસ અને સાનોફી-ગ્લેક્ષો સ્મિથકિલન જેવી સાત કંપનીઓ સાથે ખરીદીના કરાર થઈ ચુકયા છે. સમયસર ડીલીવરી મળી જશે તો નિર્ધારિત સમયમાં વેકસીનેશન અભિયાન પુરૂં થઈ શકશે એમ પણ પ્રવકતાએ જણાવ્યું હતું.

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Start Education Saving Plan for your kid's education
Get up to $7200 Grant (CESG) * Get up to $2000 Grant CLB
Get up to 15% Extra Bonus on your contribution *(Condition Apply)
Start Retirement Saving Plan & Get the benefit of
* Tax Deduction * Tax Free Growth
* Retirement Income * Spousal RRSP
* First home buyers plan * Education costs for you/your spouse
Life Insurance
Critical Illness Insurance
Disability Insurance
Visitors Insurance
Travel Insurance
Super Visa Insurance
Call today for a free no obligation quote
Jagdish Patel (President, insurance Advisor) 647-470-1673 northstar.inc19@gmail.com
Jagruti Patel (Insurance Advisor) 647-831-7045 advisorjpatel@gmail.com
Hiring new & experienced insurance advisor
• Better Commission package • Weekly product training
• One on one basis support • Full flexibility

Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.



જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# અમેરિકન સ્પેસ મિશન ૨૦૨૩માં કેનેડીયન અંતરિક્ષયાત્રીઓ જોડાશે

ઓટાવા : કેનેડાની ફેડરલ સરકારે અમેરિકા સાથે એક કરાર પર કરેલા હસ્તાક્ષરને પગલેર હવે કેનેડીયન અંતરીક્ષયાત્રીઓ ચંદ્રની સપાટી નજીકના સ્પેસ મિશનમાં જોડાઈ શકશે. બુધવારે થયેલા આ કરારની જાહેરાત ઈન્ડસ્ટ્રી મિનીસ્ટર નવદીપ બૈન્સે કરી હતી. જે મુજબ હવે કેનેડા પણ અમેરિકાના સ્પેસ મિશનમાં સહભાગી થઈ શકશે. અમેરિકાની આગેવાની હેઠળ નવું સ્પેસ સ્ટેશન ચંદ્રની આસપાસ સ્થાપવા માંગે છે. આ મિશનને લુનાર ગેટવે નામ આપવામાં આવ્યું છે.

**ચંદ્રની ભ્રમણકક્ષામાં સમાનવ યાન મોકલવાનો બીજા પ્રયાસ કરાશે, સમગ્ર પ્રોજેક્ટમાં કેનેડા રોબોટીક આર્મનું પ્રદાન કરશે**

વર્ષ ૨૦૨૩માં આ મિશન અંતર્ગત ચંદ્રની નજીકથી પસાર થવા માટે અમેરિકાના અવકાશયાત્રીઓની સાથે કેનેડીયન અંતરીક્ષયાત્રીઓ પણ જોડાશે. જેમાં જમી હેન્સન, ડેવિડ સેન્ટ જેકસ, જોશુઆ કુર્ટકી અને જેની સીડે-ગ્રિબોન્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૩માં લોન્ચ થનારા આ પ્રોજેકટનું નામ આર્ટેમિસ -૨ રાખવામાં આવ્યું છે. જે ચંદ્રની ભ્રમણકક્ષામાં સમાનવ યાન મોકલવાનો છેલ્લા પચાસ વર્ષનો બીજો પ્રયાસ હશે અને એમાં બીજા દેશ તરીકે કેનેડા એમાં જોડાઈ રહ્યો છે.

જે અમેરિકા બાદનો બીજો દેશ બનશે. નવા કરાર મુજબ કેનેડા લુનાર ગેટવેના પ્રોજેકટમાં રોબોટીક આર્મનું પ્રદાન કરશે. જે ચંદ્રની ભ્રમણકક્ષામાં રહેનારૂં સ્પેસ સ્ટેશન હશે અને ભવિષ્યમાં મંગળ અભિયાન માટે પણ કેનેડા સહયોગ આપે એવી સંભાવના છે. કેનેડાની સરકારે નવા કેનેડાઆર્મ -૩ના વિકાસ માટે ૨૨.૮ મિલીયન યુએસ ડોલરની ફાળવણી કરી છે. જો કે, બૈન્સે આ પ્રોજેકટમાં કેનેડા કેટલો આર્થિક સહયોગ આપશે એની સ્પષ્ટતા કરી નથી.

# ઈન્ટરનેશનલ સ્ટુડન્ટસ માટે સેઈફ એન્ડ સ્ટેબલ દેશમાં કેનેડાને સ્થાન

ટોરોન્ટો : વિશ્વભરમાં ફેલાયેલા કોરોના મહામારીના દોર વચ્ચે એની સામેની કામગીરીનો જે સરવે બે જુદી જુદી એજન્સીઓએ હાથ ધર્યો હતો, એમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટસ માટે સૌથી સલામત અને સ્થિર દેશોની યાદીમાં કેનેડાનો સમાવેશ ટોચના દેશોમાં કરાયો છે. આ સરવે નેવિટાસ ઈન્સાઈટે હાથ ધર્યો હતો.

પહેલો સરવે મે -૨૦૨૦માં કરવામાં આવ્યો હતો. જેમાં જાણવા મળ્યું હતું કે, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાથી કેનેડા સલામતી અને સ્થિરતા બાબતે આગળ છે. ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૦માં નેવિટાસે ફરીથી સરવે કર્યો ત્યારે કેનેડાની સ્થિતિ વધુ મજબૂત જણાઈ હતી. હવે એની સ્પર્ધા યુકે સાથે છે. કેનેડામાં અભ્યાસ કરવાનું નક્કી કરનારા માટે સૌથી પહેલા તો ડેઝિગ્નેટેડ લર્નિંગ ઈન્સ્ટીટયુશન પસંદ કરવાનું હોય છે. પછી તમે કયા વિષયનો અભ્યાસ કરવા માંગો છો એ પસંદ કરો. ત્યારબાદ આઈઆરસીસીમાં એપ્લીકેશન કરી સ્ટડી પરમિટ મેળવો. જો તમે ઈચ્છો તો તમારી એપ્લીકેશનમાં તમે તમારા પરિવારના સભ્યોનો પણ સમાવેશ કરીને એમના માટે ઓપન કેટેગરીમાં વર્ક પરમિટ માંગી શકો છો.






# મહામારીથી રિયલ એસ્ટેટની મુશ્કેલી વધવાના અણસાર

**લો રાઈઝ મકાનોના ભાવોમાં વધારો થવાની સંભાવના, ભાડાઓમાં પણ કોરોનાની અસર લાંબો સમય રહેશે**

ટોરોન્ટો : કેનેડિયનો માટે આવનારા દિવસો હાઉસિંગ માર્કેટની મુશ્કેલીઓ વધવાના સમાચાર આવી શકે છે. જેની પાછળ કોવિડ-૧૯ના કેસોમાં નવેસરથી થઈ રહેલો વધારો કારણરૂપ હશે. માર્કેટની અનિશ્ચિતતાની ગુંચવણ કોવિડ-૧૯ને કારણે જ સર્જાઈ છે. જેને કારણે વર્ષ ૨૦૨૧માં રીયલ એસ્ટેટના ભાવોમાં વધારો જોવા મળી શકે છે. મંગળવારે કેનેડિયન રીયલ એસ્ટેટ એસોસિયેશને એવી અપેક્ષા વ્યકત કરી હતી કે, આવનારા સમયમાં ટૂંકાગાળા માટે હાઈરાઈઝ કોન્ડોના ભાવમાં ઘટાડો જોવા મળી શકે છે. જયારે લો રાઈઝ મકાનોના ભાવોમાં વધારો થઈ શકે છે. જો કે, લાંબા ગાળાના રોકાણ પર એની કેવી અસર થશે એ નિશ્ચિત નથી. ભાડે અપાનારા મકાનોના ભાડામાં કેટલો વધારો થઈ શકે એને માટે કરાયેલા અનૌપચારિક સર્વેક્ષણમાં જાણવા મળે છે કે, કોરોનાની અસર લાંબો સમય સુધી રહેશે.




જો કે, વ્યાજદરોમાં મોટો ઘટાડો થયો હોવા છતાં એવી પ્રોપટીમાં રોકાણ કરનારાઓ માત્ર લો રાઈઝ મકાનોમાં જ રસ લેશે. રહેઠાણ માટેના મકાનની વાત આવે ત્યારે સામાન્ય માણસોની મુશ્કેલી વધતી જણાશે. કેમ કે, તેઓ તો પોતાના રહેવા માટે મકાન ખરીદતા હોય છે એ કોઈ રોકાણ તરીકે પૈસા નથી ખર્ચતા, એટલે એવા ખરીદારો માટેની મુશ્કેલીઓ આવનારા વર્ષમાં વધતી જણાય છે.

જયારે એના બ્લેકવેલ અને એના પતિએ બે બેડરૂમનું કોન્ડો વર્ષ ૨૦૧૬માં ખરીદ્યું હતું. ત્યારે એમને મકાન માલિક બનવાનો ખ્યાલ પણ નહોતો. પરંતુ બંને પૈકી એકની બદલી પોર્ટલેન્ડ થઈ ત્યારે એમણે પોતાનું મકાન ભાડે આપવાનો નિર્ણય લીધો હતો. ત્યાં સુધી બધુ બરાબર હતું. પરંતુ સપ્ટેમ્બરમાં તેમના ભાડુઆતે નોટીસ આપી અને નવેમ્બરમાં ઘર ખાલી કરી દીધું હતુ. હવે ભાડાની આવક સાવ ઘટી જવાની નોબત આવી ત્યારે એમને આંચકો લાગ્યો છે. એક સમયે જે પ્રોપટી એમને મહિને ૩૧૫૦ યુએસ ડોલર કમાવી આપતી હતી. હવે એના માત્ર ૨૬૦૦ યુએસ ડોલર જ મળી શકશે.

મકાનોના ભાડા ઘટે એ ભાડુઆતો માટે સારા સમાચાર ગણાય, પણ મકાન માલિક માટે તો એ ખરાબ સમાચાર જ બની રહે છે. ચાર વર્ષ પહેલા બ્લેકવેલે જયારે મકાન ખરીદ્યું હતું ત્યારે ભાવો વધી રહ્યા હતા. હવે ભાવ પણ ઘટી રહ્યા છે. સાથે જ ભાડાની આવક પણ ઘટી રહી છે. આ સ્થિતિ આવનારા એપ્રિલ સુધી તો રહેશે એવી સંભાવના છે.

# કોવિડ -૧૯ને કારણે કેનેડા પોસ્ટ વિભાગે ડીલીવરી કરવાની ડેડલાઈન લંબાવી દીધી

ઓન્ટેરિયો : જે કેનેડિયનો ગીફટના પાર્સલ મોકલવા માંગતા હોય તેમણે હવે ઝડપ કાર્યવાહી કરવી પડશે. કેમ કે, કેનેડાના પોસ્ટ વિભાગે પાર્સલ ડીલીવરીની ડેડલાઈન કોવિડ-૧૯ને કારણે રજાની ડીમાન્ડ વધતા લંબાવી દીધી છે. તેમણે જુદી જુદી સેવાઓ માટેની ડેડલાઈન નક્કી કરી છે. ટપાલની સ્થાનિક ડીલીવરીની ડેડલાઈનમાં કોઈ ફેરફાર નથી. લોકલ બોકસ ડીલીવરી માટેની રીજિયોનલ ડેડલાઈન શુક્રવાર છે જે પ્રયોરીટી માટેની છે. એકસપ્રેસ પોસ્ટ માટેની ડેડલાઈન પણ શુક્રવાર છે. ફલેટ રેટ બોકસ અને રેગ્યુલર પાર્સલ સર્વિસ માટેની ડેડલાઈન બુધવારથી શુક્રવાર છે. જયારે એકસપ્રેસ પોસ્ટ માટે ગુરૂવાર અને સોમથી બુધ સુધી રેગ્યુલર સર્વિસ માટેની ડેડલાઈન છે. પ્રાયોરીટી માટેની નેશનલ ડેડલાઈન શુક્રવાર છે અને એકસપ્રેસપોસ્ટ માટે

**પોસ્ટ વિભાગમાં કર્મચારીઓ દ્વારા મહામારીને કારણે રજાની માંગ વધી**

ગુરૂવાર અને રેગ્યુલર સર્વિસ માટે મંગળવારની ડેડલાઈન છે. જો કે ડીલીવરીની ડેડલાઈનનો આધાર ડીલીવરીના સ્થળ ઉપર રહે છે. ગત અઠવાડિયે કેનેડા પોસ્ટે વિક્રમ સર્જક એવી ૧.૧ મિલીયન પાર્સલની ડીલીવરી કરી હતી. લોકો જયારે પોતાના માટે અને ગિફટ આપવા માટે ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે, ત્યારે અમને પણ પોસ્ટથી ગિફટ મોકલવા આવનારાઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે, લોકો વિકેન્ડમાં ડીલીવરીનો વધુ આગ્રહ રાખતા હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું. જેને કારણે કેનેડા પોસ્ટે ૪૦૦૦ સિઝનલ એમ્પ્લોઈઝ અને પાર્સલ માટેના વધારાના ૧૦૦૦ વાહનો ઉમેરવા પડયા છે. કોવિડ -૧૯ પછીના સંજોગોમાં પણ સમયસર ડીલીવરીની ગેરન્ટી મુલતવી રખાઈ હતી, છતાં હવે ડેડલાઈન નક્કી કરીને લોકોને શકય એટલી ઝડપે ડીલીવરી આપી શકાય એવી ગોઠવણ વિભાગ કરી રહ્યો છે.

# રેવન્યુ એજન્સી દ્વારા હોમ-ઓફિસ એકસપેન્સ ડીડકશનની જાહેરાત

- ઘરેથી કામ કરનારા કર્મચારી રોજના બે યુએસ ડોલર પ્રમાણે કલેઈમ કરી શકશે

ઓટાવા : હોમ ઓફિસ એકસપેન્સના કલેમ વધતા જતાં હોવાથી કેનેડા રેવન્યુ એજન્સી તરફથી ઈન્કમટેક્ષમાં હોમ ઓફિસ એકસપેન્સના ડીડકશન માટે દૈનિક બે યુએસ ડોલરનો ફલેટ રેટ જાહેર કરવામાં આવ્યો છે.

આ અંગેની જાહેરાત બુધવારે વિભાગ તરફથી કરવામાં આવી હતી. આ નવો રેટ કામચલાઉ ધોરણે લાગુ કરાશે. કેમ કે, ઘણા લોકોએ આ સમયગાળામાં વર્ક ફ્રોમ હોમ કરવુ પડયું હોવાથી એમને ઈન્કમટેક્ષમાં ડીડકશનની વધારાની રાહતો આપવી જરૂરી બની હતી.

ગયા મહિને કરાયેલી જાહેરાત મુજબ વર્ષના માત્ર ૪૦૦ યુએસ ડોલરનું જ ડીડકશન મળવાપાત્ર હતું જે ઓછું લાગતું હતું. નવી જાહેરાત મુજબ કર્મચારીઓ પોતે પણ હોમ ઓફિસ એકસપેન્સનો કલેમ કરી શકશે અથવા તો નોકરીદાતા પેઢી આ કલેમ કરી શકે. જો કે, હવે નવા ફલેટ રેટ મુજબ ઘરેથી કામ કરનારા કર્મચારીઓને રોજના બે યુએસ ડોલરના દરે હોમ ઓફિસ એકસપેન્સનું ડીડકશન મળવાપાત્ર બન્યું છે. નિષ્ણાંતો પણ સીઆરએના આ પગલાને અને ગણતરીને યોગ્ય માની રહ્યા છે.

# ખેડૂત આંદોલન : સુપ્રીમના આકરા વલણથી મોદી સરકારની ઉંઘ હરામ

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક સ્વદેશ

૨૦ દિવસથી દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલને મોદી સરકારની ઉંઘ હરામ કરી નાંખી છે. સરકાર આ બિલને પરત લેવા માંગતી નથી તો સામેપક્ષે દિલ્હીમાં અડીંગો જમાવીને બેઠેલા હજારો ખેડૂતો આક્રમકતા સાથે આંદોલનને આગળ ધપાવી રહ્યા છે. વળી, તેના પડઘા હવે દેશના અન્ય રાજ્યોમાં પણ પડવા માંડ્યા છે. સરકારની કડકાઈ છતાં ખૂણેખૂણેથી ખેડૂતો આ આંદોલનમાં જોડાઈ રહ્યા છે. ઠેર ઠેર આવેદનપત્રો આપવાના દોર પણ ચાલ્યા છે. સરકાર આ આંદોલનને થાળે પાડવા તો ઈચ્છે છે પરંતુ તેની પાસે એવી કોઈ ફોર્મ્યુલા નથી કે ખેડૂતો રાજી થાય.

આવા સમયે દિલ્હીમાં ધામા નાખીને પડેલા ખેડૂતોને હટાવવાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. ખેડૂત આંદોલન મુદ્દે સુપ્રીમ કોર્ટમાં ઢગલો અરજીઓ થઈ છે. તેમાંથી એક અરજદારે આજીજી કરી છે કે, ખેડૂતો મોટી સંખ્યામાં ખડકાયેલા હોવાથી કોરોના વાઈરસ ફેલાવાનો ખતરો છે. તેથી ખેડૂતોને તાત્કાલિક ઘરભેગા કરીને દિલ્હીની સરહદને આસપાસ ખાલી કરાવી દો. બીજી એક અરજીમાં ખેડૂતો પર થયેલા અત્યાચારોની માનવાધિકાર પંચ દ્વારા તપાસ કરાવવાની માગ થયેલી છે. એક અરજીમાં ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી અપાય અને જંતર મંતર ખાતે દેખાવો કરવાની મંજૂરી અપાય એ માટે મોદી સરકારને આદેશ અપાય એવી વિનંતી પણ કરાઈ છે. સુપ્રીમ કોર્ટે સોમવારે આ અરજીઓની સુનાવણી હાથ ધરીને કેન્દ્ર સરકાર તથા દરેક અરજીમાં લાગતાવળગતાઓને નોટિસો ફટકારીને મુદત પાડી દીધી હતી. જે બાદ બુધ અને ગુરુવારે ફરી સુનાવણી થઈ તો કોર્ટે સ્પષ્ટ રીતે કહી દીધું કે, સરકારે આ વિવાદને ઉકેલવા ખાસ રસ લેવો જોઈએ. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટીસે કહ્યું કે, ખેડૂતોને પ્રદર્શન કરવાનો હક છે. પરંતુ કેવી રીતે થાય તેની પર ચર્ચા થઈ શકે છે. અમે પ્રદર્શનના અધિકારમાં કાપ ન મૂકી શકીએ.

કોર્ટે સ્પષ્ટ રીતે કહ્યું હતુ કે, લોકશાહીમાં દરેક નાગરિકને સરકારના કોઈ નિર્ણયનો વિરોધ કરવાનો અધિકાર છે. સરકાર તેને છીનવી શકે નહીં. ચાર દિવસ પહેલાં જ સુપ્રીમ કોર્ટે ખેડૂતોની સમસ્યા ઉકેલવા માટે મધ્યસ્થી કરવા માટે તત્પરતા બતાવી હતી. ચીફ જસ્ટિસ શરદ બોબડેના વડપણ હેઠળની બેંચે સંકેત આપ્યો હતો કે, ખેડૂતોના આંદોલનનો નિવેડો આવે એ માટે સુપ્રીમ કોર્ટ એક કમિટી બનાવી શકે છે. આ કમિટીમાં ખેડૂતો અને સરકાર બંનેના પ્રતિનિધિ હશે. ખેડૂતોને વાંધાજનક લાગતી બાબતો અંગે સમાધાન શોધવા માટે આ કમિટી પ્રયત્ન કરશે. સુપ્રીમ કોર્ટે એવી ટિપ્પણી પણ કરી છે કે, ખેડૂતો જે રીતે આંદોલન કરી રહ્યા છે એ જોતાં આ બહુ જલદી રાષ્ટ્રીય મુદ્દો બની જશે. કેન્દ્ર સરકારે ઉકેલ શોધવા માટે જે પ્રયાસો કર્યા છે તેનું કંઈ પરિણામ આવ્યું નથી. સુપ્રીમ કોર્ટની ટિપ્પણીએ આડકતરી રીતે મોદી સરકારની ઝાટકણી કાઢી છે. ખેડૂતોનું આંદોલન ત્રણ મહિનાથી ચાલે છે અને તેમની દિલ્હી કૂચને પણ વીસેક દિવસ થવા આવ્યા છતાં મોદી સરકારે ઉકેલ લાવવા માટે કશું કર્યુ નથી. આથી સુપ્રીમ કોર્ટે જ કંઈક કરવું પડશે એવો સુપ્રીમ કોર્ટનો સૂર છે. મોદી સરકાર પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ એ ત્રણ રાજ્યોને કૃષિ કાયદાના અમલમાંથી મુક્તિ આપી શકે છે. મતલબ કે, દેશનાં બાકીનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મોદી સરકારે બનાવેલા ત્રણેય કૃષિ કાયદાનો અમલ કરાશે પણ પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ એ ત્રણ રાજ્યોમાં નહીં કરાય. કૃષિ કાયદા સામે સૌથી વધારે કકળાટ પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ એ ત્રણ રાજ્યોમાં છે. દિલ્હીમાં ખડકાયેલા ખેડૂતોમાંથી મોટાભાગના ખેડૂતો આ ત્રણ રાજ્યોના છે. ખેડૂતોનું કહેવું છે કે, મોદી સરકારે લેખિતમાં જે દરખાસ્ત મોકલેલી તેમાં કશું નવું નથી. સરકારના આ વલણ બાદ કેટલાક ખેડૂત આગેવાનોએ તો કૃષિ કાયદાની નાબૂદી સિવાય કશું ના ખપે એવો હુંકાર પણ કરી નાખ્યો હતો. મોદી સરકાર પાસે અત્યારે ચાર વિકલ્પ છે. પહેલો વિકલ્પ ખેડૂતો રાજી થાય એવી નવી દરખાસ્ત લઈને આવવાનો છે. ખેડૂતોએ જે પણ વાંધા ઉઠાવ્યા તેનું સમાધાન થાય એ પ્રકારના સુધારા કૃષિ કાયદામાં કરવા સાથેની દરખાસ્ત લઈને મોદી સરકાર ફરી ખેડૂતો સાથે મંત્રણા શરૂ કરી શકે છે. આ દરખાસ્ત ખેડૂતો માન્ય રાખે કે ના રાખે તેની ગેરંટી નથી. બીજો રસ્તો ખેડૂતોની વાત માની લઈને કૃષિ કાયદા પાછા ખેંચી લેવાનો છે. મોદી સરકાર સંસદનું ખાસ સત્ર બોલાવે અને તેમાં ત્રણેય કૃષિ કાયદા પાછા ખેંચી લેવાય એટલે આખો વિવાદ જ ખતમથઈ જાય.મોદી સરકાર માટે ત્રીજો વિકલ્પ ખેડૂતોને જે કરવું હોય એ કરે એને જે ભડાકા કરવા હોય એ કરી લે, પણ કૃષિ કાયદા તો પાછા નહીં જ ખેંચાય એવું અક્કડ વલણ લેવાનો છે. ખેડૂતો સાથેની મંત્રણા પણ અભરાઈ પર ચડાવી દેવાની અને તેમને શાંતિથી આંદોલન કરવા દેવાનું. એ લોકો સુધી શાંતિથી લડત ચલાવે ત્યાં સુધી ધરણાં કે જે કંઈ કરવું હોય એ કરવા દેવુ. જો કે, આ ખેલમાં આંદોલન દેશવ્યાપી બની જાય તેનો પણ ખતરો છે. આમ પણ આ આંદોલનના પડઘા કેનેડા, અમેરિકા સુધી પડી ચૂક્યા છે. દુનિયા કેટલાય દેશોએ ભારતના આંદોલન અંગે ટીપ્પણી કરતા કહ્યું છે કે, શાંતિપૂર્વક થતાં કોઈપણ વિરોધ પ્રદર્શનને લોકશાહીમાં સ્થાન હોવું જોઈએ. હવે ખેડૂત આંદોલન લાંબુ ચાલે તો મોદી સરકારે વિશ્વમાં બનાવેલી ઈમેજ ખરડાઈ તેનો ભય છે. સાથે સાથે દેશના કેટલાક રાજયમાં તેની છાપ ખેડૂત વિરોધી ઉભી થાય તો વિપક્ષ તેનો લાભ ઉઠાવે તેમ છે. આવા સંજોગોમાં સરકાર પાસે શ્રેષ્ઠ ઉપાય એ છે કે, કાયદાનો અમલ મોકૂફ રખાય પછી તાત્કાલિક ખેડૂતોને મંત્રણાના ટેબલ પર બેસાડાય અને બંને પક્ષ સામસામે બેસીને કાયદામાં જે પણ નડતું હોય તેનો નિકાલ લાવે. આ માટે મોદી સરકારે પણ થોડું જતું કરવું પડે અને ખેડૂતોએ પણ થોડું જતું કરવું પડે. કૃષિ કાયદામાં ઘણી બાબતો ખરાબ છે અને ખેડૂતોનાં હિતોને જોખમમાં મૂકનારી છે. પણ ઘણી બાબતો સારી પણ છે. આ સંજોગોમાં આખો કાયદો રદ કરવો યોગ્ય પણ નથી. મોદી સરકાર દેશની પ્રજાએ ચૂંટેલી સરકાર છે અને તેણે આ કાયદો બનાવ્યો છે. આ કાયદોમાં થોડી ખામી રહી ગઈ હશે તો સરકારે ખેડૂતોના વિરોધને જોતા વાતો કરવાને બદલે નકકર નિર્ણય લેવો જોઈએ. આ સાથે જ કિસાન આંદોલન અંગે લવારા કરતા રહેતા ભાજપના નેતાઓ પર પણ મોદી અને સંગઠને લગામ કસવી જોઈએ. કેટલાક સમયથી આંદોલન કરનારા ખેડૂતોને દેશદ્રોહી ચિતરવામાં ભાજપના જ કેટલાક નેતા ઉધામા કરી રહ્યા છે. તેને કારણે પાર્ટી અને સરકારની મનસા સામે સવાલો ઉઠવા માંડ્યા છે.

આ બધા સમીકરણો વચ્ચે હાલ મુખ્ય વિપક્ષ પાર્ટી ગણાતી કોંગ્રેસ તો ક્યાંક ખોવાઈ ગઈ છે. ખેડૂત આંદોલનને ટેકો આપ્યાની વાત કર્યા બાદ તેને સમર્થન આપતા કાર્યક્રમો કરવામાં પણ તે નિષ્ફળ ગઈ છે. કોંગ્રેસ સહિતના વિપક્ષો માટે આ ખેડૂત આંદોલન બહુ મોટી તક છે. પરંતુ આ લોકોને વાતોનાં વડાં કરવામાં જ રસ છે. કોંગ્રેસ સહિતના વિપક્ષો ખેડૂત આંદોલનને ટેકો આપી રહ્યા છે, પણ એ પૂરતું નથી. વિપક્ષોએ ખેડૂતોની સમસ્યાઓના ઉકેલ માટે પણ આગળ આવીને તેમનો વિશ્વાસ જીતવો જોઈએ. ટિપિકલ રાજકારણી સ્ટાઈલમાં નિવેદનબાજી કરીને કે મોદી સરકારને ગાળો આપીને એ કામ ના થાય. એ માટે તેમણે લોકો વચ્ચે જવું પડે, તેમની તકલીફોનો વાસ્તવિક ઉકેલ બતાવવો પડે.

મનોજ ગાંધી

manoj1968@yahoo.ca


RE/MAX REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED

JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com



BRAMPTON



25 Kensington Rd
$359,000
Huge, Bright And Spacious 1 Bedroom*** Wow! 772 Sq. Ft. As Per Mpac In Well-Kept Building!***((( Must See Tour)))*** Updated Kitchen & Washroom ***Enclosed Balcony, Presently Use As Office***Extra Large Bedroomw/Double Closet. Living & Dining Room Combined In An L Shape. Very Spacious!! Large En-Suite Locker *** Great Location ** Close To Parks, Shopping And Public Transit.

VAUGHAN



3700 Highway 7 Rd
$549,999
Location! Location! Location! Live In This Most Sorted Out Suite Located In The Heart Of Woodbridge. Just Steps From The Subway Station! Spectacular Views, High Ceilings, S/S Appliances, Modern Kitchen Cabinets. Close To All Amenities; Shops, Hwy 407, & Hwy 400, Canada's Wonderland, Vaughan Mills Mall & More!

BRAMPTON



208 Baronwood Crt
$559,000
Perfect Starter Home For First Time Buyers. Excellent Location Close To Schools, Shopping And Transit. Nature Lovers Love The Scenic Trails Along The Etobicoke Creek. Well Managed Complex With Low Maintenance Fees Which Cover, Cable, Building Insurance, Water, Exterior Maint. Of Building Such As Roofs, Windows And Grounds Keeping.

AJAX



61 Addley Cres
$849,000
Lovely Family Home In A Superb Location In The Heart Of Westney Heights. Close To 401, Go Transit And Shopping. This Immaculate 4+2 Bedroom & 4 Washrooms Features Hardwood Floors, Custom Kitchen With Granite Countertops, 2 Skylights, 2 Fire Places, 2 B/R Legal Basement On Final Approval Stage. Upgraded 200 Amps Electric Panel

Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1



ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

✔ Mice
✔ Rat
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ Wasps &
✔ Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

CPMA-ACGP
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

ક્રિસમસ સ્પેશિયલ ચાઈનીઝ ફૂડ મળશે

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Quarantine Special Package

$50 Per Day



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# રજામાં લોકડાઉનને મોટાભાગના કેનેડિયનોનો ટેકો

## સરવેમાં માત્ર ૨૯ ટકા લોકોએ જ લોકડાઉનના નિર્ણયનો વિરોધ કર્યોઃ ૫૧ ટકા લોકોએ કોવિડની મહામારીને દેશ માટે મોટો પડકાર ગણાવી

ઓટાવા : એક નવા સર્વેક્ષણમાં જોવા મળ્યું છે કે, કોવિડ -૧૯ સામેની જંગમાં જીતવા માટે સરકાર ક્રિસમસની રજાઓમાં બિનજરૂરી વ્યાપાર અને સેવાઓ પર જે લોકડાઉન લાવવા માંગે છે એને મોટાભાગના કેનેડીયનો ટેકો આપી રહ્યા છે. સર્વેક્ષણમાં ભાગ લેનારાઓ પૈકીના ૬૫ ટકા લોકો લોકડાઉનને સમર્થન આપી રહ્યા છે. એસોસિયેશન ફોર કેનેડીયન સ્ટડીઝ અને લેજર દ્વારા હાથ ધરાયેલા આ સર્વેક્ષણમાં માત્ર ૨૯ ટકા લોકોએ જ ક્રિસમસ અને નવા વર્ષની રજાઓ દરમિયાનના લોકડાઉનનો વિરોધ કર્યો હતો. લેજરના એકિઝકયુટીવ વાઈસ પ્રેસીડેન્ટ ક્રિસ્ટીયન બોરોકેએ લોકો તરફથી મળી રહેલા સમર્થન પ્રત્યે આશ્ચર્ય વ્યકત કર્યુ હતુ. તેમણે કહ્યું હતું કે, આ સર્વેક્ષણ હાથ ધર્યું ત્યારે એને બંને પક્ષો તરફથી પચાસ પચાસ ટકા પ્રતિભાવની અપેક્ષા હતી. કેમકે કેનેડીયનો ક્રિસમસ ઉજવવા હંમેશા ઉત્સુક રહેતા હોય છે.

પરંતુ સર્વેક્ષણમાં ૫૧ ટકા લોકો આ મહામારીને દેશ માટે મોટો પડકાર માની રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. જયારે માત્ર ૧૦ ટકા માટે ભૂતકાળ વધુ ખરાબ હતો અને જયારે ૨૯ ટકા એમ માની રહ્યા હતા કે હજુ વધુ ખરાબ સમય આવી શકે છે. આ ઉપરાંત ૧૦ ટકાને કોઈ અંદાજ જ નહોતો. આ આંકડાઓ દેશના જુદા જુદા ભાગના જુદા જુદા વયજુથના લોકોના મત પર આધારીત છે. કેનેડાની જાહેર આરોગ્ય એજન્સીએ આ સર્વેક્ષણ નવી રીતે કરાવ્યું હતુ. કેનેડામાં અત્યાર સુધી ૫૭૫૦૦૦ કેસ નોંધાઈ ચુકયા છે અને ૧૫૦૦૦ જેટલા મૃત્યુ કોરોનાને કારણે થઈ ચુકયા છે. ત્યારે તહેવારોના દિવસોમાં વધુ સાવચેતી જરૂરી બની રહે છે.



### વેક્સિનેશન અંગે લોકોમાં હજી પણ ખચકાટ

લેજરના એકિઝકયુટીવ વાઈસ પ્રેસીડેન્ટ ક્રિસ્ટીયનબોરોકે કહ્યું હતું કે, કેનેડામાં કોવિડ –૧૯ની વેકસીન આવી ચુકી છે અને રસીકરણનું મોટુ અભિયાન શરૂ થઈ ચુકયું છે. આમ છતાં આપણે સાવચેતી રાખવી પડશે. રસીકરણ વિશેના પ્રશ્નના ઉત્તરમાં પણ ૬૬ ટકા લોકોએ તત્પરતા દર્શાવી હતી. ૧૬ ટકાની કોઈ યોજના નહોતી જયારે ૧૮ ટકાને કંઈ ખબર જ નહોતી. એ દર્શાવે છે કે, વેકસીન વિશે લોકોમાં હજુ થોડો ખંચકાટ છે.

"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance

We represent many insurance companies, we can shop around for best rates.



Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.

- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
www.adsgas.ca
416.988.5784
Email:adsgasservice@gmail.com
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS

MD MORTGAGE DILIGENT A STEP AHEAD FSRA # 10252

Purchase · Refinance · Renewal/Switch

5 Yrs Fixed @ 1.39%* High Ratio Only
5 Yrs Variable @ 1.35%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial. · Pranay Jani * · Nilesh Tailor * · Tushar Patel* · Bala Shah* · Vijay Rana*



Rajesh Khurana, MBA
Principal Broker

Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com
Cell : 416-616-1300

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President
* Some conditions apply

# ગુજરાતમાં કોરોનાના વધુ ૧૧૧૫ કેસ, ૮ના મોત

## એક અઠવાડિયાથી અમદાવાદમાં સરેરાશ ૨૫૦ કેસ નોંધાયા, રાજ્યમાં ૬૫ દર્દી વેન્ટિલેટર ઉપર રખાયા

**• અત્યાર સુધી ૮૮૮૯૯૬૫ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૧૫૫૨૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા**



ગાંધીનગર : રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૧૧૫ નવા કેસ નોંધાયા છે. સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ અમદાવાદની છે. અમદાવાદમાં કેસમાં ઘટાડો આવ્યો છે. ગુરુવારે શહેરમાં ૨૨૪ અને જિલ્લામાં ૦૮ કેસ નોંધાયા છે. રાજ્યમાં વધુ ૮ દર્દીનાં મોત થતા કોરોનાની કાતિલ રફતાર જોવા મળી છે. રાજ્યમાં અત્યારસુધીમાં કોવિડના કારણે કુલ ૨૩૨૧૮૮ દર્દીઓ સંક્રમિત થઈ ચુક્યા છે. આ સાથે જ અમદાવાદમાં કુલ કેસનો આંકડો ૫૫૦૦૦ને પાર થઈ ગયો છે. દરમિયાન રાજ્યમાં ૨૪ કલાકમાં સુરતમાં ૧૬૯, વડોદરામાં ૧૪૪, રાજકોટમાં ૧૨૯, બનાસકાંઠામાં ૧૮, ગાંધીનગરમાં ૪૯, ખેડામાં ૧૯, પંચમહાલમાં ૩૦, જામનગરમાં ૩૩, ભાવનગરમાં ૨૭, જૂનાગઢમાં ૨૩, આણંદમાં ૧૨, સાબરકાંઠામાં ૧૯, અમરેલીમાં ૭, નર્મદામાં ૯, કચ્છમાં ૨૩, કેસ નોંધાયા છે. જ્યારે સુરેન્દ્રનગરમાં ૧૯, દાહોદમાં ૧૯, મહીસાગરમાં ૧૧, મોરબીમાં ૧૦, ભરૂચમાં ૨૨, ગીરસોમનાથમાં ૧૦, પાટણમાં ૧૩, દેવભૂમિ દ્વારકામાં ૪, અરવલ્લીમાં ૫, નવસારીમાં ૨, તાપીમાં ૩, પોરબંદરમાં ૧, બોટાદમાં ૩, છોટાઉદેપુરમાં ૩ કુલ મળીને ૧૧૧૫ કેસ નોંધવામાં આવ્યા છે. રાજ્યમાં હજુ ૧૨૪૪૯ દર્દીઓ એક્ટિવ દર્દી તરીકે સારવાર લઈ રહ્યા છે. રાજ્યમાં ૬૫ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૧૨૩૮૪ દર્દીઓ સ્ટેબલ છે. અત્યારસુધીમાં કુલ ૨૧૫૫૨૮ દર્દીઓ સાજા થયા છે જ્યારે કુલ ૪૨૧૧ દર્દીઓનાં મૃત્યુ થયા છે. આજે રાજ્યમાં અમદાવાદમાં ૪, સુરતમાં ૩ અને બોટાદમાં એક મળીને કુલ ૮ દર્દીઓનાં મોત સરકારી ચોપડે નોંધાયા છે, જ્યારે ગુરુવારે રાજ્યમાં સૌથી વધુ દર્દી અમદાવાદ શહેરમાં ડિસ્ચાર્જ થયા હતા. રાજ્યનો રિકવરી રેટ ૯૨.૮૨ ટકાના દરે પહોંચ્યો છે.

# ૧.૫ લાખ પોલીસ, હોમગાર્ડને કોરોના વેક્સિન આપવા તૈયારી

અમદાવાદ : દેશ સહિત દુનિયાભરમાં ચાલી રહેલી કોરોનાની મહામારી સામે સફળ ફાઈઝરની વેક્સીન અમેરિકા અને યુ.કે જેવા દેશોમાં વપરાઈ રહી છે. ભારતમાં પણ દેશી કોરોના વેક્સીનના સારા પરિણામો સામે આવ્યા બાદ તેના ડોઝ લોકોને આપવામાં આવે તેવી ચર્ચા છે. જે માટે ગુજરાત સહિતના ઘણા રાજ્યોમાં સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી ચૂકી છે. રાજ્યમાં કોરોનાની વેક્સીન માટે પોલીસ દ્વારા સરકારને ૯૪૦૦૦ જેટલા પોલીસકર્મીઓ/અધિકારીઓ અને ૫૦,૦૦૦ જેટલા હોમ ગાર્ડ અને ટીઆરબી જવાનોનું લિસ્ટ મોકલાયું છે. ગુજરાત પોલીસના સીનિયર અધિકારીએ કહ્યું કે, તેમને ફ્રન્ટ લાઈન વોરિયર્સ તરીકે બીજા તબક્કામાં કોવિડ-૧૯ની વેક્સીન આપવામાં આવી શકે છે, જ્યારે ડોક્ટર્સ અને હેલ્થકેર વર્કર્સને સૌથી પહેલા. અધિકારી કહે છે, રસીકરણનો બીજો તબક્કો જાન્યુઆરી ૨૦૨૧ બાદ શરૂ થઈ શકે છે. સરકારમાં રહેલા સૂત્રોએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૪૫ પોલીસકર્મી/અધિકારીઓ અને હોમ/ટીઆરબી જવાનોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે, જ્યારે ૪૫૦૦ જેટલા વાયરસથી સંક્રમિત થઈ ચૂક્યા છે. તેમાંથી મોટાભાગના રિકવર થઈ ચૂક્યા છે અને ડ્યુટી પર પાછા આવી ચૂક્યા છે. જોકે વાઈરસના શરૂઆતના દિવસોમાં લોકડાઉન દરમિયાન ૫૫ વર્ષથી મોટી ઉંમરના પોલીસ અધિકારીઓ, હોમગાર્ડ અને ટીઆરબી જવાનોને બંદોબસ્તની ડ્યુટી પરથી દૂર કરાયા હતા અને પોલીસ સ્ટેશનમાં ડ્યુટી આપવામાં આવી હતી. પોલીસ મુજબ, અત્યાર સુધીમાં ૧૪૨૩ પોલીસકર્મીઓ અને અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યા છે, જેમાંથી ૧૪ના મોત થયા છે અને ૧૦૬૧થી વધારે રિકવર થઈ ગયા છે.






સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમદાવાદમાં કોરોના કાળમાં મેડિકલ સામગ્રી પાછળ ૫૦૦ કરોડ ખર્ચાયા

અમદાવાદ : એમસીએ ચાર દિવસ પહેલાં ખાનગી હોસ્પિટલોમાં સ્વ ખર્ચે સારવાર કરાવવા માગતા દર્દીઓની દૈનિક ખર્ચમાં રૂ.૯૦૦થી લઈ રૂ.૪,૩૫૦ સુધીનો ઘટાડો કર્યો હતો.

પાંચમા દિવસે અમદાવાદ મ્યુનિ.એ ૧૦૦ જેટલી ખાનગી હોસ્પિટલોમાં પોતાના ક્વોટાના બેડના દૈનિક ખર્ચમાં રૂ.૪૫૦થી લઈને રૂ.૧૧૫૦ સુધીનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. શહેરમાં કોરોના સંક્રમણની સ્થિતિ મહદંઅંશે નિયંત્રણમાં છે. મ્યુનિ. દ્વારા ડેઝિગ્નેટ કરાયેલી ખાનગી હોસ્પિટલોમાં કોરોના દર્દીઓને મ્યુનિ.ના ક્વોટાના સારવારના દરોની સમીક્ષા માટે આજે અધિક મુખ્ય સચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાની અધ્યક્ષતામાં બેઠક મળી હતી જેમાં મ્યુનિ.ના ક્વોટાના બેડના દરમાં પણ શક્ય તેટલો ઘટાડો કરવાની ચર્ચા કરાઈ હતી. અમદાવાદ મેડિકલ એસો. અને અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ એસો. સાથે ચર્ચા કર્યા બાદ મ્યુનિ. દ્વારા રીફર કરાતા દર્દીઓની સારવારનો ખર્ચ ઘટાડાનો નિર્ણય લેવાયો હતો. જેમાં ખાલી બેડ અને ભરેલા બેડની સારવારના ખર્ચના નવા દરો જાહેર કર્યા છે. જે આવતીકાલથી અમલી બનશે. એએમસીના ક્વોટના બેડમાં કોરોનાની સારવારના ખર્ચમાં આઈશોલેશનના ભરેલા બેડમાં ૪૫૦, એચડીયુમાં ૭૦૦, વેન્ટિલેટર વિના આઈસીયુમાં ૯૦૦ અને વેન્ટિલેટર વિથ આઈસીયુમાં ૧૧૫૦ જેટલો ઘટાડો કર્યો છે. એએમસી દ્વારા પીપીઈ કીટ સહિતના મેડિકલ ઈક્વીપમેન્ટની પાછળ કરોડોનો ખર્ચ કરાયો છે સાથે શહેરમાં ૧૦૦થી વધુ ખાનગી હોસ્પિટલોમાં ડેઝિગ્નેટ કરાયેલી હોસ્પિટલોમાં દર્દીઓ રિફર કરવામાં આવે છે.

# લોકગાયિકા કાજલ મહેરિયા સામે વધુ એક ફરિયાદ દાખલ

બનાસકાંઠા : થરાદ તાલુકાના કેસર ગામે લગ્ન પ્રસંગે ભીડ એકઠી કરનાર લોકગાયિકા કાજલ મહેરિયા સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. કેસર ગામે નાગજીભાઈ નાઈએ પોતાના પુત્રને લગ્નમાં કાજલ મહેરિયાને બોલાવી રાસગરબાનું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભીડ ભેગી થઈ હતી. ત્યારે થરાદ પોલીસે વરરાજા તેમજ તેના પિતા અને ગાયિકા કાજલ મહેરિયા સામે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે કાજલ મહેરિયા સામે નોંધાયેલો આ બીજો ગુનો છે. બે દિવસ પહેલા કાજલ મહેરિયા સામે વીસનગર તાલુકામાં ફરિયાદ નોંધાઈ હતી. લોકગાયક કાજલ મહેરીયાનો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કરવું ભારે પડ્યું હતું. મહેસાણાના વિસનગર તાલુકામાં લગ્ન પ્રસંગે ગીત ગાતો વીડિયો વાયરલ કર્યો હતો.

કાજલ મહેરીયા સહિત ૧૪ વ્યક્તિઓ સામે જાહેરનામા ભંગ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જેથી વિસનગર તાલુકા પોલીસ મથેક ફરિયાદ નોંધાઈ હતી. તમામ સામે કોરોનાની ગાઈડલાઈનના ભંગ બદલ ફરિયાદ નોંધાઈ હતી. ઉલ્લેખનીય છે કે, મહેસાણામાં તાજેતરમાં યોજાયેલ લગ્ન પ્રસંગમાં કોરોના ગાઈડલાઈનના ખુલ્લેઆમ ધજાગરા ઉડાવવામાં આવ્યા હતા.

## ગુજરાતમાં હવે નવા ફાયર એનઓસી ઓનલાઇન મળશે

અમદાવાદઃ રાજ્યમાં ફાયર સેફટીના કડક અમલથી લોકોના જાન-માલ-મિલકતને રક્ષણ આપવા ફાયર સેફટી અંગે મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. રૂપાણીએ રાજ્યમાં દરેક હાઈરાઈઝડ બિલ્ડીંગ, વાણિજ્યીક સંકુલો, સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ્સ અને ઔદ્યોગિક એકમો માટે ફાયર સેફટી એન. ઓ.સી. ઓનલાઈન મેળવવા માટેની પ્રક્રિયાઓ અંગે રાજ્ય સરકાર પારદર્શી રીતે ફાયર સેફટી કોપ પોર્ટલ વિકસાવશે તેવી જાહેરાત કરી હતી. આ કામગીરીમાં ગતિ લાવવા સાથે રાજ્યમાં યુવા ઈજનેરોને સ્વતંત્ર રીતે ફાયરસેફટી ઓફિસર તરીકે સ્વરોજગાર આપવાની એક અભિનવ પહેલ કરી છે. ફાયર સેફટી ઓફિસર તરીકે યુવા ઈજનેરોને નિર્દિષ્ટ જરૂરી તાલીમ લીધા બાદ ફાયર સેફટી ઓફિસર તરીકે ખાનગી પ્રેકટીસ માટે રાજ્ય સરકાર મંજૂરી આપશે.

# સ્થાનિક સ્વરાજની સંસ્થાનાં અંદાજે રૂ. ૩૦૦ કરોડનાં વીજ બિલ બાકી

અમદાવાદ : ગુજરાતની બિલિંગ કંપનીઓ ૯૫ ટકાથી વધુ બિલિંગ રિકવરી કરતી હોવા છતાંય મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો પાસેથી અંદાજે ૩૦૦ કરોડના બિલ વસૂલી શકતી જ નથી. છેલ્લા પખવાડિયામાં જ જૂનાગઢની સંસ્થાને નોટિસ આપવામાં આવતી હતી. તેનું અંદાજે ૭૬ લાખનું બિલ બાકી હોવાથી અપાયેલી નોટિસ સામે સ્ટે મેળવવા તેણે કોર્ટનો આશરો લઈ લીધો હતો. આમ બિલ જમા કરાવવાનું વલણ નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોમાં જોવા મળતું નથી. તેઓ બિલ ન જમા કરાવતા હોવાથી વીજ કંપનીઓ બાકી લેણાની રકમ સામે વપરાયેલા યુનિટ્સ ટી એન્ડ ડી લૉસમાં બતાવી દે છે. ટી એન્ડ ડી લોસમાં તે યુનિટ બતાવે તેને પરિણામે તેનો બોજ ગુજરાતના ૧.૨૦ કરોડ વીજ



જોડાણધારોકોને માથે તેનો બોજ નાખી દેવામાં આવે છે. આમ બિલ ન ભરનારને પ્રોટેક્શન આપવામાં આવે છે. બીજીતરફ બિલ ભરનારાઓને દંડવામાં આવી રહ્યા છે. કારણ કે જેમણે બિલ નથી ભર્યા તેને ટી એન્ડ ડી લૉસમાં બતાવીને તેનો બોજ બિલ ભરનારાઓને માથે નાખી દેવામાં આવે છે.

## અમદાવાદમાં એરપોર્ટના બોર્ડમાંથી અદાણી આઉટ

અમદાવાદ : અમદાવાદ શહેરના એરપોર્ટનું સરકાર દ્વારા ખાનગીકરણ કરવામાં આવ્યું હતું. ખાનગી કરણ કર્યા બાદ એરપોર્ટમાંથી ‘સરદાર વલ્લભભાઈ પટેલનું’ નામ ગાયબ થયું હતું. આ નામ ગાયબ થવાથી વિપક્ષે સરકાર સામે બાયોં ચડાવી હતી અને આકરા પ્રહારો કરતા આ મામલો ગરમાયો હતો. જોકે મામલો ગરમાતા સરકારે નિવેડો લાવ્યો છે, અને વિવાદ બાદ અમદાવાદ એરપોર્ટ પરનું બોર્ડમાં બદલાવ કરવામાં આવ્યો હતો. સ્વાગત બોર્ડમાં સરદાર વલ્લભભાઈ પટેલ નામની જગ્યાએ અદાણીના બોર્ડ લાગ્યા હતા. આખરે એરપોર્ટનું સંચાલન કરતી અદાણી કંપનીએ આ બોર્ડ હટાવ્યા હતા. સરકારે એરપોર્ટનું ખાનગીકરણ કર્યું છે, હવે અમદાવાદ એરપોર્ટનું સંચાલન અદાણી કંપની દ્વારા કરવામાં આવે છે. જ્યારથી અદાણી દ્વારા એરપોર્ટ સંચાલન આવ્યું ત્યારથી સરદાર પટેલ નામ ગાયબ થઈ ગયું હતું.

# ગુજરાતમાં છ મ્યુનિ.કોર્પોરેશનની ટર્મ પૂર્ણ થઈ: હવે ‘અધિકારી રાજ’

અમદાવાદ : અમદાવાદ સહિત પાંચ મહાનગરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયેલી પાંખની રવિવારે મુદત પૂર્ણ થઇ છે જેના કારણે આ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કમિશનરના હાથમાં સત્તા સોંપવામાં આવી છે. જોકે, મ્યુનિ.કમિશનર રૂટિન કામગીરી જ કરી શકશે. નીતિ વિષયક કોઇ નિર્ણય લઇ શકશે નહીં. જાન્યુઆરીમાં મ્યુનિ.કોર્પોરેશનની ચૂંટણીઓની જાહેરાત થવાની શક્યતા, ટિકીટ મેળવવા અત્યારથી લોબિંગ શરૂ કોરોનાની મહામારીને કારણે મહાનગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીઓ ત્રણ માસ પાછળ ધકેલવી પડી હતી. રાજ્ય ચૂંટણી પંચે નવેમ્બર માસમાં ચૂંટણીઓ યોજવા આયોજન કર્યુ હતું. ૧૩મી ડિસેમ્બરે અમદાવાદ, રાજકોટ , સુરત, વડોદરા , ભાવનગર અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયેલી પાંખની ટર્મ પૂર્ણ થઇ છે. મુદત પૂર્ણ થતાં રાજ્ય સરકારે આ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કમિશનરને સત્તા સોંપી છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે એવો આદેશ કર્યો છેકે, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટણી યોજાયા પછી ચૂંટાયેલી પાંખની પ્રથમ બેઠક ન મળે ત્યાં સુધી કમિશનરોએ વહીવટી વડા તરીકે કામગીરી સંભાળવાની રહેશે. મ્યુનિ.કમિશનરો રૂટિન કામગીરી સંભાળશે પણ ટેન્ડરો બહાર પાડવા,વર્ક ઓર્ડર આપવા , નિમણૂંકો કરવી ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટીમાં મૂકાય તેવા કામો કરી શકશે નહીં.

## એએમસી ચૂંટણી : ભાજપ સક્રિય કાર્યકરોને જ ટિકિટ આપશે, ભ્રષ્ટાચારી કપાશે

અમદાવાદ : અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી જતાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોએ પોતપોતાની રીતે તૈયારીઓ કરવા માંડી છે. ભાજપની સંકલન સમિતિની મિટીંગ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં મેયર બંગલે યોજાઈ હતી. જેમાં સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા તૈયાર કરાવેલ પ્રેઝન્ટેશન પણ રજુ થયું હતું. ઉપરાંત તમામ વોર્ડમાં ઉમેદવારની પસંદગી તટસ્થ રીતે કરવાની પ્રાથમિક ચર્ચા થઈ હતી. આ સમીક્ષામાં ત્રણ મુદ્દા ઉપસી આવ્યા હતાં. (૧) જ્ઞાતિ જાતિથી ઉપર ઉઠીને ઉમેદવારના નામ નક્કી થશે. (૨) પક્ષની અંદર જે કાર્યકરો સક્રીય હશે તેમને જ ટિકીટ મળશે. (૩) વર્તમાન કોર્પોરેટરોમાંથી જેમના નામો ક્યાંય પણ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલાં હશે, તેમના પર કાતર ફરશે.

## કોંગ્રેસ ચૂંટણી પહેલાં જ આઠ મહાનગરોમાં ‘હેલો’ અભિયાન શરૂ કરશે

અમદાવાદ : મહાનગરપાલિકા-પંચાયતોની ચૂંટણી આવી રહી છે જેના પગલે કોંગ્રેસે તૈયારીઓ આરંભી છે અને પ્રદેશ કોંગ્રેસ સમિતીએ છેલ્લાં ચારેક દિવસથી ચૂંટણીલક્ષી બેઠકોનો દોર શરૂ થયો છે. શહેરોમાં રાજકીય પ્રભુત્વ જમાવવા અને મતદારો સાથે સીધો સંપર્ક કરવા કોંગ્રેસે હેલો અભિયાન શરૂ કરવા નક્કી કર્યુ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ છેલ્લા દસેક દિવસના ગુજરાત પ્રવાસે આવ્યાં છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને કોંગ્રેસે મંથન શરૂ કર્યુ છે. જિલ્લા-તાલુકા કક્ષાએ તો સ્થાનિક નેતાગીરી જ ઉમેદવાર પસંદ કરશે. પ્રદેશ નેતાગીરી પંચાયતોમાં ઉમેદવાર પસંદગીને લઈને માથુ નહી મારે. ગત વખતથી જેમ આ વખતે પણ કોંગ્રેસને આશા છેકે, ગ્રામ્ય વિસ્તારની જનતા કોંગ્રેસ પર વિશ્વાસ મૂકશે

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.


### ઓટીટી અને ન્યૂઝ પોર્ટલને માહિતી અને પ્રસારણ ખાતા અંતર્ગત લાવવા નિર્ણય

# ડિજિટલ પ્લેટફોર્મ પર હવે લગામ કસવાની ઘડી

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ભારતમાં તમામ ઓવર ધ ટોપ એટલે કે, ઓટીટી પ્લેટફોર્મ તેમજ ઓનલાઈન ન્યૂઝ સહિતના તમામ ડિજિટલ પ્લેટફોર્મ સક્રિય થવા માંડ્યા છે. આથી ઘણા સમયથી આ માધ્યમો પણ પોતાના અંકુશ હેઠળ હોય, તેવું સરકાર ઈચ્છી રહી હતી. કેન્દ્ર સરકારે થોડા સમય પહેલા જ આ અંગે નોટિફિકેશન જાહેર કરી દીધુ હતુ. હવે આ જાહેરનામા અનુસાર તમામ ડિજિટલ પ્લેટફોર્મ હવે માહિતી અને પ્રસારણ ખાતા અંતર્ગત આવશે. ઈન્ટરનેટ પર સમાચાર અને મનોરંજન પ્રસારિત કરતી સેવાઓ પર નજર રાખવા માટે કેબિનેટે નિયમોમાં ફેરફાર કર્યા છે.

સરકારે કરેલા આ સુધારાને રાષ્ટ્રપતિએ મંજૂરી પણ આપી દીધી છે. હવેથી ઓનલાઈન ન્યૂઝ આપતી વેબસાઈટ્સ અને મનોરંજન કાર્યક્રમ પ્રસારિત કરતી નેટફ્લિક્સ, એમેઝોન અને યૂટયૂબ જેવી સેવાઓ માટે માહિતી અને પ્રસારણ ખાતું દિશાનિર્દેશ જાહેર કરશે અને વેબસાઈટ્સે એનું પાલન કરવું પડશે. મોદી સરકારે એકસાથે બે મોટા ક્ષેત્રો ઉપર નિયંત્રણ મૂકવાની શરૂઆત કરી દીધી છે. ભારતમાં ઈન્ટરનેટ પર સમાચાર અને કરન્ટ અફેર્સ તેમજ મનોરંજન બંને પર આધારિત વેબસાઈટ્સ અને એપ પ્રમાણમાં નવા જ કહી શકાય એવા છે. આ સેવાઓને ભારતમાં શરૂ થયે હજુ એક દાયકો પણ વીત્યો નથી.

ભારતમાં સિનેમાગૃહોમાં રિલીઝ થતી ફિલ્મો માટે સેન્સર બોર્ડ, ટેલિવિઝન પર પ્રસારિત થતા કાર્યક્રમો માટે ટ્રાઈ તેમજ માહિતી અને પ્રસારણ ખાતું, ન્યૂઝ ચેનલો માટે ન્યૂઝ બ્રોડકાસ્ટર એસોસિએશન, એડવર્ટાઈઝિંગ માટે એડવર્ટાઈઝિંગ સ્ટાન્ડર્ડ કાઉન્સિલ અને અખબારો માટે પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા જેવી નિયામક સંસ્થાઓ કાર્યરત છે. પરંતુ હજુ સુધી ઈન્ટરનેટ પર આધારિત આ બંને ક્ષેત્રો પર કોઈનું સીધું નિયંત્રણ નહોતું.

આઈટી મંત્રાલય ઈન્ટરનેટ સંબંધિત મામલાનું ધ્યાન રાખે છે. પરંતુ એ મંત્રાલય પાસે પણ વેબસાઈટ્સ પર આવતી સામગ્રી અંગેના માપદંડ નક્કી કરવા સત્તા અત્યાર સુધી નહોતી. હવે જો માહિતી અને પ્રસારણ ખાતું ઈન્ટરનેટ પરના મનોરંજન પીરસતા પ્લેટફોર્મ અને એપ્સ માટે માપ દંડ ઘડવાની શરૂઆત કરશે તો એની દુરોગામી અસરો પડશે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં એક ન્યૂઝ ચેનલના વિવાદાસ્પદ કાર્યક્રમ અંગે સુનાવણી ચાલી રહી હતી ત્યારે દેશભરમાં મીડિયા રેગ્યુલેશનને લઈને ચર્ચા થવા લાગી હતી. કોર્ટમાં ચર્ચા દરમિયાન કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, ટીવી અને પ્રિન્ટ મીડિયા પહેલા ડિજિટલ મીડિયા પર કંટ્રોલ કરવાની જરૂર છે. જો કે, કોર્ટનું કહેવું હતું કે, ડિજિટલ માધ્યમ પર રજૂ થતી સામગ્રીનું મૂલ્યાંકન ગ્રાહક પોતે જ કરી દે છે. એટલા માટે લોકોને પણ તેઓ શું વાંચવા કે જોવા માંગે છે એ નક્કી કરવાની આઝાદી મળવી જોઈએ.

હકીકતમાં સમાજને અસર કરતા કોઈ પણ મીડિયાના કોઈ પણ માધ્યમ ઉપર દેખરેખની વ્યવસ્થા હોવી જ જોઈએ. ઓટીટી પ્લેટફોર્મ અને ન્યૂઝ પોર્ટલ શું પીરસે છે એ ધ્યાન રાખવું જરૂરી છે. આજે તો ઓટીટી પ્લેટફોર્મ અને ન્યૂઝ પોર્ટલો અને સમાજ વચ્ચે ઉત્પાદક અને ગ્રાહક જેવો સંબંધ બની ચૂક્યો છે. હેડલાઈન જ એવી આકર્ષક બનાવવામાં હોય છે કે, લોકો ક્લિક કરવા લલચાય છે. પછી ખ્યાલ આવે છે કે, હેડલાઈન અને કન્ટેન્ટનું કશું કનેક્શન જ નથી.

ન્યૂઝ ચેનલો પણ ટીઆરપીના ચક્કરમાં આધેધડ વિગતો પીરસે છે. ડિજિટલ પ્લેટફોર્મ પણ વિકૃત સામગ્રી પીરસવા લાગ્યાં છે. વધારેમાં વધારે ક્લિક મેળવવાના ચક્કરમાં અધકચરી માહિતી પીરસવામાં આવે છે. કોઈ સેલિબ્રિટી કે નેતાનું કદ વધારવા કે ઘટાડવા માટે કે કોઈની છબી ખરડવા માટે ખોટી માહિતીનો ઉપયોગ થઈ જાય છે. ઓટીટી પ્લેટફોર્મ્સ પર પ્રસારિત થતી સીરિયલો અને ફિલ્મોમાં સેક્સ, હિંસા અને અપશબ્દોની ભરમાર હોય છે. જેની અભિવ્યક્તિ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા પણ થતી રહે છે. જ્યારે માહિતીના માધ્યમો સીમિત હતાં એટલે કે કોઈ પણ ખબરના વ્યાપ માટે અખબાર કે ન્યૂઝ ચેનલો જ હતાં ત્યાં સુધી આવી અફવાઓ ફેલાવવી મુશ્કેલ હતી.

પરંતુ આજે તો દરેકના હાથમાં સ્માર્ટ ફોન આવી ગયાં છે અને દરેક વ્યક્તિ પોતે પોતાને મનગમતી માહિતીની સત્યતા પારખ્યા વિના જ વહેતી કરી દે છે. ત્યારે પ્રમાણિક ખબરોની ચકાસણી કરવી અત્યંત કપરું બની જાય છે. એક સમયે લોકોને એકબીજા સાથે જોડવાના માધ્યમ તરીકે વિકસેલા ડિજિટલ પ્લેટફોર્મ પર આજે સાચી માહિતી કરતા જૂઠ્ઠાણાં, અર્ધસત્ય, ભ્રમ, અફવાઓ, ચારિત્ર્યહનન અને દ્વેષ સંલગ્ન સંદેશો વધુ હોય છે. આધુનિક ટેકનોલોજીના આ જમાનામાં દરેક વ્યક્તિના હાથમાં રમતો સ્માર્ટ ફોન અને સસ્તા દરે મળી રહેલા ડેટા પેકેજિસના કારણે ઈન્ટરનેટ સુધીની પહોંચ સાવ સરળ બની ચૂકી છે, જેના પરિણામે આજના દોરમાં ડિજિટલ મીડિયા એક મોટી તાકાત બની ગયું છે. ડિજિટલ વર્લ્ડના આ દોરમાં એક બાબત તો સ્પષ્ટ છે કે સામાન્ય લોકોની માનસિકતાને અસર કરવામાં ઈન્ટરનેટ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું છે. એટલા માટે લાંબા સમયથી એવી લાગણી ઉદભવી રહી છે કે, ડિજિટલ પ્લેટફોર્મ પર કેટલાંક નિયંત્રણો લાદવામાં આવે. ઈન્ટરનેટ એક એવું પ્લેટફોર્મ છે, જેના પર નિયંત્રણની વાત કરવી સરળ છે. પરંતુ એનો અમલ કરવો એટલો જ મુશ્કેલ છે. એટલા માટે કે ઈન્ટરનેટને દેશોના સીમાડા નડતા નથી અને તેના પર નિયંત્રણ લાદવામાં સૌથી મોટો પડકાર અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારના હનનનો આવે છે. લોકો સમક્ષ સત્ય બહાર આવે એ ઈચ્છનીય છે. પરંતુ કોઈ પણ બનાવને તોડીમરોડીને રજૂ કરવાના કારણે મામલા ગુંચવાઈ જાય છે. અધૂરું સત્ય રજૂ કરીને સવાલો ઉઠાવાય છે. ખરેખર તો સવાલો જ એવા તર્કહીન હોય છે કે જેના જવાબ હોતા જ નથી. ડિજિટલ મીડિયા અને સોશિયલ મીડિયા ટોળાશાહીને વિકસિત કરવાનું કામ કરી રહ્યાં છે. જે સમાજ અને દેશ માટે આજે નહીં તો કાલે ખતરનાક સાબિત થશે. ઈન્ટરનેટ પર પીરસાતી સામગ્રી હજુ સુધી કોઈ પણ નિયામક સંસ્થાની નજરથી દૂર છે એટલા માટે તમામ માટે મુક્ત છે. આવા પ્લેટફોર્મ ઉપર એવી બાબતો લખાઈ રહી છે કે બતાવવામાં આવી રહી છે જેનાથી ઘણી વખત સરકાર માટે અસહજ સ્થિતિ પેદા થઈ જાય છે. એટલા માટે ઘણાં લોકોનું માનવું છે કે, સરકાર આ માધ્યમો પર અંકુશ લગાવે. જોકે એ પણ હકીકત છે કે ઈન્ટરનેટ માધ્યમો પર પીરસવામાં આવતી સામગ્રી દોષમુક્ત નથી. અનેક લોકોનું કહેવું છે કે, ઈન્ટરનેટ પર ઉપલબ્ધ અનેક બાબતો એવી છે જેનાથી યુવાનો પર ખરાબ અસર પડી રહી છે. અશ્લીલતા અને હિંસાના આરોપસર અનેક કાર્યક્રમો પર રોક લગાવવાની જરૂરિયાત પણ અનેક વખત જણાઈ છે. હકીકતમાં સિનેમા અને ટીવી કાર્યક્રમો પર અનાવશ્યક કાતર ફેરવવાની પ્રવૃત્તિથી તંગ આવીને અનેક ફિલ્મ નિર્માતા નિર્દેશકોએ ઓટીટી પ્લેટફોર્મ પર પોતાની ફિલ્મો અને સીરિયલો પ્રસારિત કરવાનું મુનાસિબ માન્યું છે. સમાચાર ચેનલો પર પણ પૂરતી આઝાદી ન મળવાના કારણે અનેક પત્રકારોએ સ્વતંત્રરીતે ઈન્ટરનેટ માધ્યમો પર પોતાના વિચારો વ્યક્ત કરવાના શરૂ કરી દીધાં છે. હવે જો માહિતી પ્રસારણ ખાતું અહીંયા પણ નજર રાખવાનું શરૂ કરી દેશે તો વિવિધ કલા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અવરોધાવાની શક્યતા પણ વધી છે. ખરાબ બાબતોને અટકાવવા માટે સારી નિયત સાથે કામ થાય તો એમાં કોઈને વાંધો ન હોવો જોઈએ. પરંતુ મંશા સાફ ન હોય તો સારી બાબતોને પણ અસર થાય છે. ફિલ્મ, કળાઓ અને વૈચારિક સંવાદ અભિવ્યક્તિના માધ્યમ છે અને એમાં નિર્માતા, નિર્દેશક, કલાકાર, લેખક અને વિચારક પ્રયોગ કરતા હોય છે અને એના માટે તેઓ પોતે જવાબદાર હોય છે. તેમની અભિવ્યક્તિનું મૂલ્યાંકન દર્શકની નજર કરે છે. એટલા માટે એક મોટા વર્ગનું માનવું છે કે આ માધ્યમો પર નજર રાખવાના બદલે તેમને લોકોની નજર પર છોડી દેવા જોઈએ. વળી, ઈન્ટરનેટ કોઈ દેશની સરહદથી બંધાયેલું ન હોવાના કારણે તેના પર સંપૂર્ણ દેખરેખ રાખવી સરકાર માટે પણ કપરી છે.




**ડિજિટલ પ્લેટફોર્મ પર આડેધડ મુકાતી માહિતીને ફેલાતી રોકવી આવશ્યક છે પરંતુ નિયમોને નામે સરકાર અભિવ્યક્તિની આઝાદી છીનવી લેશે તેવી આશંકા પણ ઉઠવા માંડી**



## NCB સમક્ષ હાજર નહીં થાય અર્જુન રામપાલ

મુંબઈ: બોલિવૂડ ડ્રગ્સ કનેક્શન કેસમાં નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ અભિનેતા અર્જુન રામપાલને બુધવારે પૂછપરછ માટે બોલાવ્યો હતો. જેને લઈને અભિનેતાએ ૨૧ ડિસેમ્બર સુધીનો સમય માંગ્યો હતો. તેણે પર્સનલ કામ હોવાનું કારણ બતાવી કહ્યું કે તે NCB સમક્ષ હાજર નહી રહી શકે. તે ૨૨ ડિસેમ્બરે ૧૧ વાગ્યે તપાસ માટે હાજર થઈ જશે. આ પહેલા પણ નવેમ્બર મહિનામાં NCBએ અર્જુન રામપાલ અને તેની ગર્લફ્રેન્ડ ગૈબ્રિએલા ડેમેટ્રિએડ્સની કેટલાક કલાકો સુધી પૂછપરછ કરી હતી. ત્યારબાદ એજન્સી દ્વારા અભિનેતાના ઘરની તપાસ પણ કરવામાં આવી હતી.

# સ્વદેશ



## ડ્રગ્સ કેસમાં બોલિવૂડના દિગ્ગજ ફિલ્મ મેકર કરણ જોહરને NCBનું સમન્સ



સુશાંત કેસમાં ડ્રગ્સ એંગલ સામે આવ્યો ત્યારબાદ ઘણા બોલિવૂડ સ્ટારને ભોગવવું પડ્યું છે અને હવે એમાં એક મોટું નામ પણ સકંજામમાં આવી રહ્યું છે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ કરણ જોહરને સમન્સ મોકલ્યુ છે. બોલિવૂડનું જાણીતું નામ કરણ જોહરને એનસીબીએ પૂછપરછ માટે બોલાવ્યો છે. એનસીબીનું કહેવુ છે કે, કરણ જોહર કોઈ કેસમાં ફસાયેલો નથી, બસ ડ્રગ્સ કેસમાં અમુક પૂછપરછ કરવાની છે. તો આ તરફ દ્રઝમ્ના સૂત્રોના જણાવ્યું કે કરણ જૌહરે પોતે દ્રઝમ્ની સામે હાજર રહેવાની જરૂર નથી, તે પોતાના કોઈ પણ પ્રતિનિધિને પણ મોકલી શકે છે. કહેવામાં આવ્યું છે કે કરણ જોહરે એ ઈલેક્ટ્રોનિક્સ સાધનોના ઉપયોગ વિશે વાત કરવાનું કહ્યુ છે, જેનો ઉપયોગ જૂલાઈ ૨૦૧૯માં તેના પર આયોજીત કરવામાં આવેલી પાર્ટીને શૂટ કરવા માટે કરવામાં આવ્યા હતા.



## દીપિકા પાંચ બીગ બજેટ ફિલ્મ સાથે સૌથી વ્યસ્ત અભિનેત્રી

મુંબઈ: દિપીકા પદુકોણે એક પછી એક કરીને પાંચ પ્રોજેક્ટ સાઈન કરીને વ્યસ્ત અભિનેત્રીઓની યાદીમાં આવી હઈ છે. દીપિકા પદુકોણ પતિ રણવીર સિંહ સાથે ફિલ્મ ૮૩માં જોવા મળવાની છે. દીપિકાની નજકના સૂત્રે જણાવ્યું હતું કે, દીપિકા શાહરૂખ ખાન સાથે ફરી રૂપેરી પડદે જોવા મળવાની છે. તેણે શાહરૂખ અને જોન અબ્રાહમ સાથેની ફિલ્મ પઠાણ સાઈન કરી છે. જોકે તે આ ફિલ્મના શૂટિંગમાં આગામી વરસના મધ્યમાં જોડાશે. તે જલદી જ નાગ અશ્વિનની ફિલ્મમાં પ્રભાસ સાથેની ફિલ્મનું શૂટિંગ કરવાની છે. જે એક સાયન્સ-ફિકશન હશે અને તેમાં દીપિકાના ખતરનાક સ્ટંટ પણ જોવા મળશે. આ એસાઈનમેન્ટ પૂરા કર્યા પછી દીપિકા એપિક ફિલ્મ મહાભારતમાંનું શૂટિંગ શરૂ કરશે જેમાં તે દ્રોપદીનું પાત્ર ભજવવાની છે. તે આ ફિલ્મ માટે લગભગ છ મહિના આપવાની છે.



## પ્રિયંકા આગામી હોલીવૂડ ફિલ્મમાં નેગેટિવ રોલ ભજવશે

મુંબઈ: પ્રિયંકા ચોપરા બોલીવૂડ તેમજ હોલીવૂડમાં મજબૂત સ્થાન જમાવી દીધું છે. તેણે શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની આગામી હોલીવૂડ ફિલ્મ વી કૈન બી હીરોઝનું ટ્રેલર શેર કર્યું છે. જેમાં તે ટૂકા વાળ સાથે અલગ જ રૂપમાં જોવા મળે છે. પ્રિયંકા આ ફિલ્મમાં નેગેટિવ ભૂમિકા ભજવી રહી છે. તે આ ફિલ્મમાં હેડક્વાર્ટની ચીફના પાત્રમાં જોવા મળશે. પ્રિયંકાએ ટ્રેલર શેર કરતાં કહ્યું હતું કે, પાવર દરેક સાઇઝમાં આવતો હોય છે. વી કેન બી હીરોઝ ફિલ્મ સુપરહીરો પર આધારિત છે. જેમાં સુપર હીરોના બાળક એલિયનના અટેક કર્યા પછી તે પોતાના માતા–પિતાને દુનિયાથી બચાવે છે. ઉલ્લેખનીય છે કે પોતાની પહેલી ફિલ્મ બેવોચમાં પણ પ્રિયંકાએ વિલેનનું પાત્ર ભજવ્યું હતું.

## કંગના રનૌતે ફરી એકવાર પ્રિયંકા ચોપરા અને દિલજીત દોસાંઝની આલોચના કરી

નવીદિલ્હી: કેન્દ્ર સરકારની વિરૂદ્ધ ખેડૂતોનું આંદોલન હજુ પણ શરૂ છે. તે સતત સરકારને નવા કૃષિ કાયદાઓને રદ્દ કરવાની માગ કરી રહ્યા છે. ત્યારે ખેડૂતોના આંદોલનને લઈને દેશના કેટલાક મોટા સ્ટાર્સ પોતાની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. જેમાં ફિલ્મી સેલિબ્રિટીઓ પણ સામેલ છે. ખેડૂતોના મુદ્દે બોલિવૂડ સ્ટાર્સ બે ભાગમાં વહેંચાઈ ગયા છે. કેટલાક સ્ટાર્સ ખેડૂતોનું સમર્થન કરી રહ્યા છે. તો કેટલાક આ આંદોલનની વિરૂદ્ધમાં છે. અભિનેત્રી કંગના રનૌત સતત સોશિયલ મીડિયા દ્વારા ખેડૂત આંદોલનની આલોચના કરી રહી છે. તે પંજાબી ગાયક અને અભિનેતા દિલજીત દોસાંઝ અને અભિનેત્રી પ્રિયંકા ચોપરા સહિત બોલિવૂડના કેટલાક સ્ટાર્સ ખેડૂતોનું ખુલીને સમર્થન કરી રહ્યા છે. એવામાં કંગના રનૌતે ટ્વિટર ઉપર દિલજીત દોસાંઝ અને પ્રિયંકા ચોપરાની આલોચના કરી છે. સાથે તેણે આ બંને કલાકારો ઉપર ખેડૂતને ભડકાવવાનો પણ આરોપ લગાવ્યો છે. કંગના રનૌતે આ વાત સોશિયલ મીડિયા ઉપર કહી છે. કંગના રનૌત સોશિયલ મીડિયામાં ખુબ જ એક્ટિવ રહે છે. તે સામાજિક અને રાજનૈતિક મુદ્દાઓ ઉપર અવાર નવાર બોલતી રહે છે. કંગના રનૌતે પોતાના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ ઉપર લખ્યું કે, હું ઈચ્છું છુ કે દિલજીત દોસાંઝ અને પ્રિયંકા ચોપરા જી, જે ખેડૂતો માટે લોકલ ક્રાંતિકારિઓની ભૂમિકામાં જોવા મળ્યા, ઓછામાં ઓછા એક વીડિયોના માધ્યમથી ખેડૂતોને એ જણાવ્યું કે તેમને વિરોધ કંઈ વાતનો કરવાનો છે. બંને ખેડૂતનો ભડકાવીને પોતે ગાયબ થઈ ગયા છે. હવે જુઓ ખેડૂતો અને દેશની આ હાલત છે.



## વેબ સિરીઝ આશ્રમનો વિવાદ, બોબી અને પ્રકાશ ઝાને કોર્ટની નોટિસ




મુંબઈ: પ્રકાશ ઝા પ્રોડક્શનમાં બનેલી આશ્રમ વેબ સિરીઝ ઘણી ચર્ચામાં આવી છે. તેના કારણે બોબી દેઓલને પણ ઘણું માઈલેજ મળ્યું છે. બીજી તરફ આ વેબ સિરીઝ અન્ય મુદ્દે પણ ચર્ચામાં અને વિવાદમાં આવી છે. થોડા સમય પહેલાં કેટલાક લોકો દ્વારા તેમની ધાર્મિક લાગણી દુભાવવાનો આ વેબ સિરીઝ ઉપર આરોપ મૂકવામાં આવ્યો હતો. આ વેબ સિરીઝને પ્રતિબંધિત જાહેર કરવા માટે પણ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. તાજેતરમાં જોધપુર કોર્ટ દ્વારા આ મુદ્દે બોબી દેઓલ અને પ્રકાશ ઝાને નોટિસ પાઠવવામાં આવી છે. જિલ્લા અને સેશન્સ કોર્ટમાં આ મુદ્દે અરજી કરાઈ હતી. બીજી તરફ કોર્ટે બોબી અને પ્રકાશ ઝા સામે એફઆઈઆર દાખલ કરવાની અરજી ફગાવી દીધી હતી. આ મામલે આગામી સુનાવણી ૧૧ જાન્યુઆરીએ યોજવામાં આવશે.



# ભગવાન ઈસુને યાદ કરવાનો દિવસ નાતાલ

જે દેશોમાં ખ્રિસ્તી પરંપરા મજબૂત રીતે ફેલાયેલી છે તેવા દેશોમાં નાતાલની વિવિધ પ્રકારની ઉજવણી વિકાસ પામી છે. આવી પરંપરાઓમાં પ્રાદેશિક તેમજ સ્થાનિક સંસ્કૃતિઓનો સમાવેશ થાય છે. ઘણા ખ્રિસ્તીઓ માને છે કે આ મોસમ દરમિયાન ધાર્મિક નાટકોમાં ભાગ લેવો તે નાતાલનો એક અગત્યનો હિસ્સો છે. નાતાલ અને ઈસ્ટરના તહેવારો દરમિયાન વાર્ષિક ધોરણે દેવળોમાં સૌથી વધુ માત્રામાં ધાર્મિક પ્રવૃત્તિઓ થાય છે.

ખ્રિસ્તી ધર્મના લોકોની વાર્ષિક રજા છે. આ દિનની ઉજવણી ભગવાન ઈશુ ખ્રિસ્તના જન્મદિનના સ્મરણાર્થે કરવામાં આવે છે. આ દિવસની ઉજવણી તારીખ ૨૫મી ડિસેમ્બરના રોજ કરવામાં આવે છે, પરંતુ સાચા અર્થમાં આ દિવસને ઈશુનો જન્મદિવસ માનવામાં આવતો નથી. કદાચ નાતાલના દિન તરીકે આ દિવસની પસંદગી એટલા માટે કરવામાં આવી હશે કારણ કે ઈશુ ખ્રિસ્ત દ્વારા ઐતિહાસિક રોમન તહેવાર અથવા તો સૂર્ય ઉત્તર ગોળાર્ધમાંથી શિયાળાના સમયે વિષુવવૃત્તથી દૂરમાં દૂર જતો હોય તે દિવસથી ઉજવવાની શરૂઆત કરવામાં આવી તેના બરાબર ૯ માસ બાદ આ તારીખ એટલે કે ૨૫મી ડિસેમ્બર આવે છે. નાતાલ એ નાતાલ અને રજાઓની મોસમનો કેન્દ્ર દિવસ છે. ખ્રિસ્તી ધર્મમાં એમ માનવામાં આવે છે કે નાતાલની મોસમ ૧૨ દિવસ સુધી ચાલે છે.

હોંગકોંગમાં નાતાલની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી . જ્યારે અન્ય દેશોમાં લઘુમતિ ખ્રિસ્તીઓ અને વિદેશી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ લોકો આ તહેવારની ઉજવણી કરતા થયા છે. જે દેશોમાં નાતાલના તહેવારને જાહેર રજા નથી ગણવામાં આવતી તેવા અપવાદરૂપ દેશોમાં ચીની લોકગણ રાજ્યો (હોંગકોંગ અને મકાઉ સિવાય), જાપાન, સાઉદી અરેબિયા, અલ્જિરિયા, થાઈલેન્ડ, નેપાળ, ઈરાન, તુર્કી અને ઉત્તર કોરિયાનો સમાવેશથાય છે.

આ દિવસે દેવળોમાં હાજરી આપીને પ્રભુની ભક્તિનું વિશેષ મહત્વ હોય છે પરંતુ તે ઉપરાંત પણ સંખ્યાબંધ ભક્તિની રીતો અને પ્રખ્યાત રીતિરિવાજો આવેલા છે. ક્રિસમસની ઉજવણી પહેલા પૂર્વીય રૂઢિગત દેવળો ઈશુના જન્મની અપેક્ષા સાથે ૪૦ દિવસનો ઈશુના જન્મના પર્વની ઉજવણી કરતાં હતા. જ્યારે પશ્ચિમી ખ્રિસ્તીઓ ૪ સપ્તાહ સુધી એડ્વેન્ટ એટલે કે નાતાલ પૂર્વેના કાળની ઉજવણી કરતાહતા. નાતાલની ઉજવણીની અંતિમ તૈયારીઓ નાતાલના આગલા દિવસે એટલે કે તારીખ ૨૪મી ડિસેમ્બરે કરવામાં આવે છે. નાતાલની આધુનિક ઉજવણીમાં પ્રખ્યાત બનેલા રીતિરિવાજોમાં ભેટ-સોગાદોની આપ-લે, સંગીત, અભિવાદન પત્રિકાઓની આપ-લે, દેવળોમાં થતી ઉજવણી, ખાસ પ્રકારનું ખાણું, વિવિધ સુશોભનોનું પ્રદર્શન જેમ કે નાતાલનું ઝાડ, લાઈટ વડે રોશની, તોરણો બાંધવા, એક જાતનાં લીલાં રંગનાં વૃક્ષની સજાવટ, ઈશુનાં જન્મનું દ્રશ્ય અને લાલ ટેટાં વાળું એક સદાપર્ણી ઝાડવાંનું સુશોભન વગેરે બાબતોનો સમાવેશ થાય છે. વધુમાં ફાધર ક્રિસમસ (ઉત્તર અમેરિકા, ઓસ્ટ્રેલિયા, અને આયર્લેન્ડ સહિત ઘણા બધા દેશોમાં સાન્તાક્લોઝને નામે જાણીતા) ઘણા દેશોમાં એક દંતકથા જેવું કાલ્પનિક પાત્ર છે જે આ દિવસે બાળકો માટે ભેટો લઈને આવે છે.



## ક્રિસમસ ટ્રીની અજાણી વાતો!

– ૧૯૪૭થી દર વર્ષે નોર્વેના ઓસ્લો શહેરના નાગરિકો દ્વારા ક્રિસમસ ટ્રીની ભેટ ઈંગ્લેન્ડના વેસ્ટમિનિસ્ટરને આપવામાં આવે છે. ભેટ આપવાનું મુખ્ય કારણ બીજા વિશ્વયુદ્ધ સમયની કટોકટી વખતે બ્રિટનની સરકાર દ્વારા નોર્વેના નાગરિકોને મદદ કરવામાં આવી હતી.

– ૧૯૯૩માં રોકફેલર સેન્ટર ખાતે પારંપારિક નાતાલ વૃક્ષને મૂકવામાં આવ્યું છે. જેની ઉપર સ્વારોસ્કીના હીરાથી તેને સજાવવામાં આવતું હતું. ૨૦૦૭ની સાલથી સોલાર એનર્જીથી ચાલતી ૩૦ હજાર એલઈડી બલ્બ તેમાં ગોઠવવામાં આવે છે.

– દુનિયાનું સૌથી ઊંચું ક્રિસમસ ટ્રી બ્રાઝિલના ‘રીઓ ડી જાનેરો’માં બનાવવામાં આવ્યું છે. ૮૫ મીટરની લંબાઈ ધરાવતા આ વૃક્ષમાં થતી રંગબેરંગી લાઈટિંગ જોવા લાખો લોકો ઊમટે છે. જેને ‘ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ પોતાની જગ્યા સૌથી ઊંચા વૃક્ષ તરીકે બનાવી છે.

– ૧૮૯૦ની સાલથી ક્રિસમસમાં સજાવટ માટે મળતાં ઘરેણાં જર્મનીથી આવતાં. જ્યારે ક્રિસમસ ટ્રીનો ક્રેઝ અમેરિકનોમાં વધુ જોવા મળતો હતો. જર્મનીમાં વૃક્ષની લંબાઈ ત્રણથી ચાર ફૂટની જોવા મળતી. જ્યારે અમેરિકામાં ઘરની છત સુધી પહોંચે તેવા મોટાં નાતાલ વૃક્ષ જોવાં મળતાં.

# માનુનીઓને સ્ટાઈલિશ રાખતા કમર બેલ્ટ

એક સમય એવો હતો જ્યારે કમરપટ્ટો-બેલ્ટ માત્ર જિન્સ પર જ પહેરવામાં આવતો. હા, બિઝનેસ સુટ પહેરતી મહિલાઓ ટ્રાઉઝર પર બેલ્ટ પહેરતી. ધીમે ધીમે આ ટ્રેન્ડ સ્કર્ટ પર આવ્યો. પણ હવે કમરપટ્ટા ગાઉન, ક્રોપ ટોપ, પલાઝો અને સાડી સુધ્ધાં પર પહેરાય છે. મહત્ત્વની વાત એ છે કે બેલ્ટને કારણે કોઈપણ ડ્રેસ ઉઠાવદાર લાગતો હોવાથી માનુનીઓ તેનો બહોળો ઉપયોગ કરવા લાગી છે. વળી બેલ્ટ પણ કંઈ કેટલાય મટિરિયલ અને ડિઝાઈનમાં મળે છે.

## ફેબ્રિક બેલ્ટ



જન્મ સુટ, મિડી, સ્કર્ટ જેવા પોશાક સાથે ફેબ્રિક, એટલે કે કાપડમાંથી બનાવેલી કમરપટ્ટા સુંદર લાગે છે. કમરપટ્ટા માટે ડેનિમ, નાયલોન, વેલ્વેટ, શાટિન, લેસ, કેન્વાસ ઈત્યાદિ ફેબ્રિકનો ઉપયોગ કરવામાં આવે છે. ફેબ્રિક બેલ્ટમાં બો ડિઝાઈન, સિક્વન ઈત્યાદિ ફેશન ટ્રેન્ડમાં છે.

## સસ્પેન્ડર બેલ્ટ

યુવા પેઢીમાં સસ્પેન્ડર બેલ્ક ખાસ્સો લોકપ્રિય છે. ખાસ કરીને ફેશનેબલ યુવતીઓ અને યુવાનોમાં પણ આ બેલ્ટને કારણે જે તે વ્યક્તિનું



વ્યક્તિત્વ ખીલી ઉઠે છે. આજની તારીખમાં બજારમાં સુંદર ડિઝાઈનના સસ્પેન્ડર બેલ્ટ મળે છે. ખાસ કરીને છોકરીઓ માટે અત્રે ઉલ્લેખનીય છે કે તેમાં ‘રૂ’ બેક અને ‘ઠ’ બેક એમ બે પ્રકાર આવે છે.

## ચેન બેલ્ટ



ચેન બેલ્ટ, એટલે કે મેટલ બેલ્ટ પણ માનુનીઓમાં ખૂબ માનીતા છે. તેમાંય કામણગારી કટિ ધરાવતી યુવતીઓ જ્યારે સાડી પર આવું બેલ્ટ પહેરે ત્યારે તેમને જોનારાના આંખો ચાર થઈ જાય. મેટલ બેલ્ટમાં ઓક્સિડાઈસ કમરપટ્ટાનું ચલણ સૌથી વધારે છે અને આવા બેલ્ટ જિન્સ, ચુસ્ત પોશાક, મીની ડ્રેસ, લોંગ શ્રગ તેમજ જમ્પસૂટ પર પણ પહેરી શકાય છે.

## કોર્સેટ બેલ્ટ



કમરપટ્ટામાં હટકે ડિઝાઈન પહેરવી હોય તો કોર્સેટ બેલ્ટ શ્રેષ્ઠ પસંદગીગણાય. આ બેલ્ટ ખાસ કરીને પેટ પર પહેરવા માટે ડિઝાઈન કરવામાં આવે છે. ખાસ્સા પહોળા કોર્સેટ બેલ્ટ પેટને વત્તાઓછા અંશે ઢાંકી દેતા હોવાથી પુષ્ટકાય માનુનીઓમાં તે વધુ માનીતા છે. પરંતુ પેટ દબાવી દે એવા ઈલાસ્ટિકવાળા કોર્સેટ બેલ્ટ સ્થૂળકાય મહિલાઓમાં વધારે પ્રિય છે.

## ડી-રિંગ બેલ્ટ



તરૂણીઓમાં ડી- રિંગ બેલ્ટ ખૂબ પ્રિય છે. આ કમરપટ્ટાનું બકલ ‘ડી’ આકારનું હોવાથી તેને ડી- રિંગ બેબી કહેવાામાં આવે છે. કેટલાંક બેલ્ટમાં બે બકલ પણ હોય છે. આવા બકલવાળા કમરપટ્ટામાં નીઓન રંગ અત્યંત સુંદર લાગે છે. તેમાં બેટર પ્રિન્ટ, ચેક્સ પ્રિન્ટ, ફલોરલ ઉપરાંત ઘણી પ્રિન્ટ આસાનીથી મળી જતી હોવાથી યુવતીઓ પોતાના ડ્રેસ અનુસાર બેલ્ટ પહેરે છે. વળી તે વજનમાં તદ્દન હળવું હોવાથી પણ તરૂણીઓમાં તે વધુ પ્રિય છે.

## સ્કાર્ફ બેલ્ટ



સ્કાર્ફની શોખીન યુવતીઓ જિન્સ પર સ્કાર્ફને વિવિધ રીતે વીંટાળીને તેનું બેલ્ટ બનાવી લે છે. જોકે તેને માટે સિલ્ક અને શાટિનના સ્કાર્ફમાં સૌથી વધુ ઉપયોગ થાય છે. માનુનીઓ સ્કાર્ફની ગાંઠ વચ્ચે, જમણે, ડાબે, પોતાની મરજી મુજબ વળી શકે છે. જોકે તેમાં બો જેવી ગાંઠ સૌથી સુંદર લાગે છે. જોકે બેલ્ટ ખરીદતી વખતે તેમ જ પહેરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. જેમકે બેલ્ટ ખરીદતી વખતે સ્ટાઈલ સાથે કમ્ફર્ટને પણ પ્રાધાન્ય આપો. તમારા પોશાકને અનુરૂપ બેલ્ટ પહેરો. બેલ્ટના બકલની પસંદગી વખતે તમારા ફિગરને ખાસ ધ્યાનમાં લો.

# બારડોલીમાં ભાજપના સંમેલનનો વિરોધ કરતા કોંગ્રેસી MLA સહિત ૩૦ ડિટેઈન

• કોંગ્રેસ આગેવાનોને નજર કેદ કરાયા

બારડોલી : બારડોલી સ્વરાજ આશ્રમ ગ્રાઉન્ડ ખાતે ભાજપ આયોજીત સુરત, તાપી, નર્મદા અને ભરૂચ જિલ્લાના ખેડૂતોના સંમેલનમાં કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ બિલના સુધારાથી થનારા ફાયદાઓ અંગે સમજ આપવા પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલ, ગુજરાત સરકારના ચાર મંત્રી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના સંમેલન અગાઉ જિલ્લાભરમાં પોલીસે દરેક કોંગ્રેસ આગેવાનોના ઘરે પોલીસ બેસાડી તમામને ડીટેઈન કરી લીધા હતા. જેમાં સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ એવા માંડવીના ધારાસભ્ય આનંદ ચૌધરી માંડવી પોલીસને ચકમો આપી વેશ પલટો કરી બારડોલી પહોંચી ગયા હતા. બારડોલી ખાતે મામલતદાર કચેરીમાં કોંગ્રેસના અનેક આગેવાનો સાથે મામલતદારને આવેદનપત્રો આપવા જતા પોલીસે ૩૦થી વધુ આગેવાનોને મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં જ ડિટેઈન કરી લઈ સરકીટ હાઉસ ખાતે લઈ જઈ બેસાડી દીધા હતા. જ્યારે માજી કેન્દ્રીય મંત્રી ડૉ. તુષાર ચૌધરી સુરતથી બારડોલી આવતા પલસાણા પોલીસે ડિટેઈન કરી પલસાણા પોલીસ મથકે બેસાડી દીધા હતા. કડોદરા પોલીસે કોંગ્રેસના ચાર આગેવાનો, કામરેજ પોલીસે ચાર આગેવાનો જ્યારે બારડોલી પોલીસે મઢી ખાતે સાત અને બારડોલી પોલીસ મથકમાં પાંચ આગેવાનોને ડિટેઈન કરી લીધા હતા.

# ખેડામાં ૧૦ કરોડનું કૌભાંડઃ સહકારી સોસાયટીના અધ્યક્ષ વાઘેલાની અટક

અમદાવાદઃ રૂપિયા ૧૦ કરોડના કૌભાંડ બદલ ગુજરાતના ભ્રષ્ટાચાર વિરોધી બ્યૂરોએ ખેડા જિલ્લાની સહકારી સોસાયટીના અધ્યક્ષની ધરપકડ કરી હતી. એસીબીના જણાવ્યા અનુસાર આ કૌભાંડમાં ગુજરાત ગૌસેવા અને ગૌચારા વિકાસ બૉર્ડના અધિકારીઓ અને અન્ય લોકો પણ સંડોવાયેલા છે. ગયા વર્ષે રૂ. ૧૦ કરોડમાંથી ગેરકાયદે ઘણી રકમ વરિષ્ઠ અધિકારીઓને પહોંચતી કરાઇ હતી અને ખેડા જિલ્લાની આશાપુરા કામદાર સહકારી મંડળી લિ.ના અધ્યક્ષ નરેન્દ્ર વાઘેલાએ રૂ. ૧.૦૧ કરોડની ઉચાપાત કરી હતી. સઘન તપાસ બાદ આ કૌભાંડમાં સામેલ વાઘેલાની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી. ગૌસેવા બૉર્ડના તત્કાલીનસહાયક ડિરેક્ટર એસ. ડી. પટેલ સામે નવેમ્બર ૨૦૧૯માં એસીબીએ રૂ. ૧૦.૧૫ કરોડનું પેમેન્ટ ક્લિયર કરવા બદલ ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ કેસ દાખલ કર્યો હતો. તપાસ દરમિયાન એસીબીને જણાયું કે પટેલની મદદથી વાઘેલાને એની સહકારી સંસ્થા માટે રૂ. ૧.૦૧ કરોડનું ફંડ આપવામાં આવ્યું હતું. આ માટેના ચેક સંબંધિત ગ્રામ પંચાયતના બેંક ખાતામાં જમા કરાવાયા હતા.

## વડોદરામાં બુટલેગરના ત્રાસ સામે મદદ નહીં મળતા આત્મવિલોપનનો પ્રયાસ

અમદાવાદઃ બુટલેગરના ત્રાસથી છેલ્લા ૩ વર્ષથી ગામ છોડીને મામાના ઘરે રહેવા જતા રહ્યા બાદ પોતાના ગામમાં પરત ફરવા માટે પોલીસને અનેક વખત રજૂઆતો પછી પણ કોઈ મદદ ન મળતા આખરે યુવાને વડોદરા કલેક્ટર કચેરીએ પહોંચી આત્મ વિલોપનનો પ્રયત્ન કર્યો હતો. વડોદરાના ધનોરાના જગતપુરા ગામના બુટલેગરના ખોફથી ગામ બહાર રહેતો કિશોરે કલેક્ટર કચેરી ખાતે આત્મવિલોપન કરવા માટે આવી પહોંચતા પોલીસે દોડધામ કરી મૂકી હતી. આત્મવિલોપન કરવા માટે વડોદરા કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચેલા કિશોરને બચાવવા માતા, બહેન સહિતના પરિવારજનો પણ દોડી આવ્યા હતા. બુટલેગર સામે પોલીસ કોઈ કાર્યવાહી કરતી ન હોવાથી કિશોરે મુખ્યમંત્રીને પત્ર લખીને આત્મવિલોપન કરવાની મંજૂરી પણ માગી હતી. પોલીસે કિશોર સહિત પરિવારની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

## આપઘાતનો કેસ હત્યામાં ફેરવાયો : બે યુવાનો યુવતીને એકતરફી પ્રેમ કરતા હતા

અમદાવાદના ઓઢવ વિસ્તાર વિસ્તારમાંથી ગત ૪ ડિસેમ્બરના રોજ મળી આવેલ લાશ મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. જેમા મૃતક અને આરોપી એક જ યુવતીના પ્રેમમાં હતા અને જેના કારણે આરોપીએ હત્યા કરી હતી અને બાદમાં હત્યાને આપઘાતમાં ખપાવવાની કોશીશ કરી હતી. જોકે અન્ય ૩ આરોપીઓને પોલીસે ધરપકડ કરી ત્યાં સુધી તો આપઘાતનીજ ખબર હતી.

મરનાર આશારામ ઉર્ફે સીતારામ બલઈ એક યુવતીના એક તરફી પ્રેમમાં પાગલ હતો અને અવારનવાર તેની સાથે મજાક મસ્તી કરતો હતો. બનાવના દિવસે પણ તેને મસ્તી કરી હતી અને તે વાતની જાણ મુખ્ય આરોપી નંદરામ ઉર્ફે નંદાને થઈ હતી. મહત્વનું છે કે નંદરામ પણ એજ યુવતી સાથે એક તરફી પ્રેમમાં હતો. જેથી તેને ગત ૪ ડિસેમ્બરની વહેલી સવારે જે ફેક્ટરીમાં કામ કરતા હતા. ત્યાં જ એ લોકો રહેતા હતા ને આરોપી નંદરામે આશારામને ગળે ફાંસો આપી હત્યા કરી નાખી હતી. અને લાશને લટકાવી આપઘાતમાં ખપાવવાની કોશીશ કરી હતી.

મળતી માહિતી અનુસાર, નંદરામે હત્યા તો કરી નાંખી હતી પરંતુ આ વાતની જાણ ફેક્ટરી મલિક ગોપાલ તિવારીને થઈ અને તેને લાગ્યું કે, પોલીસ આવશે અને કેસ થશે તે બીકના કારણે તેને લાશને સગેવગે કરવા નંદરામ, બાબુ પ્રજાપતિ અને મીઠ્ઠુ કિરને કહ્યુ અને તે લોકો લાશને ફેંકી આવ્યા હતા.

## વડોદરા ન્યાયમંદિરને સિટી મ્યુઝિયમ બનાવવા ફરીવાર સહી ઝુંબેશનો પ્રારંભ

વડોદરાઃ મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્થાપેલ ન્યાયમંદિરને ૧૩૪ વર્ષ પૂર્ણ થયા છે. છેલ્લા અઢી વર્ષથી કોર્ટનું સ્થળાંતર થવાથી આ જગ્યા ખાલી પડીને ખંડેર બની ગઈ છે ત્યારે વડોદરાનો આ ઐતિહાસિક વારસો જળવાય રહે અને તેમાં સિટિ મ્યુઝિયમ બનાવવા ફરી એકવાર સહી ઝુંબેશનો પ્રારંભ તા.૨૦ ને રવિવારથી થવાનો છે. ન્યાયમંદિરને સિટિ મ્યુઝિયમ બનાવવા નવચેતના ફોરમ દ્વારા લોકડાઉન પહેલા સહી ઝુંબેશ હાથ ધરાઈ હતી. હવે ફરી એકવાર રવિવારે ગોત્રી, માંજલપુર, ચાર દરવાજા વિસ્તાર, સંગમ હરણી રોડ, ન્યાયમંદિર, મંગળ બજાર જેવા વિસ્તારોમાં સહી ઝુંબેશ હાથ ધરાશે. મુખ્યમંત્રીના શહેરી વિકાસ વિભાગને કાર્યવાહી કરવા આવેદનપત્ર આપ્યું હતું તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતા હવે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને રજૂઆત કરાશે.

# હડપ્પન સંસ્કૃતિના નગર ધોળાવીરાને નવેસરથી ડેવલપ કરવા કવાયત શરૂ



ગાંધીનગરઃ ગુજરાત સરકારને કચ્છમાં પ્રાચીન કાળની હડપ્પન સંસ્કૃતિ તાદૃશ કરતા ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે ડેવલપ કરવાની ફરી એકવારચાનકચઢીછે.આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાએ હડપ્પન નગરી-ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવવા યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સેન્ટરને નોમિનેશન માટેનું ડોઝિયર મોકલાવી દીધું છે અને એ સાથે રાજ્ય સરકારે આ સાઇટનો વિકાસ કરવા સમિતિઓ બનાવી દીધી છે.

રાજ્ય સરકારે ધોળાવીરા સાઇટના બફર ઝોનમાં ટૂરિસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ ઊભું કરવાનું નક્કી કર્યું છે, જેમાં પાણી, વીજળી અને સેનિટેશનની સુવિધા ઊભી થશે. ધોળાવીરા પહોંચવા માટે રોડ કનેક્ટિવિટી ઊભી કરવા ખદિરથી ખાવડા, ખદિરથી ભચાઉ અને સાંતલપુર-ખદિર-ખાવડા એમ ત્રણ નવા રસ્તાઓ બનાવાશે, જ્યારે હાલના રાપર-ધોળાવીરા, ભચાઉ-રાપર અને રાપર-અદેસર એમ ત્રણ રસ્તાઓનું રિપેરિંગ થશે. રાજ્ય સરકાર ધોળાવીરાના વિકાસ માટે સાઇટ મેનેજમેન્ટ પ્લાન ઘડવા, નીતિવિષયક નિર્ણયો લેવા અને તેનો અમલ કરવા બે સમિતિઓ બનાવી છે, જેમાં મુખ્યસચિવ અનિલ મુકિમના વડપણ હેઠળ રાજ્યકક્ષાની ૧૬ સભ્યોની ઉચ્ચકક્ષાની સમિતિ તેમજ સાઇટ ખાતે વિવિધ કામગીરી હાથ ધરવા કચ્છના જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ૬ સભ્યોની સમિતિ બનાવાઈ છે.

# દેવી હોવાનું કહી નિર્વસ્ત્ર થઈને વહુને ડરાવતી સાસુ સામે કેસ

• પરીણિતાને સંડાસની બાજુમાં બેસાડી ઘરમાં વધેલું ભોજન અપાતું હતું

અમદાવાદઃ અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રહેતી યુવતીના લગ્ન સમાજના રિવાજ મુજબ થયાં હતાં, થોડા દિવસ સારું ચાલ્યા બાદ સાસરિયાએ પોતાનો રંગ બતાવ્યો હતો. યુવતી પર લોભી અને લાલચુ સાસરિયાંએ તેના પર ત્રાસ ગુજારવાનું શરૂ કરી દીધું હતું. થોડા સમય બાદ પરિણીતાએ દીકરીને જન્મ આપ્યો હતો. પરંતુ સાસરિયાઓને તે મંજૂર નહોતું, જેના કારણે સાસું અવાર નવાર હેરાન પરેશાન કરતી રહેતી હતી. યુવતીનો પતિ જ્યારે કામે જાય ત્યારે સાસુ પોતાના તમામ કપડાં કાઢીને નિર્વસ્ત્ર થઈ જતી હતી અને જોર જોરથી રાડો પાડીને પરિણીતાને ડરાવતી રહેતી હતી. આ વાતની જાણ પરિણીતાએ જ્યારે પતિને કરી ત્યારે પતિએ જણાવ્યું કે, મમ્મીને દેવીનો પવન આવે છે, કહીને વાત ઉડાડી દીધી હતી.

પરિવારના અન્ય લોકો પર તેના પર ત્રાસ ગુજારવા લાગ્યા હતા. પરિણીતાને સંડાસની બાજુમાં બેસાડીને જમવા માટે પણ રાતનું વધેલું ખાવાનું આપવામાં આવતું હતું. આખરે કંટાળેલી પરિણીતાએ પોલીસનું શરણું લીધું હતું. તેથી પોલીસે ફરિયાદ નોંધી છે.

## જાફરાબાદના દરિયામાંથી ૩૦૦ કિલોની માછલી મળી

જાફરાબાદઃ જાફરાબાદના દરિયામાંથી ૩૦૦ કિલોની મહાકાય માછલી મળી છે જેથી આખા પંથકમાં કુતૂહલ સર્જાયું છે. જાફરાબાદના દરિયામાં રાજસાગર નામની બોટ લઈને માછીમાર રાજેશ હરજીભાઈ બારૈયા માછીમારી કરવા માટે દરિયામાં ગયા હતા. ત્યારે ૩૦૦ કિલોગ્રામની વેખું નામની મહાકાય માછલી જાળમાં ફસાઈ ગઈ હતી. આ માછલી ઘણી જ કિંમતી હોવાથી તેને વેરાવળ મત્સ્યના કારખાનામા મોકલવામા આવી છે. જાફરાબાદ બંદરની બોટમાં મધદરિયે રાજસાગર નામની બોટમાં વેખુ નામની માછલી માછીમારી કરતા પકડાઇ છે. અંદાજે ૩૦૦ કિલોગ્રામ વજન ધરાવતી વેખું નામની માછલીને વેરાવળ વેચાણ માટે મોકલવામાં આવી છે. માછીમાર રાજેશ હરજીભાઈ બારૈયાની બોટમાં વેખું નામની ૩૦૦ કિલોની માછલી મળતા બોટને જાફરાબાદ બંદર પર લવાઈ હતી. આ મહાકાય માછલીની કિંમત ખૂબ હોય છે.

## માત્ર પંજાના નિશાન પર ચૂંટાતા લોકો અંગે થશે વિચારણાઃ અમિત ચાવડા

પાટણ ખાતે આજે કોંગ્રેસની સંકલનની બેઠક પ્રદેશ યોજાઇ હતી. જેમા કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અધ્યક્ષ સ્થાને મળવા પામી હતી. જેમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ઉમેદવારોની પસંદગીને લઈ સંકલનની બેઠકમાં કાર્યકરોના સૂચનો લેવામાં આવ્યા હતા. તો આ બેઠક મામલે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને પૂછતાં તેમને જણાવ્યું હતું કે, આવનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે ચર્ચા કરાઈ રહી છે. સાથે જે પક્ષ પલ્ટો કરી જાય છે તે અંગે ચર્ચા કરી અને ઉમેદવારની પસંદગીમાં પણ ધ્યાન રાખવામાં આવશે. તો ચૂંટણીમાં ખાસ પ્રદેશ દ્વારા ઉમેદવારની પસંદગી સ્થાનિક લેવલથી કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

પાટણ ખાતે કોંગ્રેસની મળેલી સંકલનની બેઠક મામલે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ સનિસ્ટ કાર્યકરોને અગ્રિમતા આપવામાં આવશે. કોંગ્રેસના પંજાના નિશાન પર ચૂંટાતા પક્ષ પલ્ટો કરનાર સામે વિચારણા કરવામાં આવશે. અને પોતાના વ્યક્તિગત સ્વાર્થ અને પાસાના કારણે પક્ષ પલ્ટો કરનાર અંગે ચિંતા અને સમીક્ષા કરી છે. તથા આગામી ચૂંટણીઓમાં સ્થાનિક લેવલે જ ઉમેદવારોની પસંદગી કરાશે. વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, પક્ષ પલ્ટો કરનારા ચૂંટાયેલા નેતાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. માત્ર પક્ષના વફાદાર લોકોને જ ટીકીટ ફાળવવામાં આવશે.

## અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસ : કોર્ટમાં અંતિમ દલીલો

અમદાવાદઃ અમદાવાદને ધણધણાવી દેનારા વર્ષ ૨૦૦૮ના સીરિયલ બ્લાસ્ટ કેસમાં ૭૮ આરોપીઓ સામેના કેસમાં આજથી સ્પેશિયલ કોર્ટમાં અંતિમ દલીલોની શરૂઆત કરવામાં આ વી છે. બ્લાસ્ટ કેસ માટે ખાસ રચાયેલી કોર્ટમાં સેશન્સ જજ એ.આર. પટેલ ની સામે અત્યાર સુધીમાં ૧૧૬૩ સાક્ષીઓની જુલાઈની લેવાઈ ચૂકી છે અને કુલ ૧૬,૬૦,૦૦૦ પાનાંની ૪૧૫ ચાર્જશીટ તપાસ અધિકારીઓ દ્વારા રજૂ કરવામાં આવી છે. અમદાવાદમાં ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ અલગ-અલગ ૨૦ જગ્યાએથયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કેસમાં ૫૬ લોકોના મોત થયા હતા અને આશરે ૨૫૦ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. કેસની સુનાવણી ઝડપથી કરવાના સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ કેસમાં અત્યાર સુધીમાં પ્રોસિક્યુશન એટલે કે સરકારના પક્ષમાં ૧૧૬૩ સાક્ષીઓની જુબાની લેવામાં આ વી છે અને આરોપીઓ તરફે આઠ સાક્ષીઓની જુબાની લેવામાં આવી છે.

# ધોરડોમાં વોટર ડિસિલિનેશન પ્લાન્ટનું મોદી દ્વારા લોકાર્પણ

## • ભચાઉ, રાપર અને ગાંધીધામ તાલુકાને વધારાનું પાણી મળશે

### ભૂજિયા ડુંગર પર બની રહેલા ધરતીકંપ મેમોરિયલ પ્રોજેક્ટની સમીક્ષા



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે તેમના ધોરડો ટેન્ટસિટી ખાતેના ટૂંકા રોકાણ દરમિયાન ભુજના ભૂજિયા ડુંગર ઉપર આકાર લઈ રહેલા અને અતિશય વિલંબમાં પડેલા અંદાજે રૂ. ૪૦૦ કરોડના સ્મૃતિ વન ધરતીકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી. આ પ્રોજેક્ટના ભાગરૂપે મ્યુઝિયમ માટેના અલગ અલગ બિલ્ડિંગ બ્લોક્સ બાંધવાનો કોન્ટ્રાક્ટ રૂ. ૯૬ કરોડમાં ક્યૂબ કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગ લિમિટેડને ૨૦૧૬ના અરસામાં સોંપાયેલો છે, પણ એક યા બીજા કારણો આગળ ધરીને કોન્ટ્રાક્ટરે હજી સુધી બાંધકામ પૂરૂં કર્યું નથી, જોકે વડા પ્રધાનની સમીક્ષા બેઠકમાં કહે છે કે, આ અલગ અલગ બિલ્ડિંગ બ્લોક્સનું કામ માર્ચ-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની ખાતરી અપાઈ હતી.

ભુજ: વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે એક દિવસની ગુજરાત મુલાકાતે આવ્યાં છે. અહીં તેમણે ધોરડો માંડવીમાં આવેલા વોટર ડિસિલિનેશન પ્લાન્ટનું લોકાર્પણ કર્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્રમોદીએ ઉદ્ઘાટન કરેલા વોટર ડિસિલિનેશન પ્લાન્ટની ક્ષમતા દરરોજ ૧૦ કરોડ લીટરની છે. વોટર ડિસિલિનેશન પ્લાન્ટથી નર્મદા ગ્રીડી, સૌની નેટવર્કને પૂર્ણ કરી પોણીની સુવિધા વધશે. જેનો લાભ મુન્દ્રા, લખપત, અબડાસા અને નખત્રાણાને લાભ મળશે. આ ઉપરાંત ભચાઉ, રાપર અને ગાંધીધામ તાલુકાને વધારાનું પાણી મળશે. પીએમ મોદીના હસ્તે ધોરડોથી કચ્છના વિઘા કોટનજીક હાઈબ્રિડરિન્યુએબલ એનર્જીપાર્કનું લોકાર્પણ કરવામાં આવ્યુ. સૌથી મોટો પુનઃપ્રાપ્ય ઉર્જા જનરેશન પાર્ક અહી બની રહ્યો છે. ૭૨ હજાર ૬૦૦ હેક્ટર જમીનમાં પથરાયેલો આ પાર્ક પવન અને સૌર ઊર્જાના સંગ્રહ માટે પ્રતિબદ્ધ હાઈબ્રિડ પાર્ક ઝોન બનશે, તેમજ વિન્ડ પાર્કની પ્રવૃત્તિઓ માટે એક્સક્લૂઝિવ પાર્ક બનશે.જ્યાં૩૦ ગીગાવોટ સુધીની પુનઃપ્રાપ્ય ઊર્જાનું ઉત્પાદન થશે.

મોદીનું સ્વાગત રાજ્યના મુખ્યમંત્રી, ડે. સીએમ, ગૃહ મંત્રી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. મોદી ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા ભુજ પહોંચ્યા છે. તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામા આવી છે. મોદીની મુલાકાત પહેલા એસપીજી સહિત સ્થાનિક પોલીસ દ્વારા સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. તો બીજી તરફ જિલ્લા મથક ભુજના વિવિધ પોઈન્ટ પર સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. સરહદી ગામડાઓ અને મહત્વના માર્ગો પર સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરાઈ છે.

# માવઠાથી નુકસાન, વીરપુરના ખેડૂતે ૧૦ વીઘાના પાક પર રોટાવેટર ફેરવી નાખ્યું

તાજેતરના માવઠાએ સૌરાષ્ટ્રના અસંખ્ય ખેડૂતોની માઠી દશા કરી નાખી છે. જેમાં યાત્રાધામ વીરપુરમાં કેટલાક ખેડૂતોએ શાકભાજીમાં ફ્લાવર અને કોબીજનું વાવેતર કર્યુ છે. જેના પર માવઠું થતાં ફ્લાવરનો પાક બગડવા લાગ્યો અને ખુલ્લી બજારમાં ભાવ પણ તળિયે બેસી જતા કેટલાક ખેડૂતોએ ઉભા ફ્લાવરના પાકમાં રોટાવેટર ફેરવી દીધું છે. હસમુખભાઈ સાકરીયા નામના ખેડૂતે જણાવ્યું હતું કે, મેં ૨૦થી ૨૨ વીઘામાં ફ્લાવર અને કોબિજનો પાક વાવ્યો છે. પરંતુ માવઠાને કારણે પાક નિષ્ફળ ગયો છે અને માર્કેટમાં કોઈ ૧ રૂપિયે કિલો ફ્લાવર-કોબિજ લેવા કોઈ તૈયાર નથી. આથી આજે મેં મારા ૧૦ વીઘામાં ઉભા ફ્લાવર અને કોબિજના પાક પર રોટાવેટર ફેરવી નાખ્યું છે.

હવામાન વિભાગે થોડા દિવસ પૂર્વે સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની આગાહી કરી હતી. આગાહી મુજબ કેટલાક વિસ્તારોમાં માવઠું થયું હતું. જેના કારણે શિયાળુ પાક જેવા કે ઘઉં, જીરું, ધાણા, કપાસ વગેરે પાકોમાં નુકસાની થઈ હતી. તેમજ શાકભાજીનો પાક સડવાની બગડવાની ભીતિ સેવાઈ રહી હતી. આ ભીતિ યાત્રાધામ વીરપુરમાં સાચી ઠરી છે. કેમ કે અહીં વર્ષોથી શાકભાજીની ખેતી કરતા કેટલાક ખેડૂતોમાં હરસુખભાઈ સાકરીયા નામના ખેડૂતે કોબીજ તેમજ ફ્લાવરનું વાવેતર કર્યુ હતું. પરંતુ માવઠાને કારણે હરસુખભાઈ સહિત શાકભાજીનું વાવતેર કરનાર ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. હરસુખભાઈએ ફ્લાવરને યોગ્ય પ્રમાણમાં ખાતર, દવા આપી સારી માવજત કરતા પાક પણ ખૂબ સારો થતા ચોમાસામાં અતિવૃષ્ટિને કારણે થયેલી નુકસાની આ શાકભાજીના સારા પાકથી સરભર થઈ જશે તેવી આશા લઈને બેઠા હતા.

# જેતપુર : મામી સાથે સંબંધ ધરાવતા ભાણેજને દારૂ પીવડાવીને પતાવી દીધો

## • ૧૭ દિવસ પહેલાં કૂવામાં ફેંકીને યુવાનની હત્યા થયાનું તપાસમાં ખૂલ્યું

રાજકોટ- મૂળ ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના ગુંદિયા ગામનો વતની નીલેશ તેની પત્ની કૈલાસ તેમ જ અન્ય સગાં-સંબંધીઓ સાથે વીરપુરથી ૩૦ કિલોમીટર દૂર આવેલા કેરાળી ગામમાં રહી મજૂરી કામ કરતો હતો. તા.૨૭/૧૧ના રાત્રે તે લાપતા થયો હતો. પરિવારજનો અને પોલીસ દ્વારા શોધખોળ ચાલતી હતી એ દરમ્યાન કેરાળીની સીમમાં રણછોડભાઈ વેલજીભાઈ રામોલિયાની વાડીએ કૂવામાંથી તા.૨૯/૧૧ના સાંજે તેની લાશ મળી આવી હતી. આ અકસ્માત મૃત્યુ અંગે વીરપુર પોલીસે તપાસ હાથ ધરી એ દરમ્યાન ખેતમજૂરો સહિતના લોકોની પૂછપરછ કરી હતી. જેમાંથી જાણવા મળ્યું કે નીલેશને તેના કુટુંબી મામા વિનુ વસાવાની પત્ની સાથે પ્રેમ સંબંધ હતો. જેનો ખાર રાખીને વિનુ નીલેશને કેરાળી ગામની વાડીએ લઈ ગયો હતો. ત્યાં એને ચિકાર દારૂ પીવડાવ્યો અને બાદમાં ઝપાઝપી કરીને તેને ધક્કો મારીને કૂવામાં ફેંકી દીધો હતો. આ બનાવ હત્યાનો હોવાનું સામે આવતાં ગત રાત્રે વીરપુર પોલીસે નીલેશની પત્ની કૈલાસની ફરિયાદ આધારે ખૂનનો ગુનો નોંધ્યો છે.

# રાજકોટમાં ગજબનો કરોડપતિ ચોર, પુત્ર સાથે મળીને ૧૨ ગુના આચર્યા

રાજકોટઃ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે આનંદ જેસિંગ સીતાપરા ઉર્ફે કરોડપતિ ચોરને તેમજ તેના દીકરા હસમુખને દાગીના તથા રોકડ રૂપિયા સાથે ઝડપી પાડયો છે. ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછમાં આરોપીઓએ ૧૨ ગુના અંગે કબૂલાત આપી છે.

રાજકોટ ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, અસંખ્ય ચોરીના ગુનામાં સંડોવાયેલ આનંદ જેસિંગ સીતાપરા તથા તેનો દીકરો હસમુખ મોટરસાયકલ તથા ચોરીના પૈસામાંથી લીધેલ મોટરસાયકલ તથા સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા વગેરે ચીજ-વસ્તુઓ સાથે માધાપર ચોકડી આસપાસ ફરી રહ્યા છે. ત્યારે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા માધાપર ચોકડીથી આગળ જતાં ચિતરીયા પીરની દરગાહ સામેના ભાગથી બંને પિતા-પુત્રોને ઝડપી પાડવામાં આવ્યા છે. તો સાથે જ તેમની પૂછપરછમાં ૧૨ જેટલા ચોરીઓનો ભેદ પણ ઉકેલવામાં આવ્યો છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સોના-ચાંદીના દાગીના, બે મોટર સાયકલ, ઘડિયાળ તેમજ રોકડ સહિત કુલ ૧૫,૦૧,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસે આરોપીઓની મોડસ ઓપરેન્ડી અંગે જણાવ્યું હતું કે, આરોપીઓ તહેવાર દરમિયાન ચોરી કરતા હતા, બારીની ગ્રિલ તોડીને ચોરી કરતા હતા. સાથે જ પોલીસથી બચવા મોટી ચોરી કર્યા બાદ ઘર પણ બદલી નાખતો હતો. ઓળખ છુપાવવા માટે મોટરસાયકલના પાછળના ભાગમાં બેસતો હેમંત ચૌહાણ તેમજ ચાલકને પણ હંમેશા હેલ્મેટ પર આવતો તો સાથે જ નંબર પ્લેટ વગરના મોટર સાયકલનો ઉપયોગ કરતો હતો.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com.
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# મહિસાગર નદીને પ્રદૂષણથી બચાવવા આંદોલનની ચીમકી

**• આડેધડ અને અંકુશ વગરના ઔદ્યોગિક વિકાસના કારણે ગુજરાતમાં પર્યાવરણનો કચ્ચરઘાણ નીકળી ગયો**



મહિસાગર : વડોદરા નજીક ઉમરા ગામથી જંબુસર નજીક સારોદ સુધીના ૩૦ કિ.મી.ના પટમાં મહિસાગર નદી ‘કેમિકલનો સાગર‘ બની ગઈ છે. મહિસાગર વહેતી નદી હોવા છતાં તેના ઉપર કેમિકલના ફીણની ચાદર પથરાઈ ગઈ છે. આ ખતરનાક પરિસ્થિતિ હોવા છતાં જીપીસીબી, સીપીસીબી, એનજીટી અને સરકાર ચુપ છે. હવે મહિસાગરના પટ ઉપર વસેલા ગામડાઓમાં રોષ ભભૂકી ઉઠયો છે અને મહિસાગર બચાવો આંદોલનનો તખ્તો ઘડાઈ રહ્યો છે.

પર્યાવરણ સુરક્ષા સમિતિ અને ગ્રામજનોની માગ છે કે કેન્દ્ર સરકાર દ્વારા ‘સેન્ટ્રલ મોનિટરિંગ કમિટિ‘ની તાત્કાલિક રચના કરવામાં આવે. આ કમિટિ મહિસાગર નદી, સાબરમતી નદી અને ખંભાતના અખાતમાં પાણીના સેમ્પલ મેળવે, નદી અને અખાતના તળીયાની જમીનના તથા તટ વિસ્તારની જમીનના સેમ્પલ લઈને ‘ફિંગરપ્રિન્ટ ટેસ્ટ‘ (પાણી અને જમીનમાં રહેલા તમામ તત્વોનો સુક્ષ્મ અભ્યાસ કરતો ટેસ્ટ) કરાવવાની માંગ કરી છે ઉપરાંત એવી પણ માગ છે કે ‘સેન્ટ્રલ મોનિટરિંગ કમિટિ‘ દ્વારા બન્ને નદીઓ અને અખાતમાં આવતા ફેરફારોનુ સતત મોનિટરિંગ કરવામાં આવે.

પર્યાવરણ સુરક્ષા સમિતિના રોહિત પ્રજાપતિનું કહેવુ છે કે આશ્ચર્ય તો એ વાતનુ છે કે ચાર ચાર દાયકાઓથી મહિસાગર, સાબરમતી અને ખંભાતના અખાતમાં લાખો ટન કેમિકલ છોડવામા આવી રહ્યુ છે, તેની નદીઓ અને અખાતમાં શું અસર થઈ છે તેનો કોઈ સર્વે થયો નથી. ગુજરાત આખાની ઈન્ડસ્ટ્રિઝનુ એફલુઅન્ટ છેલ્લે અખાતમાં જ ઠલવાય છે, આડેધડ અને અંકુશ વગરના ઔદ્યોગિક વિકાસના કારણે ગુજરાતમાં પર્યાવરણનો કચ્ચરઘાણ નીકળી ગયો છે

રોહિત પ્રજાપતિએ કહ્યું હતુ કે દેશમાં નંબર વન રાજ્યનો પ્રચાર કરવામાં આવે છે તે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની ઝાંખી સરકાર આખા વિશ્વમાં બતાવે છે. વાસ્તવિક્તા એ છે કે આડેધડ અને અંકુશ વગરના ઔદ્યોગિક વિકાસના કારણે ગુજરાતમાં પર્યાવરણનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. આ એવુ નુકસાન છે જે મનુષ્ય ક્યારેય પુનઃ ભરપાઈ નહી કરી શકે. ગુજરાતના સૌથી મોટા ઔદ્યોગિક ઝોનનો ઝેરી કેમિકલ યુક્ત કચરો-પ્રવાહી ખંભાતના અખાતમાં જ ઠલવાય છે.

## વડોદરા જિલ્લા અને આઠ તાલુકા પંચાયતોની ૨૨મી ડિસેમ્બરે મુદત પુરી થશે

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયત અને આઠ તાલુકા પંચાયતોની ગઈ ડિસેમ્બર-૨૦૧૫માં ચૂંટણીઓ યોજાઈ હતી.ચૂંટાયેલા સભ્યોએ ચાર્જ લીધાના આગામી તા.૨૨મી ડિસેમ્બરે પાંચ વર્ષ પુરા થઈ રહ્યા છે. રાજ્ય સરકારે જિલ્લા પંચાયતોમાં જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયતોમાં તાલુકા વિકાસ અધિકારીઓને વહીવટદાર તરીકે મુકતા આગામી તા.૨૨મી એ તેઓ ચાર્જ લેનાર છે. બીજીતરફ છેલ્લી ઘડીએ કામોની મંજૂરી માટે ચૂંટાયેલા સભ્યો દોડધામ કરી રહ્યા છે.જ્યારે,જિલ્લા પંચાયતના પ્રમુખના પતિએ છેલ્લી સભા બોલાવી કામો મંજૂર કરી લેવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ ડીડીઓ બીમારીના કારણે તા.૨૧મી સુધી રજા પર ઉતરી જતાં સભા મળી નથી અને ઈન્ચાર્જ ડીડીઓ સભા માટે તૈયારી નથી.

## કેનેડાના વિઝા અપાવવાના બહાને રૂપિયા ૬.૫૦ કરોડની છેતરપીંડી

**• ૩૨૫ લોકો સુરતના ભેજાબાજ દંપતીના વાતોમાં ફસાયા : એડવાન્સ ફી પેટે પૈસા ઉઘરાવ્યા**

મહેસાણા : સુરત ખાતે આવેલ પાલનપુર જકાતનાકા પાસેના રાજવલ્ડ ફલેટના ચોથા મળે રહેતા સંદીપ જીતેન્દ્રભાઈ કાપડીયા અને તેની પત્ની અવની કાપડીયાએ થોડાક સમય પહેલાં મહેસાણા શહેરના રાધનપુર રોડ ઉપર આવેલ ક્રિષ્ણા કોમ્પલેક્ષમાં એસ. કે.ઈન્ટરનેશનલ વિઝા કન્સલ્ટીંગ એજન્સી નામની ઓફિસ શરૂ કરી હતી. જેથી મહેસાણા રામોસણા રોડ પર આવેલ અનમોલ વિલામાં રહેતા કેતન પિયુશકાંત દેસાઈએ તેમનો સંપર્ક કર્યો હતો. તેઓને આ દંપતીએ કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવવાના બહાના હેઠળ વિશ્વાસ આપી છેતરપીંડી આચરવાના ઈરાદે કાવતરૂં રચ્યું હતું. જેમાં પોતાની ફર્મ સ્પેકટ્રાઈમીગ્રેશન એન્ડ ઈન્ટરનેશનલ ટુર્લ દ્વારા ફરિયાદી અને તેમના સંપર્કવાળા વ્યક્તિઓને કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવવાનો ખોટો ભરોસો આપ્યો હતો. તેમણે જુન ૨૦૧૮થી જાન્યુઆરી ૨૦૨૦ના સમયગાળામાં મહેસાણા જિલ્લા અને આસપાસના વિસ્તારોના ૩૨૫ લોકોને પોતાની વાતોમાં ફસાવી તેમની પાસેથી એડવાન્સ ફી પેટે રૂ.૬.૫૦ કરોડ ઉઘરાવી લીધા હતા.

## બરોડા ડેરીની વધુ ૨ બેઠક બિનહરીફ, ૬ પૈકી કોંગ્રેસને ૪ અને ભાજપને ૨ બેઠક

વડોદરા : બરોડા ડેરીની ચૂંટણીમાં ગુરુવારે ફોર્મ પાછા ખેંચવાની મુદત પૂરી થતા વધુ બે બેઠક બિનહરીફ જાહેર કરાઈ છે. જે પૈકી એક બેઠક ઉપર ભાજપના પૂર્વ ધારાસભ્ય અને બીજી બેઠક ઉપર કોંગ્રેસના આગેવાન ડિરેક્ટર તરીકે જાહેર થયા છે, અત્યાર સુધી કુલ ૪ બેઠક બિનહરીફ થઈ હતી. જેમાં કોંગ્રેસના ફાળે ૩ અને ૧ બેઠક ભાજપે મેળવી હતી. હવે કરજણ ઝોનના ભાજપના પૂર્વ ધારાસભ્ય સતિષ નીશાળીયા સામે બરોડા ડેરીના પૂર્વ ડિરેક્ટર જગદેવસિંહ પરીહારે ફોર્મ પરત ખેચતા પૂર્વ ધારાસભ્ય બિનહરીફ થયા છે. જ્યારે વાઘોડિયા માં કોંગ્રેસના રાજુ અલવા સામે ઉમેદવારી કરનાર રમેશભાઈ એ ફોર્મ પાછું ખેંચતા રાજુભાઈ પણ બિનહરીફ જાહેર થયા છે.

## વડોદરામાં પર્યુષણમાં બાળકોએ 5 મહિના ટીવી, મોબાઈલ, રાત્રિ ભોજનનો ત્યાગ કર્યો

વડોદરા : વડોદરામાં અધિકમાસ હોવાથી પર્યુષણના પાંચ માસ દરમિયાન સ્પર્ધાના ભાગરુપે બાળકોએ ટીવી, મોબાઈલ, રાત્રિ ભોજન અને હોટેલમાં જમવાનો ત્યાગ કર્યો હતો. શહેરના શ્રી જૈન એલ્ટ ગ્રુપ, શ્રી જૈન એલ્ર્ટ ગ્રુપ નિઝામપુરા અને શ્રી જૈન અનુકંપા ગ્રુપ દ્વારા ચર્તુમાસ દરમિયાન સંસ્કાર સિંચન સ્પર્ધા યોજવામાં આવે છે. જે અંતર્ગત ૪થી ૧૮ વર્ષના શહેરના ૧૨૦૦ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં બાળકોએ ચાર્તુમાસ દરમિયાન પોતાના ઘરે બેસી ધર્મની આરાધના, રાત્રિ ભોજનનો ત્યાગ, ટીવી કે મોબાઈલનો ઉપયોગ ટાળવો, હોટેલના ભોજનનો ત્યાગ, ભગવાનની પૂજા-સેવા, મહારાજ સાહેબને પગે લાગવા જવું, માતા-પિતાને પગે લાગવુ, ઉકાળેલ પાણી પીવું,બે પ્રતિક્રમણ સૂત્ર, પાંચ પ્રતિક્રમણ સૂત્રનું વાંચન વગેરે નિયમિતરુપે કરવાનું હોય છે. તમામ



નિયમોનું જે બાળકો ચાર મહિના સુધી પાલન કરે તેમને રુ.૨૦ લાખ સુધીના ઈનામો આપવામાં આવે છે. સ્પર્ધામાં ૨૦ બાળકોની પસંદગી કરાઈ હતી. આ તમામ બાળકોના બહુમાનનો કાર્યક્રમ વિમળપ્રભની નિશ્રામાં શ્રી અલકાપુરી જૈન સંઘ ખાતે રાખવામાં આવ્યો હતો.

## કેમિકલ બ્લાસ્ટઃ નાણાં જમા કરાવવા સાહિલ ફેક્ટરીના માલિકની નાદારી

ગાંધીનગર : કેમિકલ બ્લાસ્ટમાં ૧૨થી વધુ કામદારોના જીવન ખતમ કરનારી પીપલજ-પિરાણા રોડ ઉપરની સાહિલ એન્ટરપ્રાઈઝ કેમિકલ બોઈલર ફેક્ટરીના માલિક હેતલ ગિરીશ સુતરિયાને નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ-એનજીટીએ તેના ૧૧મી નવેમ્બરના ઓર્ડરમાં પાંચ કરોડ રૂપિયા ૧૦ દિવસમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર પાસે જમા કરાવવાનો અને જમા ના કરાવે તો તેમની મિલકતો રાજ્ય સાત કબજે કરવાનો કડક આદેશ આપ્યો છે, પણ હેતલ સુતરિયા સંપૂર્ણ નાદારી નોંધાવી રહ્યો છે. એનજીટીના હુકમ પછી ૨૦મી નવેમ્બરે અમદાવાદ જિલ્લા કલેક્ટરે હેતલ સુતરિયાને એક મહિનાની નોટિસ આપેલી છે.

એનજીટીના ઓર્ડર મુજબ સૌથી પહેલાં, કોઈપણ પ્રકારની પરવાનગી ના ધરાવતા સાહિલ એન્ટરપ્રાઈસના માલિક હેતલ સુતરિયા પાસેથી રૂ. પાંચ કરોડ વસૂલવાના છે, જેમાંથી પ્રત્યેક જીવ ગુમાવનારના વારસને રૂ. ૧૫ લાખનું તથા ઈજાગ્રસ્તને રૂ. ૫ લાખનું વળતર ચૂકવવાનું છે, પણ હેતલ સુતરિયા પોતાની પાસે કોઈ નાણાં નહીં હોવાનું રટણ કરી રહ્યો છે તે મકાન પિતાના નામે ભાડેથી હોવાનું જણાવી રહ્યો છે.

## ઊંઝાના બોગસ બિલિંગમાં ૬ કરોડની જીએસટી ચોરી કરનાર માધાની ધરપકડ

ઊંઝા : બોગસ બિલિંગ કરીને રૂા. ૬ કરોડથી વધુ રકમની જીએસટીની ચોરી કરવાના કૌભાંડમાં સંડોવેયાલા ઊંઝાના વેપારી સંજય પટેલ ઉર્ફે સંજય માધાની આજે ગુજરાતના જીએસટીના અધિકારીઓએ ધરપકડ કરી છે. સંજય પ્રહલાદભાઈ પટેલ ઉર્ફે સંજય માધા અને તેના સાથી કૌભાંડકારોએ મળીને ગરીબ માણસોને નાની નાની રકમની લાલચ આપીને તેમના નામાં બોગસ કંપનીઓ ઊભી કરી હતી. આ કંપનીઓનો ઉપયોગ કરીન ેસંજય પટેલે બોગસ બિલિંગ કર્યં હતું. આ બોગસ બિલિંગ રૂા. ૧૦૯. ૯૭ કરોડ જેટલા બોગસ બિલ બનાવ્યા હતા. તેની મદદથી રૂા. ૬ કરોડથી વધુ રકમની જીએસટીની ચોરી કરી હોવાનું પ્રસ્થાપિત થયું છે.

## દૂધસાગર ડેરીના કૌભાંડમાં વિપુલ ચૌધરીની ધરપકડ

**• ડેરીના ૧૯૩૨ કર્મચારીઓને અપાયેલો વધારાનો પગાર પાછો લઈ લેતા હોદ્દેદાર ભેરવાયા**

મહેસાણા : મહેસાણા દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની ધરપકડ સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવી છે. આ ધરપકડ સાગર દાણ કૌભાંડમાં દૂધ ઉત્પાદક સંઘને નુકસાની પેટે જે પૈસા આપવાના હતા તેમાં વિપુલ ચૌધરીની ધરપકડ થઈ છે. ડેરીના ૩૦ જેટલા અધિકારીઓને સામેલ કરી ૧૯૩૨ કર્મચારીઓના ખાતામાં ડબલ પગાર જમા કર્યો હતો. તેમાંથી એક પગાર પરત લઈ સંઘમાં ૯ કરોડ જમા કર્યા હતા. આ ફરિયાદ થયા બાદ સીઆઈડી ક્રાઈમે ૩૦ થી ૩૫ જેટલા કર્મચારીઓના નિવેદન લીધા બાદ આજે પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની ગાંધીનગર ખાતેથી ધરપકડ કરી હતી. વિપુલ ચૌધરીને કોર્ટમાં રજૂ કરતા ચાર દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા હતા. આ કૌભાંડની વિગતો જોઈએ તો ૨૦૧૪માં મહેસાણા



સહકારી દૂધ ઉત્પાદક સંઘના પૂર્વ ચેરમેન તરીકે વિપુલ માનસંગભાઈ ચૌધરી કાર્યરત હતા. તેમના વિરૂદ્ધ મહેસાણા શહેર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં સહકારી દૂધ ઉત્પાદક સંઘને નુકસાન કરવા અંગેની ફરિયાદ દાખલ થઈ હતી. ૨૦૧૩માં મહારાષ્ટ્રમાં વિના મૂલ્યે સાગરદાણ મોકલી મહેસાણા દૂધ ઉત્પાદક સંઘને રૂ.૨૨.૫૦ કરોડનું નુકસાન થયેલું હતું.

### કાર્યવાહી સામે સભા-રેલી યોજનારા ૬૬ની અટકાયત

મહેસાણા : દૂધસાગર ડેરીના કર્મચારીઓને બોનસ આપવા મામલે થયેલાં કથિત કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ દ્વારા ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની શનિવારે ધરપકડ કરાઈ હતી. વિપુલ ચૌધરીની ધરપકડના વિરોધમાં મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લાનાં સમર્થકોમાં આક્રોશ ફેલાઈ ગયો છે. સમર્થકો દ્વારા સોમવારે અર્બુદા ભવનમાં જાહેર સભા કરીને રેલી સ્વરુપે કલેક્ટર કચેરી પહોંચી આવેદનપત્ર આપવાનું આયોજન કરાયું હતું. પરંતુ જાહેર સભા, રેલી માટે પરવાનગી નહી હોવાથી અર્બુદા ભવનમાં સવારથી જ પોલીસ બંદોબસ્ત ગોઠવીને વિપુલ ચૌધરીના ૬૬ સમર્થકોની અટકાયત કરી સમગ્ર કાર્યક્રમને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરાયો હતો.

# અમેરિકાના પેન્સિલવેનિયામાં મુળ કડીના અશોક પટેલની ગોળી ધરબી હત્યા કરાઈ

• હેઝલટન વેસ્ટ બ્રોડ સ્ટ્રીટ પર આવેલા ફુડ માર્ટમાં પિસ્તોલ સાથે લુંટારૂ ધસી આવ્યા



મહેસાણા : કડી તાલુકાના વડુ ગામના અશોક અંબાલાલ પટેલ ઉ.વ.૫૦ છેલ્લા આઠેક વર્ષથી અમેરિકાના પેન્સિલવેનિયામાં સ્થાયી થયા હતા. થોડા સમય પહેલાં તેમને સારી ઓફર મળતાં તેઓ હેઝલટનના વેસ્ટ બ્રોડ સ્ટ્રીટ પર આવેલા ક્રેગ્સ ફુડ માર્ટ નામના સ્ટોરમાં કલાર્ક તરીકે નોકરીમાં જોડાયા હતા. તેઓ સાંજના સુમારે રોજિંદાક્રમ અનુસાર સ્ટોર બંધ કરી રહ્યા હતા. તે વખતે લાલ કલરનો સ્વેટર પહેરેલ એક અજાણ્યો શખસ લુંટ કરવાના ઈરાદે પિસ્તોલ સાથે એકાએક આવ્યો હતો. તેનો કોઈ વિરોધ કરે તે પહેલા જ લુટારૂએ ગોળીબાર કરીને અશોક પટેલના શરીરમાં ગોળીઓ ધરબી દીધી હતી. જેથી લોહીથી લથપથ તેઓ ઘટનાસ્થળે જ ઢળી પડયા હતા. ત્યારબાદ લુટારૂ સ્ટોરમાં લુંટ કરીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સુત્રોએ જણાવ્યા પ્રમાણે ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસે પહોંચી ગઈ હતી અને સીસીટીવી કેમેરાના ફુટેજના આધારે હત્યારાની શોધખોળ શરૂ કરી છે.

અમેરિકામાં વસવાટ કરતા ભારતીયો ઉપર હુમલા અને હત્યા ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. પાછલા એક વર્ષના સમયગાળામાં જ મહેસાણા જિલ્લાના અને અમેરિકાના જુદા જુદા શહેરોમાં સ્થાયી થયેલા પાંચ એનઆરઆઈની હત્યા થઈ છે. જેમાં વધુ એકનો ઉમેરો થયો છે.

# અમદાવાદમાં ૧૩૦૦ કરોડનું સોનું ઘુસાડનાર દાણચોર અંતે પકડાયો

• કસ્ટમ વિભાગને થાપ આપી અમરેલીમાં છૂપાયો હતો

અમદાવાદઃ નિકોલ વિસ્તારમાં મોહનનગર રોડ ઉપર પુષ્પકુંજ સોસાયટી પાસે પ્લેઝન્ટ રેસિડેન્સીમાં રહેતો ભાર્ગવ કનુંભાઈ તંતી દુબઈથી દાણચોરીનું સોનું વિમાન માર્ગે અમદાવાદ લાવતો હતો, આરોપીએ વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૮ સુધીના સમય ગાળામાં કુલ ૪૬ ટ્રીપ મારીને રૂા. ૧૩૦૦ કરોડનું ૭૬૧ કિલો સાનું અમદાવાદમાં ઘુસાડયું હતું. કસ્ટમ વિભાગે આરોપી સામે કોફેપોસા હેઠળ ગુનો નોધ્યો હતો જોકે તે કસ્ટમ વિભાગને થાપ આપીને ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે પોલીસ કમિશનરના આદેશ આધારે ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરી હતી, પોલીસે મોબાઈલ લોકેશન આધારે આજે તેને અમરેલીથી પકડી પાડયો હતો. આ બનાવમાં કુલ પાંચ આરોપીઓ સામે ગુનો નોધવામાં આવ્યો હતો.ક્રાઈમબ્રાંચ આરોપીની ધરપકડ કરીને કૃષ્ણનગર પોલીસને સુપરત કર્યો છે. ઉલ્લેખનીય છે કે કસ્ટમં વિભાગ અને દાણચોરોની મિલી ભગતથી વિમાન માર્ગે અવાર નવાર દુબઈ સહિતના દેશમાં સસ્તામાં દાણચોરીનું સોનું લાવીને અમદાવાદમાં ઘુસાડવામાં આવી રહ્યું છે.

# રાજકોટના દાગીના હવે વિદેશમાં પણ ચમકશે, ચીનને મળશે ટક્કર

રાજકોટઃ રાજકોટના સોની વેપારીઓ હવે ચીનને બરોબરની ટક્કર આપશે. કેન્દ્ર સરકારે સોનાના ઘરેણાંને એક્સપર્ટની છૂટ આપતા હવે રાજકોટના સોનાના દાગીના વિશ્વભરમાં મોકલી શકાશે. સોની વેપારીઓ સરકારના આ નિર્ણયને કોરોનાકાળમાં આવેલી મંદી બાદના સારા સમાચાર ગણી રહ્યા છે.

રાજકોટની સોની બજાર એશિયાની સૌથી મોટી સોની બજાર માનવામાં આવે છે અને અહીં તૈયાર થયેલા હેન્ડીક્રાફ્ટ દાગીનાનો વિશ્વભરમાં દબદબો છે જેમાં બોલિવુડ સ્ટાર પણ બાકાત નથી, ત્યારે કેન્દ્ર સરકારે કોરોનાકાળ વચ્ચે સોની વેપારીઓ માટે રાહતના સમાચાર આપ્યા છે. સોની વેપારીઓને સોનાના દાગીનાની નિકાસ કરવાની છૂટ આપી છે. સોની વેપારીઓનું માનવું છે કે સરકારના આ નિર્ણયથી સોની બજારને મદદ થશે અને હવે ડિજીટલ માધ્યમથી વિશ્વભરમાં રહેતા લોકોના ઘરેણાં બતાવી શકશે અને તેને તૈયાર કરીને મોકલી શકશે.

જો કે અત્યાર સુધી આ ઘરેણાંને પાર્સલની છૂટ ન હોવાને કારણે વેપારીઓ વિદેશમાં વેપાર કરી શકતા ન હતા અને તેનો સીધો ફાયદો ચીનને થતો હતો.જો કે હવે નિકાસની મંજૂરી આપી દેતા ભારત ચીનને સીધી ટક્કર આપશે.

# ગુજરાતમાં ભૂ-માફિયાઓની ખેર નથી, ૬ માસમાં નિર્ણયઃ ૧૦થી ૧૪ વર્ષની સજા થશે

ગાંધીનગરઃ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં સરકારી, સામાન્ય ખેડૂતોની, ખાનગી વ્યક્તિની માલિકીની તેમજ જાહેર ટ્રસ્ટ-ધર્મસ્થાનકોની જમીન ગેરકાયદે કબજો મેળવી લઈ હડપ કરી જનારા ભૂમાફિયાઓ સામે કાયદાકીય શસ્ત્ર ઉગામવા ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટના નિયમો-કાનૂની જોગવાઈઓના કડક અમલની કાર્યયોજના જાહેર કરી છે. રાજ્ય મંત્રીમંડળે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટ-૨૦૨૦ના પ્રસ્તાવને મંજૂર કર્યા બાદ રાજ્યપાલની અનૂમતિથી આ વિધેયકને એક્ટનું સ્વરૂપ મળતાં તેની કાયદાકીય જોગવાઈઓ-નિયમોનો હવે મુખ્યમંત્રીએ રાજ્યમાં અમલ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સરકારે ઐતિહાસિક નિર્ણય લઈને લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટ-૨૦૨૦ની કાયદાકીય જોગવાઈઓનો કડક અમલ કરવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય ખેડૂતોની જમીન ભૂમાફિયાઓએ હડપ કરી હોવાની ફરિયાદો અને તેમને રાતા પાણીએ રોવડાવ્યા હોવાની કેટલીક ઘટનાઓ સરકારના ધ્યાનમાં આવી હતી. જેને અનુલક્ષીને રાજ્યના એકપણ ખેડૂતની કિંમતી જમીન કોઈ ભૂમાફિયો પચાવી ન પાડે તેવા હેતુથી તથા આવા ગુનેગારો-લેન્ડ ગ્રેબરો-ભૂમાફિયાઓની શાન ઠેકાણે લાવવા તેમજ તેમને કડક પાઠ ભણાવવાના મક્કમ ઈરાદા સાથે રાજ્ય સરકારે આ સખતમાં સખત ક્રિમિનલ કાયદો અમલી બનાવવાનું સુનિશ્ચિત કર્યુ છે. કાયદા મુજબ ગૂનેગારોને દોષિત ઠરેથી ઓછામાં ઓછી દસ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષ સુધીની કેદ તેમજ મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડને પાત્ર રહેશે.

# ગોંડલની દોંગા ગેંગને મળી 'જલસા જેલ', હવે જેલર જ સળિયા પાછળ

રાજકોટઃ સૌરાષ્ટ્ર અને ગુજરાતના અનેક શહેરોમાં હવાલા કબાળા કરનાર અને હાલ ગુજસીટોક કાયદા હેઠળ ધરપકડ થયેલા નિખિલ દોંગા ગેંગ માટે ગોંડલની સબજેલને "જલસા જેલ" બનાવવાના ગુનામાં છેલ્લા એક માસથી નાસતા-ફરતા જેલર ડી.કે. પરમારની ગોંડલ સિટી પોલીસે શહેરમાંથી ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ નિખિલ દોંગા અને તેના ૧૨ થી વધુ સાગરીતો ઉપર પોલીસતંત્રએ ગુજસીટોકનો કોરડો વીંઝી ધડાધડ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે ગોંડલ શહેરના વોરાકોટડા રોડ પર આવેલ સબજેલને નિખિલ દોંગા ગેંગ માટે જલસા જેલ બનાવનાર જેલર ડી.કે. પરમારનું નામ ખુલતાં જ તેના પગ તળેની જમીન ખસી જવા પામી હતી અને જેલર ધરપકડની બીકે "નો દો ગ્યારાહ" થઈ જવા પામ્યા હતા. ગોંડલ ઘટનાની તપાસ ચલાવી રહેલ પીઆઈ એસ.એમ. જાડેજા, પીએસઆઈ બી.એલ. ઝાલા, હેડ કોન્સ્ટેબલ ઘનુભા જાડેજા સહિતનાઓએ જેલરને પકડી પાડવા કમર કસી હોય ગતરોજ જેલર ગોંડલમાં હોવાની જાણ થતા જ તેની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. અને રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું. જેલર ડી.કે. પરમાર વિરુદ્ધ IPCની કલમ ૪૬૬, ૨૬૯, ૧૮૮, ૧૧૪ તેમજ ૨૦૧ મુજબ ગુનો નોંધાવા પામ્યો હતો. જેલર દ્વારા આગોતરા જામીન માટે અદાલતના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. પરંતુ તેને આગોતરા જામીન મળ્યા ન હતા.

# ગુજરાતમાં શ્રમિકો માટે ફાળવાયેલા કરોડો રૂપાણી સરકારે વાપર્યા જ નહીં

• શ્રમિકોને રૂા.૧ હજાર ફુડ બાસ્કેટ, પ્રવાસી શ્રમિકો માટે ૨૫૦ કરોડનું પેકેજ પણ માત્ર રૂા.૯૨.૧૫ કરોડ જ ખર્ચાયા

અમદાવાદઃ લોકડાઉન વખતે રાજ્ય સરકારે મોટાઉપાડે શ્રમિકો માટે રૂા.૨૫૦ કરોડનું ગરીબ કલ્યાણ પેકેજ જાહેર કર્યુ હતું પણ નવાઈની વાત એછેકે, સરકારે ગરીબ શ્રમિકો પાછળ પણ ખર્ચ કરવામાં ઉદાર મન રાખ્યુ ન હતુ જેના લીધે એવી પરિસ્િથતી સર્જાઈ હતી કે, ગરીબ કલ્યાણ રાહત પેકેજમાં હજુય રૂા.૧૫૭.૮૫ કરોડની માતબર રકમ વણવપરાયેલી પડી રહી છે. કોરોનાની મહાનારીને કારણે લોકડાઉન જાહેર કરતાં હજારો શ્રમિકો બેઘર જ નહીં,આર્થિક સ્િથતી બેહાલ બની હતી જેના કારણે શ્રમિકો ચાલીને વતન તરફ વળ્યા હતાં તે વખતે રાજ્ય સરકારે ગરીબ શ્રમિકોને રૂા.૧ હજાર સીધી સહાય આપવા જાહેરાત કરી હતી.

આ ઉપરાંત ફુડ બાસ્કેટ અને આશ્રયગૃહમાં રખાયેલાં પ્રવાસી શ્રમિકો માટે રાહત પેકેજ જાહેર કર્યુ હતું. સરકારે બાંધકામ શ્રમિકોના પરસેવાની કમાણીથી એકત્ર થતાં કલ્યાણ ભંડોળમાંથી રૂા.૨૫૦ કરોડ લઈ ગરીબ કલ્યાણ રાહત પેકેજ જાહેર કર્યુ હતું. લોકડાઉન બાદ ગરીબ શ્રમિકોની આર્થિક સ્િથતી ખૂબ જ દયનીય બની હતી. રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે માત્ર રૂા.૯૧.૧૫ કરોડનો ખર્ચ કર્યો હતો.

# પેટાચૂંટણીમાં પછડાટના પોસ્ટ-મોર્ટમનો રિપોર્ટ કોંગ્રેસ હાઈકમાન્ડને સુપરત થશે

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાની આઠ બેઠકોની પેટા ચૂંટણીમાં કોંગ્રેસની ભૂંડી રીતે હાર થઈ હતી, ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે હારનું પોસ્ટ મોર્ટમ કરવા માટે વિવિધ બેઠકોના સ્થાનિક આગેવાનો તેમજ પ્રભારીઓ સાથે બેઠકો યોજી ચર્ચા વિચારણા કરી હતી, હારના ચોક્કસ કારણોનો એક રિપોર્ટ તૈયાર કરાયો છે, જે હવે હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરાશે.



એટલું જ નહિ પરંતુ હાર માટે જવાબદાર આગેવાનો સામે પગલાં ભરાશે. આ ઉપરાંત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિપક્ષ નેતા પરેશ ધાનાણીને બદલવા કે કેમ તે મુદ્દો પણ હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરશે, તેમ સૂત્રો કહે છે. ખેડૂતોના આંદોલન સંદર્ભે કહ્યું કે, સરકાર ખેડૂતોને દબાવવા માગે છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સહિતની બાબતોને લઈ પ્રભારી રાજીવ સાતવે છેલ્લા ૧૦ દિવસથી ગુજરાતમાં ધામા નાંખ્યા હતા, આ પ્રવાસ પૂરો થતાં દિલ્હી રવાના થશે.

સાતવે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં જિલ્લા પ્રમુખો બદલવાનો નિર્ણય ડિસેમ્બરના અંત સુધીમાં લેવાશે. પ્રદેશ પ્રમુખ-વિપક્ષ નેતાને બદલવા મુદ્દે જણાવ્યું કે, આગેવાનો સાથે ચર્ચા થઈ છે અને એ બાબત હાઈકમાન્ડ સમક્ષ મૂકવામાં આવશે. અમે ચૂંટણી હાર્યા પણ હારથી ઘણું શીખ્યા છીએ.

# પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને પરેશ ધાનાણીનું રાજીનામું

• વિપક્ષના નેતા તરીકે શૈલેષ પરમાર, પૂંજા વંશ, અશ્વિન કોટવાલના નામ ચર્ચામાં

અમદાવાદઃ પેટાચૂંટણીમાં આઠેય બેઠકો પર કોંગ્રેસનો સફાયો થતાં હાઈકમાન્ડ ગુજરાત પ્રદેશ કોંગ્રેસની યુવા નેતાગીરીથી ભારોભાર નારાજ છે. જોકે, પેટાચૂંટણીમાં કોંગ્રેસનો કારમો પરાજય થતાં નૈતિક જવાબદારી સ્વિકારી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ રાજીનામુ ધરી દીધુ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારી વચ્ચે ગુજરાત કોંગ્રેસના બે યુવા નેતાઓએ હોદ્દા પરથી રાજીનામુ ધરી દેતાં ફરી રાજકારણ ગરમાયું છે. પ્રભારી રાજીવ સાતવ બંને નેતાઓના રાજીનામા પત્ર લઈને દિલ્હી દોડી ગયાં છે.

લોકસભાની ચૂંટણીમાં ૨૬ બેઠકો કોંગ્રેસનો કારમો પરાજય થયો હતો અને કોંગ્રેસ ખાતુ ય ખોલી શકી ન હતી. કઈંક જ આ જ પ્રમાણે, પેટાચૂંટણીમાં આઠેય બેઠકો પર કોંગ્રેસને હારનો સામનો કરવો પડયો હતો. આઠેય બેઠકોપર પરાજય થતાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ રાજીનામુ આપવા તૈયારી દર્શાવી હતી.

# સુરતના અઢી વર્ષના બ્રેઈનડેડ જશના અંગદાનથી સાત બાળકોને નવજીવન



સુરત : આખા ગુજરાત રાજ્યમાં અંગદાનમાં સૌથી અગ્રેસર સુરત છે ત્યારે આજે સુરતથી અઢી વર્ષના બાળકના અંગોનું દાન કરવામાં આવ્યું છે જે દેશનો પ્રથમ કિસ્સો છે. આ અઢિ વર્ષના બાળકનું નામ જશ છે જે ગત થોડા સમય પહેલા બીજા માળેથી પડી જતા ઈજાગ્રસ્ત થયો હતો અને બાદમાં બેભાન થઈ ગયો હતો. તેથી ભટારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં બાળકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડોક્ટરોએ નિદાન માટે સીટી સ્કેન અને MRI કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું તેમજ મગજમાં સોજો હોવાનું નિદાન થયું હતું. જેથી ડોક્ટરોએ બાળકને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. જસનાં પિતા સંજીવ ઓઝા પત્રકાર છે અને પત્રકાર પિતાના દીકરા જશનાં અંગોનું દાન કરવું જોઈએ એવી સંમતિ પરિવારે આપતા તેના અંગોનું ટ્રાન્સપ્લાન્ટ માટે સર્જરી કરવાનું નક્કી કરાયું હતું.

સુરતના આ પરિવાર દ્વારા બાળકનાં ફેફસાં, કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરવામાં આવ્યુ હતું. જોકે આ બાળકના અગોમાં હૃદય હવે રશિયામાં ધબકશે અને ફેફસાં યુક્રેનમાં શ્વાસ લેશે. કારણ કે રશિયાના ૪ વર્ષના બાળકને જશના હૃદયનું અને યુક્રેનના ૪ વર્ષના બાળકને ફેફસાંનું દાન કરી સફળતાપૂર્વક ચેન્નાઈની એમજીએમ હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યાં છે.

## જહાંગીરપુરામાંથી બોગસ કોલ સેન્ટર ઝડપાયું, ૩૫ની અટકાયત

સુરતઃ સુરતના જહાંગીરપુરા કેનાલ રોડ પર ફરી એકવાર બોગસ કૉલ સેન્ટર ઝડપાયું છે. પોલીસના દરોડાં દરમિયાન કૉલ સેન્ટર ખાતેથી ૩૫ લોકોની અટકાયત કરવામાં આવી છે. દાંડી રોડ પર ચાલતું આ કૉલ સેન્ટર રાંદેરના ફિરોઝ મેમણની માલિકીનું હોવાનું સામે આવ્યું છે. આ કૉલ સેન્ટરમાંથી લોકોને કૉલ કરી અલગ અલગ સ્કીમ બતાવી છેતરપિંડી કરવામાં આવતી હોવાનું તપાસ દરમિયાન માલુમ પડ્યું છે. શહેરના જહાંગીરપુરા કેનાલ રોડ પર ફિરોઝ ઉર્ફે ખાંડા હાજી મેમણ નામના ઈસમે ફરી કૉલ સેન્ટર શરૂ કરી લોકોને ઠગવાની શરૂઆત કરી હતી. આ વખતે કૉલ સેન્ટર દાંડી રોડના નિર્વાણા કોમ્પ્લેક્ષમાં ચાલતું હોવાનું સામે આવતા પોલીસે રાત્રે દરોડો પાડ્યો હતો.

## સુરત PSI આપઘાતનું રહસ્ય ખૂલ્યું, પતિને ૩ મહિલા સાથે શારીરિક સંબંધ

સુરતઃ ઉધના પોલીસ સ્ટેશનના પીએસઆઈ અમિતા બાબુભાઈ જોષીએ સર્વિસ રિવોલ્વરથી પેટમાં ગોળી મારી આપઘાત કરી લીધો હતો. આ કેસમાં સપ્તાહ બાદ મૃતક અમિતા જોષીના પિતા બાબુભાઈએ મહિધરપુરા પોલીસમાં અમિતાના પતિ વૈભાવ જીતેશ ઉર્ફે જીતુ વ્યાસ, સસરા જીતુ વ્યાસ, સાસુ હર્ષાબેન, નણંદો મનીષા હરદેવ ભટ્ટ અને અંકિતા ધવનભાઈ મહેતા (તમામ રહે. ગારિયાધર, ભાવનગર) સામે આપઘાતનો દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો હતો.

સાસરિયા અમિતાને નોકરીમાંથી રાજીનામું આપી દેવા દબાણ કરવા સાથે તેણીએ પોતાની કમાણીથી લીધેલી કાર, ફ્લેટ પતિ વૈભવના નામે કરવા પણ તેઓ ધમકાવતા હતા. ઉપરાંત અમિતા પાસે સેલેરીનો હિસાબ માંગીને પણ તેઓ ટોર્ચરિંગ કરતા હતા. વળી, સાડા ચાર વર્ષના દીકરા જયમીનનું પણ બ્રેઈનવોશ કરી યેનકેન પ્રકારે માતાથી દૂર રાખતા હતા. અમિતા જોષી સાસરિયાના અત્યાચારની સાથોસાથ પતિ વૈભવના લગ્નેત્તર સંબંધોથી સતત તણાવમાં રહેતા હતા. પિયરિયાના આક્ષેપો મુજબ પતિ વૈભવના સાવરકુંડલાની મહિલા, સુરતમાં દીકરાની સંભાળ માટે આવતી વિધવા અને વતનની જ એક મહિલા સાથે અનૈતિક સંબંધો છે. ઉપરાંત મૃતક અમિતા સાસરિયાના ત્રાસ અને પતિના અફેરની વાતો નાની બહેન કાજલને ફોન પર કરતી હતી. કાજલે આ વાતચીતનું રેકોર્ડિંગ કર્યુ છે.

# યુએસમાં વાલોડના પરિવારને અકસ્માત, માતા-પિતાની નજર સામે ૨ પુત્રના મોત

વ્યારાઃ તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં આવેલા બાજીપૂરા ગામના વતની બાજીપૂરાનો પટેલ પરિવાર વર્ષોથી અમેરિકાના ઓહાયો પ્રાંતમાં સ્થાયી થયા હતા. અમેરિકામાં બાજીપૂરાનો પટેલ પરિવાર વર્ષોથી મોટેલના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ત્યારે ધર્મેશભાઈ સુરેશભાઈ પટેલના પરિવારને અમેરિકાના હોસ્ટનમાં ગમખ્વાર અકસ્માત નડ્યો હતો.

ગત ૧૨મી ડિસેમ્બરની રાત્રે તેઓ તેમના પત્ની અને પુત્રો નિલ (ઉવ. ૧૯) રવિ (ઉ.વ.૧૪) સાથે મોટેલ થઈ ઘરે જવા કારમાં નીકળ્યા હતા. ત્યારે અમેરિકાના હોસ્ટનના હાઈવે નં આઈ ૬૯ પર કામ ચાલતું હોવાથી તેમની કાર કતારમાં ઉભી રાખી હતી. તે દરમ્યાન પાછળથી પુરઝડપે આવતી કોમર્શિયલ કાર અથડાતા પટેલ પરિવારનો ખુરદો બોલાઈ ગયો હતો. પોલીસ અને લાશકરોની ટીમે તમામને કારમાંથી બહાર કાઢયા હતા. અકસ્માતમાં ધર્મેશભાઈ નાબે પુત્રો પૈકી નિલનું ઘટનાસ્થળે કરૂણ મોત થયું હતું, જ્યારે રાવીનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન કરૂણ મોત થયું હતું. બે સગાભાઈઓના મોતને લઈને બાજીપૂરામાં શોકની કાલિમા ફેલાઈ હતી. છેલ્લા ૨૫ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલા તાપીના વાલોડ તાલુકાના બાજીપુરા ગામના NRI પટેલ પરિવારની કારને અમેરિકાના હોસ્ટન શહેરમાં સાંજના સમયે પાછળથી એક પિકઅપ મોબાઈલના ચાલકે ધડાકાભેર અથડાવતા અકસ્માત થયો હતો. જેમાં માતા પિતાની નજર સામે પરિવારના લાડકવાયા ૨ દીકરાઓના મોત નિપજ્યા હતા. ધર્મેશભાઈનો મોટો દીકરો નીલ કોલેજમાં અભ્યાસ કરતો હતો, જ્યારે નાનો દીકરો રવિ શાળામાં અભ્યાસ કરતો હતો.

## સુરત અડાજણમાં વેપારીનો ૧૧મા માળેથી કૂદી આપઘાત

સુરતઃ અડાજણ વિસ્તારમાં કારની લે-વેચ કરતા વેપારીએ પાલ આરટીઓ સામે નવનિર્મિત બિલ્ડિંગના ૧૧મા માળેથી કૂદીને આપઘાત કરતા પરિવારમાં શોકનો માહોલ ફેલાયો છે. પોલીસ પાસેથી જાણવા મળી રહ્યું છે કે સુરતના આ વેપારીને સોમવારની રાત્રે પત્ની સાથે ઝઘડો થયા બાદ આપઘાત કરનાર પારસ ઘરેથી નીકળી ગયા બાદ તેની શોધખોળ કરતા મિત્રોને તેની લાશ મળી હતી. સુરતના અડાજણ વિસ્તારમાં રહેલા કલાપી રેસિડેન્સીમાં પારસ શ્યામ ખન્ના(ઉ.વ.૩૩) પરિવાર સાથે રહેતો હતો. ઘરમાં પત્નીના ચારિર્ત્યને શંકાને લઈને અવાર નવાર ઝઘડાઓ થતા હતા, ત્યારે પારસે આત્મહત્યા પત્નીના ચારિત્ર પર શંકાને લઈને થતા ઝઘડા પારસને આપઘાત સુધી ખેંચી ગયા હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળી રહ્યું છે. છે. આપઘાત પહેલા પારસે પોતાના સોશિયલ મીડિયાના ગ્રુપમાં પોતાના જ ફોટા પર ઓમ શાંતિ, રેસ્ટ ઈન પીસ લખી મિત્રોને મેસેજ કર્યા હતા.

## કેવડિયા સુધીની સી-પ્લેન સેવા ક્રિસમસ પહેલા શરૂ થઈ જશે

ભરૂચ : અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટથી કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચેની સી પ્લેન સર્વિસ ક્રિસમસ પહેલા ફરી શરૂ થઈ જશે. સી પ્લેનનું એરક્રાફ્ટ આવતીકાલે માલદિવ્સથી રવાના થઈને ટૂંક સમયમાં અમદાવાદ પહોંચે તેની સંભાવના છે.

૩૧ ઓક્ટોબરના સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ સી પ્લેન સર્વિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જોકે, મેઈન્ટેનન્સના ભાગરૂપે ૨૮ નવેમ્બરના સી પ્લેન સર્વિસ બંધ કરી દેવામાં આવી હતી અને તેનું એરક્રાફ્ટ માલદિવ્સ પરત મોકલાયું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (ગુજસેલ)ના પ્રયાસો થકી સી પ્લેન એરક્રાફ્ટ હવે ૨૦મી ડિસેમ્બરની આસપાસ અમદાવાદ આવી પહોંચશે. હાલની સ્થિતિએ ક્રિસમસ અગાઉ સી પ્લેન સર્વિસ ફરી રાબેતા મુજબ શરૂ થઈ જશે.

## કૃતિકા નક્ષત્રની સંપૂર્ણ માહિતી

આ નક્ષત્રના ચરણ પહેલાનો સમાવેશ મેષ રાશિમાં અને બીજા, ત્રિજા, ચોથા, ચરણનો સમાવેશ વૃષ રાશિમાં થાય છે. પ્રથમ નક્ષત્રમાં ગુરૂ ગ્રહ, બીજા ચરણમાં અને ત્રીજા ચરણમાં શનિગ્રહ ચોથા ચરણમાં ગુરૂ ગ્રહ જોવાતો હોય છે. જ્યારે વિશાપરા મહાદશા મુજબ સૂર્ય ગ્રહની દશા વર્ષ-૬ની આવે છે.

**કૃતિકા** નક્ષત્રનું પૃથ્વિતત્વ છે. **કૃતિકા** નક્ષત્રનું વૃક્ષ ઉમેડો-ગુલર છે. **કૃતિકા** નક્ષત્રના દેવતા- અગ્નિ છે. **કૃતિકા** નક્ષત્રનું વાહન - બકરી. **કૃતિકા** નક્ષત્રની દિશા - ઊત્તર છે. **કૃતિકા** નક્ષત્રનો ખૂણો - ઊત્તર-ઈશાન છે. **કૃતિકા** નક્ષત્રનો રંગ-સફેદ છે. **કૃતિકા** નક્ષત્ર માનવ શરીર ઉપર- કમર ઉપર અસર. **કૃતિકા** નક્ષત્ર શરીરમાં કફ પ્રકૃતિ ઊત્પન્ન કરે છે. **કૃતિકા** નક્ષત્ર જ્ઞાતિમાં બ્રાહ્મણ છે. **કૃતિકા** નક્ષત્ર અધોમુખ (જમીન તરફ) જુવે છે. **કૃતિકા** નક્ષત્રનું પક્ષી - કાગડો છે. **કૃતિકા** નક્ષત્ર રાજશિક છે. **કૃતિકા** નક્ષત્ર દેવ-મહેશ (શિવ) છે. **કૃતિકા** નક્ષત્ર દેખતા સમુહમાં આવે છે. **કૃતિકા** નક્ષત્ર - મિશ્ર સાધારણ છે. **કૃતિકા** નક્ષત્ર - કામ ઊત્પન્ન શરીરમાં કરે છે. **કૃતિકા** નક્ષત્રના તારાની સંખ્યા “૬” (છ) છે. **કૃતિકા** નક્ષત્રની આકૃતિ ↓ ધારદાર અસ્તર સમાન છે.

શિવ પુત્ર કાર્તિકેય ઊપરથી કૃતિકા અને કારતક માસ હિન્દુ મહીનાનું નામ પડેલ છે. સૂર્ય ગ્રહ કૃતિકા નક્ષત્રમાં મે ૧૦મીએ પ્રવેશ કરે છે.

કૃતિકા નક્ષત્રના જાતકનું વ્યક્તિત્વ અને દેખાવ : જાતક અને પ્રકારની જુદી-જુદી વાનગીઓ ખાવાનો શોખીન હોય વિકારી હોય, મજબુત શારીરિક રીતે હોય, લુચ્ચાઈભરી વર્તુણૂંક વાળો કિર્તિવાન અને સત્તાવાન બને છે.

રોગ : કૃતિકા નક્ષત્રમાં જન્મ લેનાર જાતકને આંખોની તકલીફ આંખે ચશ્મા આવવા, આંખોમા બળતરા, ચકકર આવવા, ઓછી નિદ્રા આવે. અધુરી નિદ્રા આવે ઘુંટણનો દુખાવો (ગઠીયા રોગ) થાય હૃદયરોગ, વાતવાતમાં ગુસ્સે થઈ જાય.

ઉપાય : મંત્ર - જાપ- યજ્ઞકરવાનીથી લાભ થાય

કૃતિકા નક્ષત્રમાં સમાવેશ ચરણોનું ફળ ચરણ પહેલું : આનંદ-પ્રમોદમાં રહેનાર ખુબ ઉત્સાહી હોય છે.

ચરણ બીજું : ધર્મ અને ધાર્મિક ગ્રન્થો, પુસ્તકોની જાણકારી ખુબ રાખે છે.

ચરણ ત્રીજું : સ્વભાવે બીકણ- ડરપોક દુઃખને અનુભવનાર

ચરણ ચોથું : લાબુ આયુષ્ય ભોગવનાર ઘણા પુત્ર સંતતી વાળો હોય છે.

નક્ષત્રનું ફળ : દુશ્માનો- વેરી- હરિફો  કે શક્તિશાળીઓ કે સામેની વ્યક્તિ લોકો દ્વારા જાતકની ખરીદેલી વસ્તુઓ સંપતિ-વાહન ચીજવસ્તુઓનો નાશ કરે છે કે ભાગી-તુટી કે ખરાબ કરીને રહે છે. જેથી જાતકનો તેનો ઉપયોગ કરી શકતો નથી. વ્યક્તિ તેનાથી અનેક રીતે હેરાન-પરેશાન થાય છે.

નક્ષત્રની ચીજવસ્તુઓ : જવ- ચોખા, તલ (સફેદ) ધાતુ (એલ્યુમિનિયમ, સ્ટીલ) હીરા-મણીમોતી

કૃતિકા નક્ષત્ર શુભ અને સારા કાર્યો માટે લેવાતા નથી

કૃતિકાનક્ષત્રની અન્ય વિગતો

| રાશિ | નક્ષત્ર | ચરણ | ગ્રહ | અંશ-કળાથી અંશ કળા સુધી |
|---|---|---|---|---|
| મેષ | કૃતિકા | ૧ | ગુરૂ | ૨૬-૪૦ થી ૩૦-૦૦ સુધી |
| વૃષભ | કૃતિકા | ૨ | શનિ | ૩૦-૦૦’ થી ૦૩-૨૦’ સુધી |
| વૃષભ | કૃતિકા | ૩ | શનિ | ૦૩--૨૦’ થી ૦૬-૪૦’ સુધી |
| વૃષભ | કૃતિકા | ૪ | ગુરૂ | ૦૬-૪૦’ થી ૧૦-૦૦ સુધી |

આ નક્ષત્રના અક્ષર આ-ઈ-ઊ-એ છે.

જેનો વર્ગ ગરૂડ છે. યોનિ- મેષ મહિષ છે.

ગણ- રાક્ષસ છે. પુંજા-પૂર્વ છે. નાડી-અત્ય છે.

યોગ - આયુષ્યમાન, વર્ણ, વૈશ્ય અને વેશ્ય ચતુષ્યા છે.પ્રથમચરણ સુધી) આ નક્ષત્રમાં ચંદ્ર લગભગ ૨૪ કલાક જેટલો સમય રહે છે.

વિશોત્તરી મહાદસા સૂર્યની ૬ (છ) વર્ષની હોય છે.

| વર્ષ | માસ | ચરણ | કુલમાસ | દિવસો |
|---|---|---|---|---|
| ૧ | ૬ | ૧ | ૧૮ | ૫૪૭.૫ |
| ૩ | ૦૦ | ૨ | ૧૮ | ૫૪૭.૫ |
| ૪ | ૦૬ | ૩ | ૧૮ | ૫૪૭.૫ |
| ૬ | ૦૦ | ૪ | ૧૮ | કુલ ૭૨ માસ |

કુલ દિવસો ૨૧૯૦ દિવસ મહાદશા સૂર્યની ભુક્તા રહે છે. સૂર્ય - ૧૦ મી મે એ કૃતિકા નક્ષત્રમાં પ્રવેશ કરે છે.

લકી રોજગાર : લીગલ અને ગર્વમેન્ટના કામકાજમાં કૃતિકા નક્ષત્રનો જાતક ખુબ સફળતા મેળવે છે.

વર અને કન્યાના ગુણ મેળાપમાં બન્નેવનું ચરણ પહેલું હોય તો ૨૮ ગુણાંક આવે.

કૃતિકા નક્ષત્રના જાતકોએ આંખોની તકલીફ માટે માણેકનું રત્ન અનામિકા (ત્રીજી) રોગ હોય આંગળીએ રવિવારે સૂર્યોદય પછી પહેરવું રત્ન સવા ત્રણ કેરેટથી નવ કેરેટ સુધીનું પહેરવાથી ઘણો ફાયદો થાય છે.

મેષ રાશિ પતિ ગ્રહ મંગળ અને વૃષભ રાશિ પતિગ્રહ ચંદ્ર જ્યારે નક્ષત્ર પતિ ગ્રહ સૂર્ય જેને ગ્રહ મૈત્રિમાં જોતા મિત્ર સંબંધમાં આવે છે.



કૃતિકા નક્ષત્રમાં જન્મનાર જાતકને તેના જીવનમાં ૫૦ % (ટકા) સારૂ ફળ આપે છે. અને ૫૦ % (ટકા) ખરાબ ફળ આપે છે. કૃતિકા નક્ષત્રની સરળભાષામાં ગ્રાફ સહિત સમજુતિ લોક ઉપયોગ માટે આપેલ છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન જ્યોતિષી**

૨૨, સંતરામનગર સોસાયટી, નાના કુંભનાથ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧

જિલ્લો ખેડા - ગુજરાત ઈન્ડિયા. મોબાઈલ - 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# અયોધ્યામાં રામ મંદિર નિર્માણમાં વિઘ્ન, ૨૦૦ ફૂટ જમીનમાંથી રેતી મળી આવી

• રામમંદિર નિર્માણ માટે અત્યાધુનિક મશીનોથી પાયામાં પિલરને ઉભો કરાશે

અયોધ્યા : અયોધ્યામાં રામ મંદિર નિર્માણ શરૂ થઈ ગયું છે. પરંતુ મંદિર નિર્માણનું કામ કરી રહેલા એન્જિનિયરો સામે કેટલાક પડકારો ઉભા થયા છે. મંદિર નિર્માણ માટે જ્યારે જમીનમાં ૨૦૦ ફૂટ ઉંડે માટીની તપાસ કરવામાં આવી તો માત્ર રેત મળી આવી હતી. પથ્થરોથી ઉભા કરવામાં આવેલા મંદિરનો ભાર ખમી શકવા માટે સક્ષમ માટી નથી મળી રહી. રામ મંદિર ભૂમિ પર છેલ્લા ૬ મહિના કરતાયે વધારે સમયથી ખોદકામ કરીને માટીની તપાસ કરવાનું કામ ચાલી રહ્યું છે પણ જ્યારે મંદિરનું બાંધકામ કરી રહેલી કંપની લાર્સન એન્ડ ટુબ્રો ને બાંધકામ માટે જરૂરી માટી મળતા રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ સામે નવી જ મુશ્કેલી ઉભી થઈ છે. હવે મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રની અધ્યક્ષતામાં એક સબ-કમિટી બનાવવામાં આવી છે. નિષ્ણાંતોની સલાહ બાદ એ નિશ્ચિત કરવામાં આવ્યું છે કે, જે પ્રકારે નદીમાં બાંધકામ માટે પિલરનો બોર કરવામાં આવે છે તે રીતે રામ મંદિર નિર્માણ માટે પણ અત્યાધુનિક મશીનો દ્વારા પાયામાં પિલરને ઉભો કરાશે. તેમાં પરિક્ષણ બાદ પસંદ કરવામાં આવેલી માટી અને મોરંગ સાથે ઉંચી ગુણવત્તાની સિમેન્ટમાં અલગથી કેમિકલનું મિશ્રણ કરીને તેની ક્ષમતા વધારવામાં આવશે. ત્યાર બાદ આ ત્રણેય મિશ્રણને મશીન દ્વારા પિલર માટે ખોદવામાં આવેલા ખાડામાં ઉતારવામાં આવશે જે સુકાયા બાદ પિલર શિલામાં ફેરવાઈ જશે.

# સુવેન્દુનું તૃણમૂલ કોંગી ધારાસભ્યપદેથી રાજીનામું, ભાજપમાં જોડાયાની ચર્ચા

કોલકત્તા : તૃણમૂલ કોંગ્રેસના મોટા ગજાના નેતા સુવેન્દુ અધિકારીએ રાજય વિધાનસભાના સભ્યપદેથી રાજીનામુ આપી દેતાં સપ્તાહોના અનુમાનોનો અંત આવ્યો છે, જ્યારે તેઓ ભાજપમાં જોડાઈ રહ્યાં હોવાની વાતોને વેગ મળ્યો છે. ભાજપે એમના રાજીનામાના પગલાંને આવકાર્યુ છે. રાજયના પ્રધાનમંડળમાંથી ગયા મહિને રાજીનામુ આપી દઈ પક્ષની નેતાગીરીથી દૂર રહેનારા અધિકારી બુધવારે સાંજે રાજય વિધાનસભા ખાતે આવ્યા હતા. અને વિધાનસભા સચિવને એમનું રાજીનામુ સુપરત કર્યુ હતુ. તેઓ પૂર્વ મિદનાપોર જિલ્લાના નંદીગ્રામ વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાઈને ટીએમસીના ધારાસભ્ય બન્યા હતા.


## કલાસીફાઈડ / Classified

STUDENTS PART TIME OR FULL TIME
REQUIRED FOR THE PACKAGING INDUSTRY IN SCARBOROUGH
- :: CONTACT ::-
ttparikh@hotmail.com

રસોઈ કામ માટે બહેનની જરૂર છે
રસોઈ કામ માટે રિચમન્ડ હીલ ખાતે વેજીટેરિયન કપલ માટે બહેનની જરૂર છે. અઠવાડિયામાં ત્રણ દિવસ / અનુકુળ સમય મુજબ. આવવા જવાની સગવડ જાતે કરવી. યોર્ક રિજનથી આવનારને પહેલી પસંદગી.
સંપર્ક કરો : 416-846-8002


# બ્રિટિશ પીએમ ભારતના મહેમાન બનશે, મોદીને જી૭ સમિટ માટે આમંત્રણ

નવી દિલ્હી : બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સને આગામી મહિને જાન્યુઆરીમાં પ્રજાસત્તાક દિને ભારતના મહેમાન બનવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આમંત્રણ સ્વીકારી લીધું છે. બ્રિટને આ બાબતને સન્માનજનક ગણાવતાં વડાપ્રધાન મોદીને જી૭ સમિટમાં મહેમાન બનવા માટે આમંત્રણ આપ્યું હતું. જી૭ની આગામી બેઠક બ્રિટનમાં યોજાવાની છે, પરંતુ તેની તારીખ હજી જાહેર થઈ નથી. ભારતની મુલાકાતે આવેલા બ્રિટનના વિદેશ મંત્રી ડોમિનિક રાબેએ જણાવ્યું હતું કે, અમારા વડાપ્રધાન બોરિસ જોન્સને વર્ષ ૨૦૨૧માં ભારતમાં પ્રજાસત્તાક દિનના મુખ્ય અતિથિ બનવાનું વડાપ્રધાન મોદીનું આમંત્રણ સ્વીકારી લીધું છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મંગળવારે બેઠક યોજ્યા પછી બ્રિટિશ વિદેશ મંત્રીએ આ જાહેરાત કરી હતી. બોરિસ જોન્સને આમંત્રણ સ્વીકાર્યા પછી ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે, આ ભારત અને બ્રિટનના સંબંધોના નવા યુગની શરૂઆતના પ્રતિક સમાન હશે.

# રાહુલ ગાંધી નહીં માને તો પ્રિયંકા ગાંધી વાડ્રા બની શકે છે પ્રમુખ

નવી દિલ્હી : કોંગ્રેસ પક્ષના અધ્યક્ષની ચૂંટણી ૨૦૨૧ના એપ્રિલમાં થવાની શક્યતા હોવાનું જાણકાર સૂત્રોએ કહ્યું હતું. સૌની નજર રાહુલ ગાંધી પર હતી પરંતુ રાહુલ નહીં માને તો પ્રિયંકા ગાંધીને અધ્યક્ષ બનાવવાની વિચારણા ચાલી રહી હતી. આ સૂત્રોએ કહ્યું હતું કે ૨૦૧૯ની સંસદીય ચૂંટણીમાં થયેલા નુકસાન કરતાં ઓછું નુકસાન થાય એ રીતે ચૂંટણી કરવાની વિચારણા ચાલી રહી હતી. અત્રે એ યાદ રહે કે ૨૦૧૯ની સંસદીય ચૂંટણીમાં મળેલા ઘોર પરાજય પછી રાહુલ ગાંધીએ અધ્યક્ષપદેથી રાજીનામું આપ્યું હતું અને સોનિયા ગાંધીએ વચગાળાના પ્રમુખપદની જવાબદારી સ્વીકારી હતી. પક્ષમાં મોટા ભાગના સભ્યો એમ માને છે કે ગાંધી પરિવાર સિવાય કોઈ અધ્યક્ષ બને તો એ પૂરેપૂરી સ્વતંત્રતાથી કામ નહીં કરી શકે.

# કર્ણાટક વિધાન પરિષદની બેઠકમાં ધાંધલ, કોંગ્રેસે અધ્યક્ષની ખુરસી પર કબજો કર્યો

• એક દિવસના સત્રનું અકાળે ઊઠમણું થઈ ગયું

બેંગ્લોર : કર્ણાટક વિધાન પરિષદના એક દિવસના સત્રમાં આજે ધાંધલ ધમાલ થતાં સત્ર વેડફાઈ ગયું હતું. પરિષદના ઉપાધ્યક્ષ અને જનતા દળ સેક્યુલરના નેતાએ કોંગ્રેસી અધ્યક્ષ પ્રતાપચંદ્ર શેટ્ટીની ખુરસી પર કબજો જમાવી દીધો હતો. ભાજપના સભ્યો દ્વારા અગાઉ રજૂ થયેલા સરકાર સામેના અવિશ્વાસના પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચા ચાલી રહી હતી ત્યારે આ ધાંધલ થઈ હતી. ધાંધલના પગલે બીજા કેટલાક પ્રસ્તાવ પરની વિચારણા પણ અટકી પડી હતી જેમાં ગૌવધને લગતા પ્રસ્તાવનો પણ સમાવેશ થયો હતો. વિધાન પરિષદના કોંગ્રેસી સભ્ય પ્રકાશ



રાઠોડે કહ્યું હતું કે જ્યારે ધાંધલ ધમાલ ચાલુ હતી ત્યારે ભાજપ અને જેડીએસના સભ્યોએ ભેગા મળીને સભાના ઉપાધ્યક્ષને ગેરકાયદે રીતે અધ્યક્ષ બનાવી દીધા. કોંગ્રેસે તેમને અધ્યક્ષની ખુરસી ખાલી કરવાનું કહ્યું એમાં તો બધા નારાજ થઈ ગયા. ભાજપ ગેરબંધારણીય રીતે વર્તી રહ્યો હતો.

# સંસારની ગાડીના બે પૈડાઓ સમાન પતિ અને પત્નિ- કુરાન મજીદમાં તે વિષેના આદેશો

સમાજના એક બહુ જ અગત્યના અંગ માનવજાતમાં કુટુંબ એટલે કે વંશવેલાનો આરંભ પતિ અને પત્નિથીજ થાય છે, અને તેના જ કારણે પતિ અને પત્નિ ને સંસારની ગાડીના બે પૈડાઓ સમાન માનવામાં આવે છે. ધાર્મિક રીતે તથા કાનુની રીતે લગ્નબંધનમાં જોડાઈને કાયદેસર પતિ અને પત્નિ બન્યા પછી બંનેનાં સંસારનો આરંભ થઈ જાય છે. બંનેમાં પ્રેમ, સ્નેહ, લાગણી તથા એક બીજા પ્રત્યે માન, આદર, ઈઝઝત, સહાનુભૂતિ વગેરે બંનેના જીવનમાં સ્વર્ગ જેવો આનંદ ભરી દે છે, અને પતિ અને પત્નિનું આવી રીતનું જોડું સંસારમાં એક બહુ જ સારૂં દ્રષ્ટાંત બની રહે છે.



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

પતિ તથા પત્નિના જગત જીવન વિષે કે તે જગત જીવન કેવું હોવું જોઈએ તે વિષે જગતના દરેક ધર્મના ધર્મશાસ્ત્રમાં થોડું ઘણુ જરૂર કહેવામાં આવ્યું હશે. મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પતિ તથા પત્નિના સંસારિક જગત જીવન વિષે અસંખ્ય બોધવચનો આપવામાં આવ્યા છે. આ બોધવચનોમાં એમ પણ કહેવામાં આવેલ છે કે પાલનહાર અલ્લાહે પત્નિઓનું સર્જન પતિઓની જાતમાંથી એટલે કે માનવજાતની જાતિ માંથી જ કરેલ છે. નીચે આ વિષેના અમુક બોધવચનો આપવામાં આવે છે :-

"તમારી પત્નીઓ તમારા માટે પોશાક સમાન છે. અને તમે તેણીઓના માટે પોશાક સમાન છો." (પ્રકરણ ૨, શ્લોક ૧૮૭નો એક ભાગ)

"અને અલ્લાહની નિશાનીઓ પૈકી આ પણ છે કે તેણે તમારા માટે તમારીજ જાતિમાંથી પત્નિઓનું સર્જન કર્યું, જેથી તમે તેણીઓની પાસે આરામ પ્રાપ્ત કરી શકો. અને તમારી વચ્ચે પ્રેમ અને દયા ઉપસ્થિત કર્યા. ખચિત આમાં ઘણી નિશાનીઓ છે એ લોકો માટે જેઓ વિચાર ગહન કરે છે." (પ્રકરણ ૩૦, શ્લોક ૨૧)

"તે અલ્લાહ જ છે જેણે તમારૂં સર્જન એક જીવમાંથી કર્યું અને તેની જ જાતિમાંથી તેની જોડ (પત્નિ) બનાવી જેથી તેણીની પાસે આરામ પ્રાપ્ત કરે. પછી જ્યારે પુરૂષે (પતિએ) સ્ત્રીને (પત્નિને) ઢાંકી દીધી તો તેને એક હળવો ગર્ભ રહી ગયો, જેને લઈને તેણી હરતી ફરતી રહી. પછી જ્યારે તેણી ભારે થઈ ગઈ તો બંનેએ મળીને પોતાના પાલનહાર (રબ)ને પ્રાર્થના (દુઆ) કરેલ કે જો તેં અમોને એક સ્વસ્થ બાળક આપ્યું, તો અમે તારા આભારી થઈશું." (પ્રકરણ ૭, શ્લોક ૧૮૯)

## ઈસ્લામની આરસી

કાસિમ અબ્બાસ

"તમારી પત્નિઓ તમારા માટે ખેતી સમાન છે, તમને અધિકાર છે, જેવી રીતે ચાહો પોતાની ખેતીમાં જાઓ." (પ્રકરણ ૨, શ્લોક ૨૨૩નો એક ભાગ)

"અને આ અલ્લાહ જ છે જેણે તમારા માટે તમારી જાતિ માંથી જ પત્નિઓ બનાવેલ અને તેણે જ આ પત્નિઓમાંથી તમને પુત્રો તથા પૌત્રો આપ્યા અને સારી સારી વસ્તુઓ ખાવા માટે આપેલ." (પ્રકરણ ૧૬, શ્લોક ૭૨ નો એક ભાગ)

"અને અલ્લાહે તમારૂં સર્જન માટી માંથી કર્યું, પછી વિર્ય માંથી, તમારી જોડી (પુરૂષ અને સ્ત્રી- પતિ અને પત્નિ) બનાવી. કોઈ સ્ત્રી ગર્ભવતી નથી થતી અને ન બાળક અવતરે છે સિવાય કે આ સર્વે અલ્લાહની જાણમાં હોય." (પ્રકરણ ૩૫, શ્લોક ૧૧નો એક ભાગ)

"તે અલ્લાહ જ છે જેણે તમારૂં સર્જન એક જીવથી કર્યું. પછી તેણે જ તે જીવથી તેની જોડ (પત્નિ)નું સર્જન કર્યું." (પ્રકરણ ૩૯, શ્લોક ૬નો એક ભાગ)

"પુરૂષો (પતિઓ) સ્ત્રીઓ (પત્નિઓ) પર રખેવાળ (સંભાળ અને રાખનાર - દેખરેખ રાખનાર- વ્યવસ્થાપક) છે, કારણ કે અલ્લાહે તેમના પૈકી એકને બીજા પર શ્રેષ્ઠતા આપેલ છે, અને એટલા માટે કે પુરૂષ (પતિ) પોતાની સંપત્તિ તેણીઓ પર ખર્ચ કરે છે." (પ્રકરણ ૪, શ્લોક ૩૪નો એક ભાગ)

ઉપર આપેલા સર્વે બોધવચનો નો સાર એ જ નીકળે છે કે પાલનહાર અલ્લાહે પત્નિઓનું સર્જન પતિઓની જાતમાંથીજ કરેલ છે તથા બંનેના જીવનમાં એક બીજાનો સાથ અને સંગમ રહેલો છે તથા તેમનો એક બીજા સાથે પ્રેમનો સંબધ છે તથા બંનેના જગત જીવનનું દ્રષ્ટાંત એવું છે કે જાણે બે શરીર અને એક આત્મા.

તે ઉપરાંત ઉપરના બોધવચનોમાં પતિ તથા પત્નિના સંસારિક જીવન વિષે પણ થોડું ઘણું કહેવામાં આવેલ છે. આ ટુંકા લેખમાં પતિ તથા પત્નિના બીજા અનેક મામલાઓ જડેવા કે પતિ તથા પત્નિના એક બીજા પર અધિકારો, સંતાનો સાથેનું જીવન, છુટા છેડા(તલાક) વગેરે વિષેના બોધવચનો નો સમાવેશ નથી કરવામાં આવેલ, કારણ કે આ વિષયો વિષેના અન્ય બોધવચનો રજૂ કરીને તેની લંબાણપૂર્વક છણાવટ કરવા માટે બીજા લાંબા લેખની જરૂરત છે.

ઉપસંહાર એ કે પતિ તથા પત્નિએ સંસારની ગાડીના બે પૈડાઓ સમાન છે અને બંનેમાં એક બીજા પ્રત્યે પ્રેમ, મન મેળ, સંપ તથા સહકાર સંસારની ગાડીને સુખરૂપ ચલાવે છે.

# ખેડૂતોની માગ સ્વીકારો, નહીં તો મેડલ લઈ લો: નિવૃત સૈનિક

## દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલનને વધતા જતાં સમર્થનથી સરકાર ચિંતામાં, વિરોધ-પ્રદર્શનનો દોર જારી

નવી દિલ્હી : છેલ્લા બાર પંદર દિવસથી પાટનગર નવી દિલ્હીના સીમાડે આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં હવે ભારતીય લશ્કરના નિવૃત્ત જવાનો આવ્યા હતા. ભૂતપૂર્વ સૈનિકોએ કેન્દ્ર સરકારને એવી ચેતવણી આપી હતી કે ખેડૂતોની માગણી નહીં સ્વીકારો તો અમે વીરતા માટે અમને અપાયેલા મેડલ્સ પાછા આપી દેશું. અગાઉ અમે લશ્કરના જવાનો હતા, આજે અમે ખેડૂત છીએ એમ નિવૃત્ત જવાનોએ કહ્યું હતું. ખાસ કરીને પંજાબના નિવૃત્ત લશ્કરી જવાનો અને અધિકારીઓએ આવી ચેતવણી આપી હતી. અત્યાર અગાઉ પંજાબ, હરિયાણા અને ચંડીગઢના સ્પોર્ટ્સમેન પોતપોતાના એવોર્ડ અને ઈનામ અકરામ પાછા આપી ચૂક્યા હતા.

આ ફૌજીઓએ કહ્યું હતું કે જવાન દેશની રક્ષા કરે છે અને ખેડૂત અનાજ આપે છે. આપણે ત્યાં જય જવાના જય કિસાનનું સૂત્ર છે. જવાન અને કિસાન એકમેકના પૂરક છે. માટે જવાનો કહે છે કે ખેડૂતોના માગણી સ્વીકારી લો. એકલા પંજાબમાં સાડા ત્રણ લાખ નિવૃત્ત ફૌજીઓ રહે છે. ભારતીય લશ્કરમાં ૩૦ વર્ષ ફરજ બજાવનારા કેપ્ટન ગુલાબ સિંઘે કહ્યું હતું કે અમે દેશમાં જ્યાં જરૂર હોય ત્યાં પહોંચી જઈને ફરજ બજાવી હતી. હવે અમે ખેડૂતોના સમર્થનમાં દિલ્હી જઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે ગરીબ ખેડૂતનો દીકરોજ લશ્કરમાં જોડાઈને દેશની સેવા કરતો હોય છે. આપણા દેશના કિસાનો અન્ય દેશોની તુલનાએ ઘણા ગરીબ છે. આજે એ પોતાના હક માટે લડી રહ્યો છે. એની માગણી સરકારે સ્વીકારી લેવી જોઈએ.



### સંત બાબા રામસિંહનો પોતાને જ ગોળી મારી દિલ્હીમાં આંદોલન સ્થળે આપઘાત

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓના વિરોધમાં આંદોલન કરી રહેલા ખેડૂતોને દિલ્હીમાં સમર્થન આપવા માટે પંજાબના એક મોટા સંત બાબા રામસિંહ ગયા હતા. જેઓએ આંદોલન સ્થળે જ ખુદને ગોળી મારીને આત્મહત્યા કરી લેતા ખેડૂતો અને તેમના સમર્થકોમાં સરકાર સામે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોની માગણીઓ પર કેન્દ્રએ ધ્યાન ન આપતા અને ખેડૂતોની જે સ્થિતિ છે તેને જોઇને દુ:ખી થયેલા બાબા રામસિંહે આત્મહત્યા કરી લીધી હતી. આંદોલન સ્થળ સિંધુ બોર્ડર પર સંત બાબા રામસિંહે પોતાને ગોળી મારી આત્મહત્યા કરી તે પહેલા સૂસાઇડ નોટ પણ લખી હતી. જેમાં તેમણે ખેડૂતોની વ્યથા બાદ પોતાની નિરાશાને વ્યક્ત કરી હતી. તેઓ છેલ્લા કેટલાક દિવસથી દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં આંદોલન કરી રહેલા ખેડૂતોને મળ્યા હતા, તેઓએ બાળકો અને મહિલાઓને ચાદરો પણ ઓઢવા માટે દાન કરી હતી.

### ખેડૂતોને ભ્રમિત કરનારા તત્ત્વો ચેતી જાઓ : મોદી

દિલ્હીમાં કેટલા વિઘટનકારી તત્વો ખેડૂતોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરી રહયાં છે, તે નિંદનીય હોવાનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રી વડાપ્રધાનએ કહ્યું હતું કે, આજે દેશ પૂછી રહ્યો છે કે, અનાજ અને દાળ ઉત્પન્ન કરવાવાળા નાના ખેડૂતોને તેમનો પાક બજારમાં વહેંચવાની આઝાદી શા માટે ન મળવી જોઇએ ? ખેડૂતો માટેના કૃષિ બીલમાં જે સુધારાઓ અમારી સરકારે કર્યા છે તેજ સુધારા માટે ભૂતકાળમાં વિપક્ષના લોકો સમર્થનમાં હતા. પરંતુ તેમની સરકાર હતી ત્યારે એમણે કશુ કર્યું નહી અને આજે ખેડૂતોના ખંભે બંધુક ફોડીને રાજનિતિ કરવા નિકળ્યા છે, તેને મારા દેશના જાગૃત ખેડૂતો જાકારો આપશે તેવો દ્રઢ વિશ્વાસ છે તેમ વડાપ્રધાને આજે કચ્છના ધોરડો ખાતે ત્રણ જેટલા પ્રકલ્પોના વર્ચ્યુઅલ શિલાન્યાસ પ્રસંગે જણાવ્યુ હતુ.

### ગુજરાતમાંથી ૧૫ દિવસમાં ૧૦ હજાર ખેડૂત આંદોલનમાં જોડાશે

બુધવારે બપોરે ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના દિલ્હી બોર્ડર પર બેઠક યોજાઈ હતી, જેમાં આગામી ૧૫ દિવસોમાં ગુજરાતમાંથી ૧૦ હજાર ખેડૂતો દિલ્હી પહોંચે તેવું આયોજન કરાયું છે. પહેલા તબક્કામાં દરેક તાલુકામાંથી ઓછામાં ઓછા ૧૦-૧૦ ખેડૂતોને, બીજા તબક્કામાં દરેક તાલુકામાંથી ઓછામાં ઓછા ૩૦-૩૦ ખેડૂતોને દિલ્હી બોલાવવાનું આયોજન કરાયું છે. ગુજરાતના ખેડૂતોએ ગરબાના કાર્યક્રમનું આયોજન કર્યું છે.

### કેજરીવાલે દિલ્હી વિધાનસભામાં કૃષિ કાયદાની કોપી ફાડી નાખી

કેન્દ્ર સરકારે બનાવેલા ત્રણ કૃષિ કાયદા પર હવે રાજકારણ વધુ ગરમાયું છે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે હાલ ચાલી રહેલા ખેડૂતોના આંદોલનો વચ્ચે કેન્દ્ર સરકાર પર જોરદાર હુમલો કરતા દિલ્હી વિધાનસભામાં કૃષિ કાયદાની કોપીઓ ફાડી નાખી હતી. તેમણે સરકારને આ કાયદા પરત લેવા અપીલ કરતા કહ્યું કે સરકાર અંગ્રેજોથી પણ બદતર ના બને. અંગ્રેજોએ તો નવ મહિનામાં બિલ પાછા ખેંચી લીધા હતા.

### યુપીની ૧૮ ખાપ પંચાયતનું ખેડૂત આંદોલનને સમર્થન

કેન્દ્રીય કૃષિ કાયદાઓના વિરોધમાં ઊતરેલા ખેડૂત સંગઠનોને અન્ય સંગઠનો દ્વારા પણ સમર્થન વધી રહ્યું છે. દિલ્હીની સરહદો પર બાવીસમાં દિવસમાં પહોંચેલા ખેડૂત આંદોલનને હવે ઉત્તરપ્રદેશની ૧૮ ખાપ પંચાયતોએ સમર્થન જાહેર કર્યું છે. ઉત્તરપ્રદેશની ૧૮ ખાપ પંચાયતોએ ગુરુવારે દિલ્હીની સરહદો પર મહાપંચાયતનું આયોજન કર્યું હતું. બાલિયાન ખાપના ચૌધરી નરેશ ટિકૈતે જણાવ્યું હતું કે, અત્યાર સુધી દિલ્હીમાં ૨૬મી જાન્યુઆરીએ પરેડમાં નકલી ટેબ્લો સામેલ કરાતાં હતાં પરંતુ આ વખતે ખેડૂતોની અસલ ઝાંખી પરેડમાં જોવા મળશે. જો કેન્દ્ર સરકાર કૃષિ કાયદાઓ પાછા નહીં ખેંચે તો ઉત્તરપ્રદેશ વિધાનસભાની આગામી વર્ષે યોજાનારી ચૂંટણીમાં ભાજપને મોટું નુકસાન થશે.

## બંગાળમાં અરાજકતા, ચૂંટણી પંચ આચારસંહિતા મુકે : ભાજપની માગ

**• બંગાળની કામગીરીમાં કેન્દ્ર હસ્તક્ષેપ કરી રહ્યું છે, હિંમત હોય તો રાષ્ટ્રપતિ શાસન લાદી બતાવે : મમતાનો પડકાર**

જલપાઈગુરી : પશ્ચિમ બંગાળમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. એ પહેલાં રાજ્યમાં રાજકારણ ચરમસીમા પર છે. બંગાળમાં કાયદો-વ્યવસૃથાની સમિક્ષા કરવા ચૂંટણી પંચ ગુરૂવારે જ્યારે ગૃહમંત્રી અમિત શાહ શનિવારે રાજ્યની મુલાકાતે જવાના છે ત્યારે રાજ્યસભાના સાંસદ સ્વપન દાસગુપ્તાના નેતૃત્વમાં ભાજપના પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચની મુલાકાત લઈ બંગાળમાં અરાજક્તા ફેલાઈ હોવાથી ચૂંટણીના છ મહિના પહેલાં આચારસંહિતા લાદવા માગણી કરી છે. બીજીબાજુ મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પશ્ચિમ બંગાળની કામગીરીમાં હસ્તક્ષેપ કરી હોવાનો આક્ષેપ કર્યો છે. બંગાળમાં રાજકીય હિંસાના ઘટનાક્રમ વચ્ચે ભાજપના પ્રમુખ જેપી નડ્ડાના કાફલા પર હુમલા પછી પક્ષે રાજ્યમાં કાયદો અને વ્યવસૃથાની સ્થિતિ અત્યંત કથળી ગઈ હોવાનો આક્ષેપ કર્યો છે. બંગાળમાં દિવસે ને દિવસે ભાજપ કાર્યકરોની હત્યા થઈ રહી હોવાનો પણ પક્ષે આરોપ મૂક્યો હતો.

## કેબિનેટની બેઠક બાદ ૩૫૦૦ કરોડની ખાંડ નિકાસ સબસિડીને મંજૂરી અપાઈ

**• ખાંડની મિલો ૬૦ લાખ ટન ખાંડની નિકાસ કરી શકશે: સબસિડીની રકમ ડાયરેક્ટ ખેડૂતોના ખાતામાં જમા થશે**

નવી દિલ્હી : શેરડીના ખેડૂતોને બાકી રકમ ઝડપથી ચૂકવી દેવામાં આવે તે માટે ચાલુ માર્કેટિંગ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ખાંડની મિલોને ૬૦ લાખ ટન ખાંડની નિકાસ કરવાની મંજૂરી આપી છે અને આના બદલામાં શેરડીના ખેડૂતોને ` ૩૫૦૦ કરોડ રૂપિયાની સબસિડી આપવાનો નિર્ણય લીધો છે. સબસિડીની આ રકમ ડાયરેક્ટ ખેડૂતોના ખાતામાં જમા કરાવવામાં આવશે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે આ નિર્ણયને મંજૂરી આપી દેવામાં આવી હતી.

કેબિનેટ બેઠક પૂર્ણ થયા પછી માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે આર્થિક બાબતોની કેબિનેટ કમિટી(સીસીઈએ) એ ૬૦ લાખ ટન ખાંડની નિકાસ પર ૩૫૦૦ કરોડ રૂપિયાની સબસિડી મંજૂર કરવામાં આવી છે.

સીસીઈએએ ચાલુ વર્ષ માટે એક કિલો પર ૬ રૂપિયાની સબસિડીને મંજૂરી આપી છે. જો કે આ રકમ ગયા વર્ષ કરતા ઘણી જ ઓછી છે. માર્કેટિંગ વર્ષ ૨૦૧૯-૨૦માં એક કિલો ખાંડ પર ૧૦.૫૦ રૂપિયાની સબસિડી મંજૂર કરવામાં આવી હતી. જેના કારણે સરકારી તિજોરી પર ૬૨૬૮ કરોડ રૂપિયાનો બોજ પડયો હતો.

જાવડેકરે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા બે ત્રણ વર્ષમાં દેશમાં શેરડીનું મબલખ ઉત્પાદન થવાના કારણે શેરડીના ખેડૂતો અને ખાંડની મિલો બંને મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આ વર્ષે પણ ૨૫૦ લાખ ટન શેરડીની માંગ સામે ૩૧૦ લાખ ટન શેરડીનું ઉત્પાદન થશે.

### ગાઢ ધુમ્મસના કારણે સામેના વાહનો જોવામાં થતી તકલીફના કારણે એક મોટી દુર્ઘટના સર્જાઇ

## ઉત્તરપ્રદેશમાં ટેન્કર-બસ અથડાતાં ૮ના મોત, ૨૧ ઘાયલ

સંભલ : ઉત્તર પ્રદેશના બુધવારે સંભલમાં ગાઢ ધુમ્મસના કારણે સામેની વાહનો જોવામાં થતી તકલીફના કારણે એક મોટી દુર્ઘટના સર્જાઇ હતી જેમાં ગેસ ટેન્કરની સાથે ઉત્તર પ્રદેશ માર્ગ વાહન વ્યવહારની બસ અથડાતા આઠ જણાના મોત થયા હતા અને ૨૧ ઘાયલ થયા હતા.આ દુર્ઘટના ધનારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં થઈ હોવાનું પોલીસે કહ્યું હતું.

ગેસ ટેન્કર અને રાજ્ય પરિવહનના એક બસ અથડાતા આઠ જણા માર્યા ગયા હતા અને ૨૧ જણાને ઈજા થઈ હતી. ઘાયલોને સારવાર માટે દવાખાને ખસેડાયા હતા. માર્યા ગયેલાઓના શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી અપાયા હતા.દુર્ઘટના સ્થળે ગેસ ટેન્કર હોવાના કારણે વાહન વ્યવહારને અન્યત્ર વાળવામાં આવ્યું હતું'એમ મુરાદાબાદ પોલીસના વડા ચક્રેશ મિશ્રાએ કહ્યું હતું. જો કે અગાઉ ઘાયલોની સંખ્યા ૨૫ ગણાવવામાં આવી હતી.

**ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા : સંભલમાં ગાઢ ધુમ્મસના કારણે સામેનું વાહન જોવામા ચાલકે ગફલત ખાધી**

પોલીસે કહ્યું હતું કે માર્યા ગયેલાઓની ઓળખાણ બાકી હતી. જિલ્લા વહીવટી તંત્ર અને કલેકટર પણ ઘટના સ્થળે ધસી ગયા હતા. તેમણે બચાવ અને રાહતની કામગીરી શરૂ કરાઈ હતી. દરમિયાન, રાજ્યના મુખ્યમંત્રી યોગીએ માર્યા ગયેલાના પરિવાર પ્રત્યે સંવેદના પ્રગટ કરી હતી, એમ રાજ્યના પ્રવ કતાએ કહ્યું હતું.



# દેશમાં કોરોના સંક્રમણ ઘટ્યું, નવા ૨૪૦૧૦ કેસ

નવી દિલ્હી: દેશમાં કોરોનાગ્રસ્તોની કુલ સંખ્યા વધીને ૯૯,૫૬,૫૫૭ થઇ છે. ગુરુવારે સાંજ સુધીના છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૨૪,૦૧૦ નવા કેસ આવ્યા હતા. કોરોનાથી વધુ ૩૫૫ જણનાં મૃત્યુ થવા સાથે દેશમાં કોરોનાથી મૃત્યુ પામનારાઓની કુલ સંખ્યા ૧,૪૪,૪૫૧ થઈ છે. કોરોનાથી સાજા થવાનો દર ૯૫.૩૧ ટકા થયો છે, એમ કેન્દ્રીય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું. હાલમાં દેશમાં કોરોનાના ૩,૨૨,૩૬૬ સક્રિય કેસ છે. બીજી તરફ સરકાર દેશભરમાં કોરોનાની રસીકરણ માટેની તૈયારી કરી રહી છે ત્યારે રસીકરણની પ્રક્રિયામાં ૯૦ લાખ ખાનગી સિક્યોરિટી ગાર્ડની મદદ લેવાશે. રાજ્ય કક્ષાના કેન્દ્રીય ગૃહ પ્રધાન જી. કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે દેશના ૧૩૦ કરોડ નાગરિકને કોરોનાની રસી આપવી એ સરકાર, પોલીસ અથવા અન્ય અધિકારીઓ માટે બહું કપરું કામ છે અને આ કામમાં ખાનગી સિક્યોરિટી ગાર્ડ બહું મહત્ત્વનો ભાગ ભજવશે. દરેક ઘર સુધી રસી પહોંચે એ કામ ફક્ત ખાનગી સિક્યોરિટી ગાર્ડ જ કરી શકે એમ છે. દેશમાં અંદાજે ૯૦ લાખ જેટલા ખાનગી સિક્યોરિટી ગાર્ડ છે. રેડ્ડીએ જણાવ્યું હતું કે ખાનગી સિક્યોરિટી ગાર્ડ દરેક સોસાયટી, હૉસ્પિટલો, બૅન્કો, બજારો, સંસ્થાઓ સહિત બધે જ હાજર છે અને એમણે કોરોનાકાળ દરમિયાન ફ્રન્ટલાઈન

## ભારતની વેક્સિનની પહેલી ટ્રાયલ સફળ, કોઇ આડઅસર નથી

ભારત બાયોટેક દ્વારા તૈયાર કરાયેલી કોવિડ ૧૯ વિરોધી રસીની પહેલા તબક્કાની ટ્રાયલ સો ટકા સફળ થઇ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ રસીની કોઇ સાઇડ ઇફેક્ટ પણ થઇ નહોતી. પહેલા તબક્કાની ટ્રાયલ નાનામોટા સૌ કોઇ પર કરવામાં આવી હતી. કોઇ કહેતાં કોઇને કશી આડઅસર થઇ નહોતી. વિદેશી પોર્ટલ એમઆરએક્સઆઇવીના અહેવાલ મુજબ આ રસી પૂરેપૂરી સુરક્ષિત અને સચોટ અસરકારક છે.

## રસી માટે ૨૯ હજાર કોલ્ડ ચેઇન પોઇન્ટ્સ, ૯૦ હજાર ફ્રીજ તૈયાર

ભારતમાં કોરોના વાઇરસના કુલ કેસ એક કરોડની નજીક પહોંચી ગયા છે. આ સ્થિતિ વચ્ચે હવે કોરોનાની રસીના સપ્લાયની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સરકારનો અંદાજ છે કે આશરે ૨૯ હજાર કોલ્ડ ચેઇન પોઇન્ટ્સ, ૨૪૦ વોક ઇન કૂલર્સ, ૭૦ વોક ઇન ફ્રીઝર્સ, ૪૫ હજાર આઇસ લાઇન્ડ રેફ્રીઝરેટર, ૪૧ હજાર ડીપ ફ્રીઝર્સ અને ૩૦૦ સોલાર રેફ્રીજરેટરનો ઉપયોગ રસીના સ્ટોરેજ માટે થશે.

## દિલ્હીમાં કોરોનાની અસર : ૧૩ જેટલા લોકોએ આંખો ગુમાવી

ભારતમાં હવે કોરોનાનો નવો સ્ટ્રેન સામે આવ્યો હોવાથી ખળભળાટ મચી ગયો છે. દિલ્હીમાં તાજેતરમાં સામે આવેલા કેસમાં નવા જ પ્રકારનાં લક્ષણો જોવા મળ્યાં છે. જાણકારોના મતે છેલ્લા ૧૫ દિવસમાં કોરોનાનાં સંક્રમણના આવેલા કેસમાંથી ૧૩ લોકોમાં ફંગલ ઈન્ફેક્શનને કારણે તેમની દૃષ્ટિ જતી રહી હતી. આ ઉપરાંત કેટલાક કેસમાં નાક અને જડબાનાં હાડકાંને નુકસાન થયું હતું. મગજ સુધી વાઇરસ પહોંચ્યાના કારણે કેટલાક દર્દીઓનું મોત થયાનું સામે આવ્યું હતું.

# બે દાયકામાં ભારત વિશ્વની ટોપ-૩ ઈકોનોમીમાં હશે : મુકેશ અંબાણી

નવી દિલ્હી : દેશના સૌથી ધનિક વ્યક્તિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના ચેરમેન મુકેશ અંબાણી અને ફેસબૂક સ્થાપક માર્ક ઝુકરબર્ગ વચ્ચે આજે ઓનલાઈન સંવાદ થયો હતો.



જેમાં મુકેશ અંબાણીએ આગાહી કરી હતી કે, આગામી બે દાયકામાં ભારત વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓ પૈકીનુ એક હશે.ભારતમાં જેટલા પરિવારો છે તેમાંથી ૫૦ ટકા મધ્યમવર્ગીય છે અને તેમાં દર વર્ષે ત્રણ થી ચાર ટકાનો વધારો થઈ રહ્યો છે.મારો વિશ્વાસ છે કે, આગામી ૨૦ વર્ષમાં ભારતની ઈકોનોમી વિશ્વની ટોચની ત્રણ ઈકોનોમી પૈકીની એક હશે.

તેમણે કહ્યુ હતુ કે, મહત્વની વાત એ છે કે, ભવિષ્યમાં દેશ એક મોટી ડિજિટલ સોસાયટીમાં ફેરવાશે અને તેને યુવાઓ ચલાવશે.અમારી પ્રતિ વ્યક્તિ આવક ૧૮૦૦-૨૦૦૦ ડોલરથી વધીને ૫૦૦૦ ડોલર થઈ જશે. ફેસબૂક તેમજ દુનિયાની બીજી મોટી કંપનીઓ પાસે ભારતમાં વ્યવસાય કરવા માટે અને ભારતમાં આવી રહેલા પરિવર્તનનો હિસ્સો બનવા માટે સોનેરી તક ઉભી થઈ છે.

# ગોવા પંચાયતમાં ભાજપની બોલબાલા, ૪૯માંથી ૩૨ બેઠકો પર વિજય મેળવ્યો

પણજી : હૈદરાબાદ અને રાજસ્થાન પછી હવે ભાજપે ગોવા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઝળહળતો વિજય મેળવ્યો હતો. ગોવા જિલ્લા પંચાયતની ૪૯માંથી ૩૨ બેઠકો ભાજપે જીતી લીધી હતી. કોંગ્રેસને રોકડી ચાર બેઠક મળી હતી.

ગોવાની કુલ ૪૮ જિલ્લા પંચાયતોની પચાસ બેઠકો હતી. એમાં એક બેઠકના ઉમેદવારનું મરણ થતાં ૪૯ બેઠકોની ચૂંટણી થઈ હતી. ૧૨મી ડિસેંબરે અહીં મતદાન થયું હતું અને સોમવારે ૧૪ ડિસેંબરે મતગણતરી થતાં પરિણામો જાહેર કરાયાં હતાં. ૪૯માંથી ૩૨ બેઠકો ભાજપે જીતી લીધી હતી, સાત બેઠકો અપક્ષોને મળી હતી, ચાર બેઠક કોંગ્રેસને ફાળે ગઇ હતી અને ત્રણ બેઠકો એમજીપીને મળી હતી. રાકાંપા અને આપ બંનેને એક એક બેઠક મળી હતી. છેલ્લા થોડા સમયથી આપના અરવિંદ કેજરીવાલ દરેક રાજ્યમાં પોતાનો



પગપેસારો કરવાના પ્રયાસો કરી રહ્યા હતા. પરંતુ ગોવામાં ખૂબ પ્રયાસો પછી આપને પહેલીવાર એક બેઠક મળી હતી. ૨૦૨૨માં થનારી કેટલીક વિધાનસભાઓની ચૂંટણીમાં વિજેતા થવાની મુરાદ સાથે અરવિંદ કેજરીવાલ દરેક રાજ્યમાં પગપેસારો કરવાના પ્રયાસ કરી રહ્યા હતા.

# ૧૯૭૧ના યુદ્ધમાં વિજયના ૫૦ વર્ષ પૂર્ણ, મોદીએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે. તે જ યુદ્ધ હતું જેના પરિણામે વિશ્વના નકશા પર બાંગ્લાદેશ નામના એક નવા રાષ્ટ્રનો ઉદભવ થયો. આ યુદ્ધમાં ભારતે પાકિસ્તાનને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દીધુ હતુ.

વડાપ્રધાન મોદી વર્ષ ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધના ૫૦ વર્ષ પૂરા થતા બુધવારે રાજધાની દિલ્હી સ્થિત રાષ્ટ્રીય સમર સ્મારકની અમર જ્યોતિથી સ્વર્ણિમ વિજય મશાલ પ્રજ્વલિત કરી. રક્ષા મંત્રાલયની તરફથી એક નિવેદનમાં કહેવાયું છે કે રાષ્ટ્રીય સમર સ્મારક પર સતત પ્રજ્વલિત જ્યોતથી ૪ વિજય મશાલ પ્રજ્વલિત કરાશે અને તેને ૧૯૭૧ યુદ્ધના પરમવીર ચક્ર અને મહાવીર ચક્ર વિજેતાઓના ગામ લઈ જવાશે. આ સંઘર્ષમાં કારમી હારનો સામનો કર્યા પછી, પાકિસ્તાનના ૯૩,૦૦૦ સૈનિકોએ ભારતની શરણાગતિ સ્વીકારી હતી. આ યુદ્ધના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે વડા



પ્રધાન નરેન્દ્ર મોદી નવી દિલ્હીના રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે સુવર્ણ વિજય મશાલ પ્રગટાવશે અને વર્ષભરના કાર્યક્રમો શરૂ કરશે. પાકિસ્તાન સામેના યુદ્ધમાં વિજય અને બાંગ્લાદેશની આઝાદી બાદથી ભારત ૧૬ ડિસેમ્બરને વિજય દિવસ તરીકે ઉજવણી કરે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત સંરક્ષણ

# યુપીમાં ગધેડાની લાદ, ઝેરી એસિડથી બનતા મસાલાનું કારખાનું ઝડપાયું

હાથરસ : ઉત્તરપ્રદેશમાં હાથરસ પોલીસે નકલી કે ભેળસેળ ધરાવતા મસાલાનું ઉત્પાદન કરીને બજારમાં વેચી રહેલું કારખાનું ઝડપી પાડયું છે. આ કારખાનામાં ગધેડાની લાદ, એસિડ અને રંગીન ભૂસાને ભેળવીને મસાલા તૈયાર થતા હતા. આ કારખાનામાંથી નકલી મસાલાનો ૩૦૦ કિલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

નવીપુર વિસ્તારમાં ચાલી રહેલા આ કારખાનાના માલિક અનૂપ વાર્ષ્ણેયની ધરપકડ કરવામાં આવી છે. અનૂપ તે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ દ્વારા વર્ષ ૨૦૦૨માં રચવામાં આવેલા સંગઠન હિંદુ યુવા વાહિનીનો મંડળ સહપ્રભારી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ધાણા પાઉડર, મરચું પાઉડર, હળદર, ગરમ મસાલા જેવા ભેળસેળ ધરાવતા મસાલા મળી આવ્યા હતા. તપાસ ટુકડીએ ભેળસેળયુક્ત મસાલા જપ્ત કરીને ૨૭ નમૂના તપાસ માટે મોકલ્યા છે. નમૂનાની તપાસનો અહેવાલ આવ્યા પછી કારખાનાના સંચાલક સામે ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ ૨૦૦૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવશે. પોલીસે જણાવ્યું કે કારખાના સંચાલક અનૂપ વાર્ષ્ણેયની સીઆરપીસી કલમ ૧૫૧ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. તે હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

# તેજસના નિર્માણમાં મહત્ત્વનો રોલ ભજવનારા વિજ્ઞાની રોડમ નરસિમ્હાનું નિધન

બેંગાલુરુ : એરોસ્પેસ ક્ષેત્રના ભારતીય વિજ્ઞાની પ્રોફેસર રોડમ નરસિમ્હાનું મંગળવારે ૮૭ વર્ષે નિધન થયું હતું. સ્વદેશી લાઈટ કોમ્બેક્ટ એરક્રાફ્ટ (એલસીએ) તેજસના નિર્માણમાં તેમણે મહત્ત્વનો રોલ ભજવ્યો હતો. ૧૯૭૮થી ૧૯૮૩ દરમિયાન તેઓ સ્વદેશી ફાઈટર વિમાન પ્રોજેક્ટમાં સક્રિય હતા. પ્રોફેસર નરસિમ્હા ભારતના અવકાશ વિજ્ઞાનના અગ્રણી વિજ્ઞાની સતિષ ધવનના પ્રથમ વિદ્યાર્થી હતા. પ્રોફેસર ધવનના આગ્રહથી જ પ્રોફેસર નરસિમ્હા અમેરિકામાં ભણ્યા પછી ભારતમાં આવ્યા હતા અને ઈસરોમાં સક્રિય થયા હતા. ૮મી તારીખે બ્રેઈન હેમરેજ થતા તેમને બેંગાલુરુની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં જ તેમનું નિધન થયુ હતુ. તેમના નિધનથી વડાપ્રધાન-રાષ્ટ્રપતિ સહિતના મહાનુભાવોએ શોક વ્યક્ત કર્યો હતો.

# ઉત્તર ભારત ઠૂંઠવાયું, કોલ્ડ વેવનું એલર્ટ : ગુલમર્ગમાં - ૧૧.૭ ડીગ્રી

• હિમાચલ-કાશ્મીરમાં હિમ વર્ષા વધી : દિલ્હીમાં ૫ ડીગ્રી તાપમાન

નવી દિલ્હી : સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીનું પ્રમાણ વધી ગયું છે. કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા વધતા હવે તેની અસર ઉત્તર ભારતની સાથે પશ્ચિમ, પૂર્વ અને મધ્ય ભારતમાં પણ જોવા મળી રહી છે. સતત બીજા દિવસે કાશ્મીરના ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૧૦ ડીગ્રીથી નીચુ રહ્યું હતું. બુધવારે ગુલમર્ગનું તાપમાન માઈનસ ૧૧.૭ ડીગ્રીએ પહોંચી ગયું હતું. જ્યારે દેશની રાજધાની દિલ્હીમાં તાપમાન ૫.૮ ડીગ્રી નોંધાતા લોકો ઠુંઠવાયા હતા. હાલ કેટલાક રાજ્યોમાં હિમ



વર્ષા તો કેટલાકમાં વરસાદ પડી રહ્યો છે જેને પગલે ઠંડીનું પ્રમાણ વધી ગયું છે. હિમાચલ પ્રદેશના કિલોંગમાં તાપમાન હજુ પણ માઈનસમાં છે, અહીં બુધવારે તાપમાન માઈનસ ૫.૬ ડીગ્રીએ પહોંચી ગયું હતું. રાજસ્થાનમાં તાપમાન ચાર ડીગ્રી ઘટી જતા આગામી બે દિવસ કોલ્ડ વેવ રહેશે.

# ભારતીય નૌકાદળ માટે વધુ ૩૮ બ્રહ્મોસ મિસાઈલ ખરીદવાનો નિર્ણય લેવાયો

વિશાખાપટ્ટનમ : ભારતીય નૌકાદળ માટે વધુ ૩૮ બ્રહ્મોસ મિસાઈલ ખરીદવાનો નિર્ણય લેવાયો છે. આ માટે ૧૮૦૦ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ સરકારને મોકલી દેવાયો છે. નૌકાદળમાં પહેલેથી જ બ્રહ્મોસ વપરાય છે. આ પ્રસ્તાવને ટૂંક સમયમાં જ મંજૂરી મળી જવાની પુરી શક્યતા છે. સામાન્ય રીતે બ્રહ્મોસની રેન્જ ૩૦૦ કિલોમીટર જેટલી છે. પરંતુ નવા વર્ઝનમાં રેન્જ વધારીને ૪૫૦ કિલોમીટર કરી દેવાઈ છે. આ મિસાઈલો નૌકાદળના વિશાખાપટનમ ક્લાસના યુદ્ધજહાજોમાં ફીટ કરવાના છે. એ માટેની તૈયારી પણ આરંભી દેવાઈ છે. એ પહેલા મિસાઈલનું નૌકાજહાજ આઈએસએસ ચેન્નઈ પરથી પરિક્ષણ કરાયું હતું. ત્યારે મિસાઈલે ૪૦૦ કિલોમીટર સુધીની રેન્જ સફળતાપૂર્વક પાર કરી દેખાડી હતી. બ્રહ્મોસ જગતનું સૌથી ઝડપી ક્રૂઝ મિસાઈલ છે.

# સત્યકામ સુજાતાની આંખોમાં નિખાલસતાને તાકી રહ્યો

સવારના આઠેક વાગ્યા હશે.

વિલાસ રોજ કરતાં આજે વહેલી ઊઠી હતી અને અત્યારે તે બાથરૂમમાં હતી.

બાથરૂમના શૉવરમાંથી વરસતી ઝીણીઝીણી વર્ષા વિલાસના દેહને સ્પર્શતાં જ સરી પડતી હતી. આંખોમાં ઊતરતું શેમ્પૂનું ફીણ ધગધગતાં આંસુ બનીને બહાર ધસી આવતું હતું. વચ્ચે વચ્ચે વિશાળ કદના અરીસામાં પોતાની કાયા જોઈ વિલાસ ખુદ શરમાઈ જતી – મૂંઝાઈ જતી. અરે, આંખો બંધ કરી લેતી.

'ખટ... ખટ...' કોઈએ બાથરૂમનું બારણું ખટખટાવ્યું.

'કોણ ?' વિલાસે બેફિકરાઈથી બૂમ મારી.

'બે'ન ! તમારો ફોન છે.' બહારથી અવાજ આવ્યો.

'ટેલિફોન ?' વિચારતાં જ વિલાસે શૉવરનો કૉક બંધ કરી દીધો અને

પૂછ્યું :' 'કોણ બોલે છે ?'

'સત્યકામભાઈ બોલે છે.'

'સ...ત્ય...કા...મ...!' વિલાસની જીભ સળવળી ઊઠી : 'ઓહ !

ડિયર.. સત્ય...કામ...!'

ફરી તેણે ઊંચા સાદે કહ્યું : 'કહેજે હું નાહીને એને ફોન કરું છું.'

'સારું.'

વિલાસના મોં પર એક અવનવી લહેરખી દોડી ગઈ. પ્રયત્નપૂર્વક દબાવી રાખવા છતાં એ સ્મિતને રોકી શકી નહીં. થનગનતા એના પગ આરસની ભીની ફર્શ પર લપસતાં લપસતાં રહી ગયા. આયનામાં પોતાનું પ્રતિબિંબ જોતાં ફરી તે થંભી ગઈ : 'રે વિલાસ ! તું આટલી ચંચળ કેમ ? હજુ તો એનો ફોન જ આવ્યો છે... તું એને રૂબરૂ મળીશ ત્યારે તારી શું દશા થશે ?'

'કંઈ જ નહીં... કેમ વળી ?' તે જાતે જ પોતાના સવાલનો જવાબ આપી રહી.

'જૂઠું ન બોલ, ગાંડી. એનો ફોન આવ્યો છે એટલું સાંભળતાં જ તું કેવી પુલકિત થઈ નાચી ઊઠી હતી. અરે, જો તો ખરી, હજુયે તારી છાતી કેટલી ઊછળે છે ? તારું નાક કેવું ફૂલી રહ્યું છે ? તારા હોઠ તો જો... ધ્રૂજી રહ્યા છે.

એ કોના નામે ? કોના કારણે ? સત્યકામ પાછળ તું ગાંડી છે એ કબૂલ કર.'

'જા... રે... જા સત્યકામ મારી પાછળ ગાંડો છે... નહીં તો એ ફોન જ શા માટે કરે ? અને હા, તને એની પડી ન હોય તો હવે તું એને ફોન ન કરતી.'

'નહીં, નહીં... સત્ય... હું હમણાં જ ફોન કરું છું.' બોલતી તે બારણાં

તરફ વળી. પણ પોતાની સ્થિતિનું ભાન થતાં વિલાસ શરમાઈ અને ટૉવેલ લઈ ભીની કાયાને લૂછી રહી : 'સત્ય કેવો રૂપાળો છે ! આટલું મોહક વ્યક્તિત્વ મેં કદી જોયું નથી. એની આંખોનો પ્રભાવ બીજા કોઈમાંયે નથી. વાળ પણ કેવા સરળ ઓળે છે ! ભૂખરા છતાં રેશમ – જાણે કે યુરોપમાંથી ઊતરી પડ્યો... તે દિવસે પુસ્તક લેવાના બહાને એની આંગળીઓને મારી આંગળીઓ... ઓહ !

પણ આજે તો હું એને મળવા જવાની છું. મળવું એ એક બહાનું છે, એ બહાને એના હાથને તો હું સ્પર્શી શકીશ ને !'

'પણ એ પાપ છે... એના પ્રત્યે આવી...!'

'શટ અપ ! એ જમાનો ગયો હવે... સત્ય હેન્ડસમ છે એ વાત સાચી પણ આ કયો મોટો દેવનો અવતાર છે ? રેખા એના દૂરના સગાંની દીકરી થાય તોયે એની સાથે એકલો ફિલ્મ જોવા નથી જતો શું ?'

'તો વિલાસ, તું પણ ?'

'હા... હું કરુંયે શું ? સત્ય સિવાય મને ચેન નથી. સત્ય સિવાય મને દૃષ્ટિ નથી. સત્ય સિવાય મને ઊંઘ નથી. એનો ચહેરો સદાય મારી આગળ ભમ્યા કરે છે.

વિલાસ બાથરૂમમાંથી ગાઉન પહેરી બહાર આવી. પાણી નીતરતા વાળને કોરા કર્યા વગર જ ડ્રોઈંગરૂમ ભણી દોડી.

સત્યકામને ટેલિફોન જોડી રિસીવરને કાને અડાડી સામેથી રિસ્પૉન્સની રાહ જોતી ઊભી રહી. ઘંટડી વાગ્યે જતી હતી, સહેજ કંટાળતાં વિલાસ વાળને ખંખેરી રહી... અને સામેથી રિસીવર ઊંચકાયું.

'હલો... સત્યકામ !' વિલાસ બોલી ઊઠી.

'સત્યકામ નથી, કોણ બોલે છે ?' સામેથી અપરિચિત પુરુષનો સ્વર સંભળાયો.

'હું વિલાસ, હમણાં જ એણે મને ફોન કર્યો હતો ને ! આપ કોણ ?'

'સત્યકામ હવે અહીં નથી રહેતા. એમણે અઠવાડિયા પહેલાં જ આ બંગલો મને વેચી દીધો છે.'

'કેમ ?'

'એ પ્રશ્ન તમે એમને જ સીધો પૂછી શકો છો.'

ટેલિફોન મુકાઈ ગયો. વિલાસને કંઈ સમજાયું નહીં,




**વિલાસના મોં પર એક અવનવી લહેરખી દોડી ગઈ. પ્રયત્નપૂર્વક દબાવી રાખવા છતાં એ સ્મિતને રોકી શકી નહીં. થનગનતા એના પગ આરસની ભીની ફર્શ પર લપસતાં લપસતાં રહી ગયા. આયનામાં પોતાનું પ્રતિબિંબ જોતાં ફરી તે થંભી ગઈ : 'રે વિલાસ ! તું આટલી ચંચળ કેમ ? હજુ તો એનો ફોન જ આવ્યો છે... તું એને રૂબરૂ મળીશ ત્યારે તારી શું દશા થશે ?'**

પણ એ ક્ષુબ્ધ થઈ ગઈ.

વિલાસે ફરી એકવાર ટેલિફોન કરી વધુ પૂછવા નિર્ણય કર્યો... ત્યાં જ એના ફોનની ઘંટડી રણકી ઊઠી. રિસીવર ઉઠાવતાં વિલાસ બોલી : 'વિલાસ હિયર.'

'વિલાસ ! હું અંજના... તેં કંઈ જાણ્યું ?'

'નહીં... અંજના.'

'પેલો સત્યકામ છે ને... બરબાદ થઈ ગયો.. એના પપ્પાની પેઢી મુંબઈમાં હતી ને તે કાચી પડી, બધું વેચી દેવું પડ્યું. બંગલો, મોટર, ફર્નિચર બધું જ અને બીજું કંઈ જાણ્યું ? એણે રોડ પર બસ નીચે કચડાઈ આત્મહત્યા કરવા પ્રયાસ કર્યો... બિચારો મર્યો નહીં ને છૂંદાઈ ગયો. એક પગ ગુમાવ્યો...

અત્યારે હૉસ્પિટલમાં છે. તું જવાની છે ?'

ઘડીભર વિલાસ સ્તબ્ધ થઈ સાંભળી રહી. એના કાન સાંભળેલી એ વાત માનવા તૈયાર નહોતા.

ત્યાં જ ફરીથી સામેથી અંજનાનો અવાજ સંભળાયો : 'આમ તો આજે હું એને રાખડી બાંધવા જવાની હતી, પણ હવે નથી જવું. ક્યાં એ લફરામાં ફસાવું...? અત્યારે તો પોલીસના કબજામાં છે એ... પણ એમ કર વિલાસ...

તું જા... તને તો એની પ્રત્યે ખાસ...'

'બસ, બસ... ખરી છે તું તો હોં...! પોતાને દૂર રહેવું છે ને મને ફસાવી દેવી છે, એમ ને ? તને એની બી.એમ.ડબલ્યુ. કાર ખૂબ ગમતી હતી... તું

જા...'

જવાબમાં સામે છેડે અંજના ખડખડાટ હસતી જણાઈ. તે આટલું જ બોલી : 'વિલાસ, કાર વગરની વ્યક્તિ એ પ્રેમ નથી, જેમ તારે મન પગ વગરનો માણસ એ...'

'બસ... બસ... બોલ અત્યારે કયા મૉર્નિંગ શૉમાં જવું છે ?' વિલાસે હસતાં હસતાં વાત બદલી.

'તું ઘેર આવી જા ને પછી નક્કી કરીએ છીએ.'

'ઓ.કે.' કરતાં ફોન મૂકી વિલાસ કપડાં બદલવા બીજા ખંડ તરફ વળી.

★ ★ ★

હૉસ્પિટલનાં પગથિયાં પર લાઈન લગાવીને બેઠેલાં દર્દીઓને ફેંદતી એક યુવતી હાંફળીફાંફળી પગથિયાં ચડી રહી હતી.

એની આંખોમાં વિહ્વળતા હતી, દર્દનો અણસાર અને બીક પણ હતાં.

કેઝ્યુઅલ્ટી સેક્શન તરફ વિવેક છોડીને પણ તે દોડીને અંદર ઘૂસી ગઈ.

તેના અચાનક પ્રવેશથી ડૉક્ટરો પણ ઠપકાભરી દૃષ્ટિએ તેને તાકી રહ્યા, પણ એના ચહેરા પરના ભાવ જોઈ તેઓને સહાનુભૂતિ થઈ.

'સત્યકામ ક્યાં છે ?' તેણીએ પૂછ્યું.

'સત્યકામ ! કાર ઍક્સિડન્ટ થયો છે તે ? ત્રીજો માળ. સ્પેશિયલ રૂમ નંબર સાત.' બાજુમાં ઊભેલી એક નર્સે જવાબ આપ્યો.

તે બહાર નીકળી ગઈ. ફરીથી સડસડાટ પગથિયાં ચડતી ત્રીજા માળે પહોંચી. એક... બે... ત્રણ... એમ પસાર કરતી સાતમા નંબરના ખંડે પહોંચી.

પથારીમાં બેઠેલો સત્યકામ બોલી ઊઠ્યો : 'સુજાતા ?'

'સત્યકામ !' બોલતી સુજાતા દોડીને એની પાસે આવી : 'શું થયું

સત્યકામ ?'

'ઍક્સિડન્ટ.'

'તેં મને ખબરેય ન આપી. આ તો વિલાસ અને અંજના મને રસ્તામાં મળ્યાં એમણે વાત કરી.'

'એ લોકો આવે છે અહીં ?'

'ના, એ તો મૉર્નિંગ શૉમાં ગયાં. પણ સત્યકામ પૈસા ગુમાવ્યાથી આવું કરવાનું ?'

'શું ?'

'મારા મોઢે એ શબ્દ બોલાવે છે ?' સુજાતાના ચહેરા પર વ્યથા તરી આવતી હતી.

'એ બધું જાણવા છતાં તું આવી ?' સત્યકામે પૂછ્યું.

'સત્ય ! કદાચ વિલાસ કે અંજના જેટલો હક્ક મને તારી ઉપર નહીં હોય, પણ તારા દુઃખમાં ભાગીદાર થવાનો હક્ક...'

'સુ...જા...તા...!'

સુજાતાની આંખ ભીની થયેલી હતી. સત્યકામ તેને તાકી રહ્યો.

વિલાસ કે અંજના પણ આવવાની હતી અને એમના દિલમાં જે વાત હતી તે છુપાવતી હતી. જ્યારે અહીં સુજાતા તો સ્પષ્ટ હતી.

'કેમ મૂંઝાય છે ?' મને પણ એક તક આપ, સત્યકામ ! પ્લીઝ !' સુજાતા વીનવી રહી.

સત્યકામ સ્તબ્ધ થઈ સુજાતાની મોટી મોટી આંખોમાં રહેલી નિખાલસતાને તાકી રહ્યો.

'પણ હવે મારે જીવીને કરવું છેય શું ? મારી પાસે ખાવા જેટલુંયે રહ્યું નથી.'

'સત્યકામ, તને મારી પર ભરોસો છે ?'

સત્યકામ ચૂપ રહ્યો.

'તો...'

'બસ, બસ, સુજાતા, મારે કંઈ સાંભળવું નથી.'

કહેતાં એણે સુજાતાની તરફ પોતાનો હાથ લંબાવ્યો...

સુજાતાએ અમીભરી નજરે એનો હાથ પકડી લીધો.

સત્યકામ બોલ્યો : 'સુજાતા, આજથી તને હું મારી જાત તથા તમામ મિલકત અર્પણ કરું છું.'

જવાબમાં તે હસી રહી હતી.

'મિલકત મારે નથી જોઈતી અને હવે છેય ક્યાં ?'

'બધું જ છે, કંઈ ગયું નથી. એ તો માત્ર બનાવટ હતી. મને અકસ્માત નડ્યો હતો એ વાત સાચી, પરંતુ કશું જ ગંભીર નથી. મેં આપઘાતનો કોઈ પ્રયાસ કર્યો નથી. માત્ર નાનો અકસ્માત થયો છે. મેં પગ પણ ગુમાવ્યો નથી.

માત્ર થોડી ઈજા જ થઈ છે. તમારા બધાંની કસોટી કરવા મેં બીજું બધું ઊભું કરેલું. બંગલે નોકરને સૂચના આપી હતી કે તમારો કોઈનો ફોન આવે તો હું બંગલો ખાલી કરી ગયો છું એવો જવાબ આપવો. ખેર ! સુજાતા આમાંયે આપણી

સહુની કસોટી થઈ.' કહેતાં સત્યકામે સુજાતાનું મોં પોતાની સમીપ લીધું.

વિલાસ નામ પ્રમાણે વિલાસિતા હતી જ્યારે સુજાતા ખરેખર સુજાતા હતી.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### સ્કોટલેન્ડના દરિયામાં તરતી પવનચક્કી

પવનચક્કી એટલે પવનમાંથી વીજળી મેળવવાનો સ્રોત. સંખ્યાબંધ પવનચક્કી વડે પુષ્કળ માત્રામાં વીજળી મેળવી શકાય છે. ઘણા દેશોમાં આવા વીન્ડ ફાર્મ જોવા મળે છે તે જમીન પર હોય છે પરંતુ સ્કોટલેન્ડના પીટર્સહેડના દરિયામાં તરતી પવન ચક્કીઓ કાંઠાના લગભગ ૨૦,૦૦૦ ઘરમાં વીજળી પૂરી પાડે છે. સ્કોટલેન્ડના આ વીન્ડફાર્મમાં પાંચ પવનચક્કી છે. દરેક ૮૩૦ ફૂટ ઊંચી છે. તેના પાયાના ૨૫૬ ફૂટ પાણીની સપાટી નીચે છે. એક પવનચક્કી છ મેગાવોટ પાવર આપે છે. આ પાવર વપરાય નહીં તો વિરાટ લિથિયમ બેટરીમાં સ્ટોર થાય છે. દરિયામાં તરતી આ પવનચક્કીના તળિયે ૧૧૧ ટનના લંગર બાંધીને ઊભી રાખવામાં આવે છે. લંગરનો વ્યાપ ૧૬ ફૂટ છે. પવનચક્કી દરિયાના પાણીમાં ઊભી તરતી રહે છે.

### ચીનની કુદરતી અજાયબી શાઈલીન સ્ટોન ફોરેસ્ટ

પૃથ્વી પર વૃક્ષોના અનેક જંગલ જોવા મળે પણ ચીનમાં તો એક પથ્થરનું અજાયબ જંગલ છે. ચીન વિશાળ દેશ હોવાથી વિવિધ ભૌગોલિક રચના ધરાવતા અનેક વિસ્તારો છે. યુનાન પ્રાતંમાં ૩૫૦ ચોરસ કિલોમીટરમાં આવેલું પથ્થરનું જંગલ કુદરતી અજાયબી છે. શાઈલીન સ્ટોન ફોરેસ્ટ તરીકે ઓળખાતા આ વિસ્તારમાં અણીયાળા નાના મોટા પથ્થરો ઝાડીની જેમ ઊગી નીકળ્યા છે. જમીન પર કાટખૂણે ઊભેલા આ પથ્થરો શિલ્પકૃતિ જેવા લાગે, આ ખડકો ૨૭ કરોડ વર્ષ જૂના હોવાનું કહેવાય છે. જમીન પર નજીક નજીક ઊભેલા એક સરખા આકારના સ્થંભો જંગલ જેવું દ્રશ્ય ઊભુ કરે છે. તેથી તેને સ્ટોન ફોરેસ્ટ કહે છે. ઘણા સહેલાણીઓ આ જંગલ જોવા આવે છે.



## અમેરિકામાં કોરોના અનસ્ટોબેલ

# ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૩૭૦૦ લોકોના મોત, ૨.૭૦ લાખથી વધુ પોઝિટિવ કેસ

## દુનિયાના ૨૫ દેશોમાં કોરોના સંક્રમિતોની સંખ્યા પાંચ લાખને આંબી ગઈ

વોશિંગ્ટન : કોરોના વાયરસની સૌથી વધુ અસર અમેરિકામાં જોવા મળી રહી છે. અમેરિકામાં છેલ્લાં ૨૪ કલાકમાં ૩૭૦૦ લોકોના મોત થયા છે. જ્યારે ૨.૫૦ લાખ નવા કેસ સામે આવતા હાહાકાર મચી ગયો છે.

કોરોના વાયરસની સૌથી વધુ અસર અમેરિકા, ભારત અને બ્રાઝિલમાં જોવા મળી છે. છેલ્લાં કેટલાંક દિવસોથી દુનિયાના સૌથી તાકાતવાર દેશ અમેરિકામાં સૌથી વધુ મોત થયા છે. ત્યારબાદ બ્રાઝીલ, મેક્સિકો, જર્મની, ઈટલી, યુકે, પોલેન્ડ, રૂસ, ભારતમાં મોતના સૌથી વધુ કેસ આવ્યા.

દુનિયાભરમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૭ કરોડ ૪૫ લાખને પાર કરી ગયો છે. ૧૬ લાખ ૫૪ હજારથી વધુ લોકોનું કોરોના વાયરસથી મોત થયું છે. જો કે ૫ કરોડ ૨૩ લાખ લોકો આ ખતરનાક બીમારીથી સ્વસ્થ પણ થઈ ચૂકયા છે. કુલ ૭ કરોડમાંથી બે કરોડ લોકો હજુ પણ સંક્રમિત છે તેમની સારવાર



ચાલી રહી છે. વિશ્વના ૨૫ દેશોમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫ લાખથી પાર પહોંચી ગઈ છે. જેમાં ઈટાલી, પેરુ, દક્ષિણ આફ્રિકા, ઈરાન, જર્મની, પોલેન્ડ અને ચિલીનો સમાવેશ થાય છે. વિશ્વના ૧૬ દેશોમાં ૨૦ હજારથી વધુ કોરોના દર્દીઓના મોત થયા છે. તેમાંથી ૧૧ દેશો એવા છે જ્યાં ૪૦ હજારથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. તો ૫૪ ટકા લોકોના મોત માત્ર છ દેશોમાં થયા છે. આ દેશો અમેરિકા, બ્રાઝિલ, ભારત, મેક્સિકો, બ્રિટન, ઈટાલી છે. કોરોનાથી મોતના મામલામાં હાલ બ્રાઝિલમાં ૧૮૩,૮૨૨ લોકોના મોતની સાથે બીજા નંબરે છે. ૨૦,૦૦૦ થી વધુ મૃત્યુવાળા અન્ય દેશોમાં મેક્સિકો (૧૧૫,૦૯૯), ઈટાલી (૬૬,૫૩૭), બ્રિટન (૬૫,૫૨૦), ફ્રાંસ (૫૯,૩૬૧), ઈરાન (૫૨,૮૮૩), સ્પેન (૪૮,૫૯૬), રશિયા (૪૮,૫૬૪), આર્જેન્ટિના (૪૧,૩૬૫), કોલમ્બિયા (૩૯,૫૬૦), પેરુ (૩૬,૮૫૮), જર્મની (૨૪,૪૪૧), પોલેન્ડ (૨૩,૯૧૪), જર્મની (૨૨,૮૮૭) અને દક્ષિણ આફ્રિકા (૨૩,૮૨૭)નું નામ સામેલ છે.

## બ્રિટનની ફાઈઝર વેક્સિન કેનેડા ખાતે પહોંચી, સિંગાપોરની પણ રસીને મંજૂરી

વોશિંગ્ટન : દુનિયામાં કોરોના મહામારીમાં આજે નવા ૧,૫૮,૫૭૩ કેસો નોંધાવા સાથે કુલ કેસોની સંખ્યા વધીને ૭૨,૭૯૦,૩૫૦ થઈ હતી જ્યારે ૨,૮૮૭ જણાના મોત થવા સાથે કોરોનાનો કુલ મરણાંક ૧,૬૨૧,૪૭૯ થયો હતો.

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ફાઈઝર - બાયોએનટેકની કોરોના રસીની પ્રથમ બેચ કેનેડામાં આવી પહોંચી હોવાની રવિવારે જાહેરાત કરી તેની સાથે ફોટા ટ્વીટ કર્યા હતા. કેનેડાના બે સૌથી મોટા પ્રાંત ક્યુબેક અને ઓન્ટારિયોમાં નવા નિયંત્રણો લાદવા છતાં કોરોનાના કેસો વધી રહ્યા છે. હાલ યુએસમાં કોરોનાના કારણે મરનારાની સંખ્યા ત્રણ લાખ કરતાં વધારે થઈ છે. દરમ્યાન દક્ષિણ કોરિયામાં રવિવારે કોરોનાના નવા ૭૧૮ કેસ નોંધાવા સાથે કુલ કેસોની સંખ્યા વધીને ૪૩,૪૮૪ થઈ છે. સાત જણાના મોત થવા સાથે મરણાંક વધીને ૫૮૭ થયો છે. પ્રમુખ મૂન જાઈએ નિયંત્રણો વધારવાની ચેતવણી આપી હતી તો આરોગ્ય પ્રધાન પાર્ક નેઉંગ હોએ આગામી ત્રણ સપ્તાહમાં સરકાર હોસ્પિટલોમાં વધારાના ૧૦,૦૦૦ બેડની વ્યવસ્થા કરશે તેમ જણાવ્યું હતું.

## જર્મનીમાં ક્રિસમસ અને ન્યૂ યરના દિવસો પ્રતિબંધો વચ્ચે પસાર થશે

જ્યુરિચ : દુનિયાભરમાં કોરોનાની સ્થિતિ ચિંતાજનક છે. અત્યાર સુધીમાં આ મહામારીની ચપેટમાં ૭.૨૭ કરોડથી વધારે લોકો આવી ચુક્યાં છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૧૬.૨૦ લાખ લોકોના મોત થઈ ચુક્યા છે. યુરોપિયન દેશમાં કોરોનાની બીજી લહેર ચાલી રહી છે. જર્મની કોરોના વાઈરસની બીજી લહેરમાંથી પસાર થઈ રહ્યું છે. આ વખતે માર્ચ એપ્રીલની સરખામણીએ સ્થિતિ ઘણી જ ગંભીર છે. જર્મનીના ઘણાં શહેરોમાં હોસ્પિટલોનૌં ઝેં ૯૦ થી ૯૫%થી વધારે ભરાઈ ચુક્યા છે. એવામાં જર્મનીની સરકારે પોતાના દેશમાં અત્યાર સુધીનું સૌથી સખ્ત લોકડાઉન લાગૂ કરવાની છે. સરકારે લોકડાઉન લાગૂ કરવાના બે દિવસ પહેલા દરેક લોકોને અનુરોધ કર્યો છે કે તેઓ લોકડાઉન પહેલા તમામ આવશ્યક વસ્તુઓની ખરીદી કરી લે. ચાંસલર એંજલા માર્કેલ અને જર્મનીના ૧૬ રાજ્યોના ગવર્નર રવિવારે આ વાત પર રાજી થયાં કે કોરોનાને પ્રસરતો રોકવા માટે દેશમાં બુધવારે ૧૦ જાન્યુઆરીથી સખ્ત લોકડાઉન લાગુ કરવામાં આવે. જર્મનીમાં ૧૬મી ડિસેમ્બરથી ૧૦ જાન્યુઆરી સુધી સખ્ત લોકડાઉન રહેશે તેનો સીધો અર્થ એ છે કે ક્રિસમસ અને ન્યૂ યર જેવા મોટા તહેવારો પ્રતિબંધોમાં પસાર થશે.

## બ્રિટનમાં કોરોનાનો કહેર: લંડન તેના વિસ્તારમાં લોકડાઉન કરાશે

બ્રિટનની સરકારે સોમવારના રોજ સંસદમાં આ બાબતની જાહેરાત કરી. કોરોના વાયરસનું આ નવું સ્વરૂપ 'ખૂબ જ ઝડપથી' પ્રસાર માટે જવાબદાર છે. ચર્ચા એવી છે કે આવનારા દિવસોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કતરી શકે છે. સ્વાસ્થ્ય મંત્રી મેટ હેંકોક એ હાઉસ ઓફ કોમન્સમાં સાંસદોને કહ્યું કે આ વિસ્તારોમાં માત્ર સાત દિવસમાં આ ઘાતક વાયરસ સંક્રમણના મામલે બમણા દરથી વધી રહ્યો છે આથી તાત્કાલિક અને નિર્ણાયક પગલાં ઉઠાવાની જરૂર હતી. એવામાં લંડન અને તેની આસપાસના વિસ્તારોમાં 'ટાયર-૩' સ્તરના પ્રતિબંધ લાગૂ કરાશે, તેનો મતલબ લગભગ સંપૂર્ણ લોકડાઉનથી છે. હેંકૉક એ કહ્યું કે બ્રિટનમાં કોરોના વાયરસના નવા પ્રકારની ઓળખ થઇ છે જો કે દક્ષિણ-પૂર્વ ઇંગ્લેન્ડમાં વાયરસના ઝડપથી પ્રસારનું કારણ હોઇ શકે છે. તેમણે કહ્યું કે આ નવા પ્રકારથી સંબંધિત અંદાજે ૧૦૦૦ કેસની ઓળખ નિષ્ણાતોએ કરી છે.

## ફ્રાન્સમાં ફરી લોકડાઉનના સંકેત, લંડનમાં કોરોનાનો નવો પ્રકાર મળ્યો

યુરોપમાં ફ્રાન્સ અને બેલ્જિયમ વધુ આકરાં કોરોના નિયંત્રણો લાદવા માટે સજ્જ થઈ રહ્યા હોવાથી યુરોપમાં નાતાલની ઉજવણી ફેન્ટેસી બનીને જ રહી જશે તેમ લાગે છે. ફ્રાન્સમાં નાઇટ કરફ્યુ લાદવાની તૈયારીઓ ચાલી રહી છે. કોરોના મહામારીના પ્રથમ મોજા દરમ્યાન નિયંત્રણો ઉઠાવવામાં ઉતાવળ કરવામાં આવતાં કોરોના મહામારીના બીજા મોજામાં વધારે વિનાશક રીતે કોરોનાનો ચેપ પ્રસર્યો છે. બીજી તરફ લંડનમાં કોરોના વાઇરસનો નવો પ્રકાર શોધી કાઢવામાં આવ્યો હતો જે કોરોનાના કેસોની વધેલી સંખ્યા માટે જવાબદાર હોવાનું મનાય છે. સાઉથવેસ્ટ ઇંગ્લેન્ડમાં શરૂઆતમાં આ વાઇરસ ઓળખાયો હતો જ્યાં કોરોનાના કેસો સૌથી વધારે ઝડપે વધી રહ્યા છે. જો કે, આ નવો કોરોના વાઇરસ વધારે ચેપી કે વધારે ઘાતક હોવાના કોઈ વૈજ્ઞાાનિક પુરાવા મળ્યા નથી.

## આગામી ૪-૬ મહિનામાં પરિસ્થિતી વણસી વધુ શકે છેઃ બિલ ગેટ્સ

માઇક્રોસોફટનાં સહસ્થાપક બિલ ગેટ્સે આગાહી કરી છે, કે આગામી ૪-૬ મહિનામાં કોરોના વાયરસનો પ્રકોપ વધી શકે છે, તેમના બિલ એન્ડ મલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન કોવિડ-૧૯ ની રસીને બનાવવા અને તેનું વિતરણ કરવાનાં અભિયાન સાથે જોડાયેલી છે. અમેરિકામાં તાજેતરમાં જ નવા કેસ અને તેનાથી થનારા મોત અને હોસ્પિટલમાં દાખલ થઇ રહેલા દર્દીઓની સંખ્યા ઘણી વધી ગઇ છે, દુનિયાને ૨૦૧૫માં આવા રોગચાળા અંગે આગાહી કરનારા બિલ ગેટ્સએ કહ્યું મને લાગે છે કે અમેરિકા આ પરિસ્થિતીનો સારી રીતે સામનો કરી શકે છે, ગેટ્સનું ફાઉન્ડેશન રસી બનાવવા માટે કરવામાં આવી રહેલા સંસોધનોની નાણાકિય મદદ પણ કરી રહ્યું છે. બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન નાં સહ પ્રમુખે સીએનએનને કહ્યું ખુબ જ દુખની બાબત છે કે આગામી ૪-૬ મહિનાઓમાં વૈશ્વિક રોગચાળાનો પ્રકોપ ખુબ જ તીવ્રતાથી વધી શકે છે.

## અમેરિકામાં ઈતિહાસમાં સૌથી મોટા રસીકરણની શરૂઆત થઈ

વોશિંગ્ટન : યુએસમાં કોરોના મહામારીને કાબૂમાં લેવા માટે અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટા રસીકરણની શરૂઆત થવા સાથે દેશમાં કોરોના મહામારીમાં મરનારાની સંખ્યા પણ ત્રણ લાખનો આંક પાર કરી ગઈ છે. યુએસમાં કોરોનામાં મરનારા અમેરિકનોની સંખ્યા વિયેટનામ વોરમાં માર્યા ગયેલાં અમેરિકનો કરતાં પાંચ ગણી વધારે થઈ છે.

ચેપી રોગ નિષ્ણાત ડો. એન્થોની ફૉસીએ જણાવ્યું હતું કે ૧૯૧૮ના સ્પેનીશ ફ્લુ બાદ ૧૦૨ વર્ષે આ સૌથી ઘાતક શ્વસનતંત્રના રોગનો આપણે સામનો કરી રહ્યા છીએ. આજે અમેરિકામાં ફાઈઝરની કોરોના રસી આપવાની શરૂઆત થઈ હતી. ટૂંક સમયમાં બીજી રસીને મંજૂરી મળશે તો આ મહિનાના અંત સુધીમાં ૨૦ મિલિયન લોકોને રસી મુકાઈ જશે. દરમ્યાન અમેરિકામાં ઠંડી વધવા સાથે લોકો ઘરોમાં ભરાવા માંડયા ચે અને હજી અમેરિકનોને માસ્ક પહેરવામાં અને અન્ય સાવચેતીના પગલાં લેવામાં વાંધા પડતા હોવાથી જાહેર આરોગ્ય અધિકારીઓએ ચેતવણી આપી છે કે જાન્યુઆરીના અંત સુધીમાં વધુ એક લાખ લોકોના મોત થઈ શકે છે. દરમ્યાન વ્હાઈટ હાઉસના અધિકારીઓને પ્રથમ કોરોનાની રસી મુકવામાં આવે તેવી તૈયારી થઈ ચૂકી છે. આ રસીકરણ આ અઠવાડિયે જ શરૂ થઈ શકે છે.

## કેલિફોર્નિયામાં ૫૦૦૦ બોડી બેગ, ૬૦ રેફ્રિ. ટ્રકો મંગાવાઈ

વોશિંગ્ટન : અમેરિકામાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે અમેરિકાના કેલિફોર્નિયામાં વધુ ૫૦૦૦ બોડી બેગ્સનો ઓર્ડર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. અને બીજી બાજુ ત્યાં ૧૨ જેટલી મોબાઈલ શબવાહિનીને હાજર રાખવામાં આવી છે. અમેરિકાના કેલિફોર્નિયાના ગવર્નરે જણાવ્યું કે આગામી અઠવાડિયામાં કોરોનાના કારણે થતાં મોતની સંખ્યામાં વધારો થાય તેવી શક્યતા રહેલી છે. કેલિફોર્નિયાના કુલ ૩ શહેરોમાં વધુ ૫૦૦૦ બોડી બેગ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે અન્ય કેટલાંક શહેરોમાં રેફ્રિજરેટર્ડ ટ્રક્સ પણ હાજર રાખવામાં આવ્યા છે. કોરોના વાયરસની આ મહામારીના કારણે છેલ્લા એક અઠવાડિયામાં ૧૭ હજાર કરતા વધારે અમેરિકન્સના મોત નીપજ્યા છે. અમેરિકાના કેટલાંક નિષ્ણાતોના જણાવ્યા મુજબ માત્ર કોરોના વેક્સિનથી આ મહામારીમાંથી બચી શકાશે નહીં, આ માટે ભીડ કરવી નહીં તેમજ માસ્ક પહેરવું જરૂરી છે. આગામી દિવસમાં શરૂ થઈ રહેલો ક્રિસ્મસનો તહેવાર અને નવા વર્ષની ઉજવણી દરમિયાન અમેરિકાના લોકોએ સાવધાની રાખવી જરૂરી છે. કેલિફોર્નિયાના લા પબ્લિક હેલ્થએ ટ્વિટ કરતા જણાવ્યું કે તારીખ ૯ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન કોરોનાના કારણે હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓમાં વધારો નોંધાયો છે.

# ઓસ્ટ્રેલિયામાં પૂજારાની ૭મી વખત ૧૦૦ પ્લસ બોલની ઈનિંગ

## એડિલેડ ડે-નાઇટ ટેસ્ટ મેચ : કોહલીની અડધી સદી, ભારતના છ વિકેટે ૨૩૩ રન

એડિલેડઃ ભારતના આધારભૂત બેટ્સમેન ચેતેશ્વર પૂજારાએ ધીમી પરંતુ મક્કમ બેટિંગ કરીને ૪૩ રનનું યોગદાન આપ્યું હતું. તેને નાથાન લાયને આઉટ કર્યો હતો. પૂજારાએ તેની ડિફેન્સિવ ઈનિંગમાં ૧૬૦ બોલ રમ્યા હતા. પૂજારાએ ઓસ્ટ્રેલિયાની ધરતી ઉપર સાતમી વખત ૧૦૦ પ્લસ બોલનો સામનો કર્યો છે. ઓસ્ટ્રેલિયામાં સૌથી વધારે ૧૦૦ કરતાં વધારે બોલ રમવાનો રેકોર્ડ ભારતીય ખેલાડી તરીકે રાહુલ દ્રવિડના નામે છે. દ્રવિડે ૧૨ વખત આ સિદ્ધિ મેળવી હતી. સચિને ૧૧ તથા વીવીએસ લક્ષ્મણે નવ વખત એક જ ઈનિંગમાં ૧૦૦ પ્લસ બોલ રમ્યા હતા. વિરાટ કોહલીએ એડિલેડ ટેસ્ટ પહેલાં નવ વખત ૧૦૦ પ્લસ બોલ રમ્યા હતા. લિટલ માસ્ટર તરીકે જાણીતા સુનીલ ગાવસ્કરે આઠ વખત એક જ ઈનિંગમાં ૧૦૦ પ્લસ બોલ રમ્યા હતા.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પિંક બોલથી ડે-નાઈટ ટેસ્ટનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને એડિલેડ ખાતે રમાતી પ્રથમ ટેસ્ટના પ્રારંભિક દિવસની રમતના અંતે ભારતે પોતાના પ્રથમ દાવમાં છ વિકેટે ૨૩૩ રન નોંધાવ્યા હતા. સુકાની કોહલીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. સ્ટમ્પના સમયે રિદ્ધિમાન સાહા નવ તથા અશ્વિન ૧૫ રન બનાવીને રમી રહ્યા હતા. એડિલેડ ટેસ્ટમાં કોહલીએ અડધી સદી ફટકારી હતી પરંતુ તે ૭૪ રન બનાવીને રનઆઉટ થયો હતો. સુકાની તરીકે ઓસ્ટ્રેલિયામાં રનઆઉટ થનાર કોહલી બીજો ખેલાડી બન્યો છે. આ પહેલાં ૨૦૦૩માં સુકાની તરીકે ટેસ્ટ ક્રિકેટમાં સૌરવ ગાંગુલી રનઆઉટ થયો હતા અને તેના ૧૭ વર્ષ બાદ વધુ એક વખત ભારતીય સુકાની ઓસ્ટ્રેલિયાની ધરતી ઉપર રનઆઉટ થયો છે. ઓપનર પૃથ્વી શૉના આઉટ થયા બાદ તેની નિષ્ણાતો તથા સમર્થકો દ્વારા આકરી ટીકાઓ કરવામાં આવી હતી.



### ઓસ્ટ્રેલિયા સામે કોહલીએ સુકાની તરીકે સૌથી વધુ રન બનાવ્યા



બોર્ડર-ગાવસ્કર ટ્રોફીના પ્રથમ મુકાબલામાં ભારતીય સુકાની વિરાટ કોહલીએ નવો રેકોર્ડ નોંધાવ્યો હતો. તેણે સુકાની તરીકે ઓસ્ટ્રેલિયા સામે હાઇએસ્ટ રન નોંધાવનાર મહેન્દ્રસિંહ ધોનીનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. ધોનીએ સુકાની તરીકે ઓસ્ટ્રેલિયા સામે ૮૧૩ રન બનાવ્યા હતા. કોહલીએ હવે ધોનીને પાછળ રાખી દીધો છે. આ મામલે ત્રીજા ક્રમે ભૂતપૂર્વ સુકાની સૌરવ ગાંગુલી છે જેણે ૪૪૯ રન બનાવ્યા હતા.

### પૂજારાએ ઇંગ્લેન્ડના જોઇ રુટનો રેકોર્ડ તોડ્યો

એડિલેડ ટેસ્ટના પ્રથમ દાવમાં પૂજારાએ આઉટ થતા પહેલાં ૧૬૦ બોલનો સામનો કર્યો હતો. હવે તે ઓસ્ટ્રેલિયા સામે હાઇએસ્ટ ૩,૬૦૯ બોલ રમનાર પ્રથમ ખેલાડી બન્યો છે અને તેણે જોઇ રુટનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. ઇંગ્લેન્ડના જોઇ રુટે ઓસ્ટ્રેલિયા સામે ૩,૬૦૭ બોલનો સામનો કર્યો હતો. આ યાદીમાં ત્રીજા ક્રમે વિરાટ કોહલી છે જેના નામે ઓસ્ટ્રેલિયા સામે ૩,૧૮૩ બોલ નોંધાયેલા છે. ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ઓપનર એલિસ્ટર કૂકે ઓસ્ટ્રેલિયા સામે કુલ ૩,૧૨૨ બોલ રમ્યા હતા.

## રોહિત શર્મા ઓસ્ટ્રેલિયા પહોંચ્યોઃ ક્વોરન્ટાઇનમાં ફિટનેસ ઉપર કામ કરશે



નવી દિલ્હીઃ છેલ્લા કેટલાક સમયથી ભારતીય ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માના ઓસ્ટ્રેલિયા જવા અંગે વિવિધ અટકળો તથા ચર્ચાઓ થઇ રહી હતી અને હવે આખરે મંગળવારે તેનો અંત આવી ગયો હતો. રોહિત મંગળવારે સવારે ઓસ્ટ્રેલિયા રવાના થયો હતો અને તે ઓસ્ટ્રેલિયા સામે ત્રીજી અને ચોથી ટેસ્ટમાં રમવાનો લક્ષ્યાંક રાખી રહ્યો છે. રોહિત વાયા દુબઇ થઇ ઓસ્ટ્રેલિયા પહોંચશે અને તે ક્વોરન્ટાઇનના સમયમાં પોતાની ફિટનેસ ઉપર કામ કરશે. યુએઇ ખાતે રમાયેલી આઇપીએલની ૧૩મી સિઝન દરમિયાન રોહિત ઇજાગ્રસ્ત થયો હતો અને તેને ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલી ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નહોતું. ત્યારબાદ ઇજાની સ્થિતિ અંગે જાણકારી મેળવ્યા બાદ તેનો ટેસ્ટ સિરીઝ માટેની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રોહિતને બેંગ્લોર સ્થિત નેશનલ ક્રિકેટ એકેડેમી ખાતે રિહેબિલિટેશન પ્રોગ્રામ માટે મોકલવામાં આવ્યો હતો.

## PCBના માનસિક ત્રાસથી ત્રસ્ત થયેલા મોહમ્મદ આમિરની ક્રિકેટમાંથી નિવૃત્તિ



લાહોરઃ પાકિસ્તાનના પેસ બોલર મોહમ્મદ આમિરે ગુરૂવારે ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઇ લીધી હતી. ૨૮ વર્ષીય પેસ બોલરે જણાવ્યું હતું કે વર્તમાન પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના મેનેજમેન્ટ સાથે હું અનુકૂળ થઇ શકું તેમ નથી અને મારા માટે સૌથી યોગ્ય વિકલ્પ નિવૃત્તિ લેવાનો છે. હું આ બાબતે જલદીથી મારું નિવેદન જાહેર કરીશ. પ્રામાણિકપણે કહું તો હું પીસીબીના બેનર હેઠળ ક્રિકેટ રમી શકું તેમ નથી. મને માનસિક રીતે સતત ત્રાસ આપવામાં આવી રહ્યો છે જેને હવે હું સહન કરી શકું તેમ નથી. મેં ૨૦૧૦થી ૨૦૧૫ સુધી ઘણું જોયું છે અને અનુભવ્યું પણ છે. પાકિસ્તાન માટે ૩૬ ટેસ્ટ, ૬૧ વન-ડે તથા ૫૦ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ રમી ચૂકેલા આમિરે જણાવ્યું હતું કે પ્રતિબંધ બાદ પુનરાગમન માટે મને શાહિદ આફ્રિદીએ જે તક આપી હતી તેના માટે હું તેનો આભાર માનું છું. દરેક જણ પોતાના દેશ માટે રમવા માગતો હોય છે પરંતુ અહીં સતત એમ કહેવામાં આવી રહ્યું છે કે હું વિશ્વભરની લીગમાં વધારે નાણાં મળતા હોવાના કારણે મેં ટેસ્ટ ક્રિકેટ રમવાનું છોડી દીધું છે. હું ગણતરીના દિવસોમાં પાકિસ્તાન પહોંચી જઇશ અને મારા પરિવાર તથા મિત્રો સાથે વાટાઘાટ કર્યા બાદ સત્તાવાર નિવેદન કરીશ.

# ન્યૂઝીલેન્ડમાં ૨૦૨૨ની ચોથી માર્ચથી ICC વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ, ત્રીજી એપ્રિલે ફાઈનલ

વેલિંગ્ટનઃ આઈસીસીએ ૨૦૨૨ વિમેન્સ વન-ડે વર્લ્ડ કપનો કાર્યક્રમ તૈયાર કરી દીધો છે અને આ વર્લ્ડ કપમાં આઠ ટીમો ભાગ લેશે. ન્યૂઝીલેન્ડ ખાતે રમાનારા આ વન-ડે વર્લ્ડ કપમાં ૩૧ દિવસમાં ૩૧ મુકાબલા રમાશે. ચોથી માર્ચે ઓપનિંગ મુકાબલો ન્યૂઝીલેન્ડ અને ક્વોલિફાયર ટીમ વચ્ચે રમાશે અને ત્રીજી એપ્રિલે ફાઈનલ રમાશે. વર્લ્ડ ચેમ્પિયન ઈંગ્લેન્ડની ટીમ પાંચમી માર્ચે ઓસ્ટ્રેલિયા સામે પોતાનો પ્રથમ મુકાબલો રમશે. ૨૦૧૭ના વર્લ્ડ કપની રનર્સ-અપ ભારતીય ટીમ છઠ્ઠી માર્ચે ક્વોલિફાયર ટીમ સામે રમીને પોતાના અભિયાનની શરૂઆત કરશે. ૨૦૨૨ વન-ડે વર્લ્ડ કપ માટે ત્રણ ટીમોને



ક્વોલિફાઈંગ રાઉન્ડ દ્વારા પસંદ કરવામાં આવશે. ક્વોલિફાયર મુકાબલા ૨૦૨૧ની ૨૬મી જૂનથી ૧૦મી જુલાઈ સુધી શ્રીલંકા ખાતે રમાશે.

વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ ન્યૂઝીલેન્ડ ખાતે ૨૦૨૧માં રમાવાનો હતો પરંતુ કોરોના વાઈરસની મહામારીના કારણે તેને ૨૦૨૨ સુધી સ્થગિત કરી દેવામાં આવ્યો હતો. ૨૦૨૨માં વિમેન્સ વર્લ્ડ કપ ઉપરાંત ઈંગ્લેન્ડ ખાતે રમાનારી કોમનવેલ્થ ગેમ્સમાં પણ વિમેન્સ ક્રિકેટને સામેલ કરવામાં આવી છે. ન્યૂઝીલેન્ડની દિગ્ગજ ખેલાડી એમી સેધરવેઈટે જણાવ્યું હતું કે ક્રાઈસ્ટ ચર્ચ ખાતે ફલડ લાઈટ્સમાં મેચ જોવાનો આનંદ અલગ હોય છે. ભારતીય ટીમ છેલ્લા ત્રણથી ચાર વર્ષમાં આઈસીસીની ઈવેન્ટ્સમાં પ્રભાવશાળી દેખાવ કરી રહી છે.

## ૧૦ હજાર ટોર્ચબેરિયર સાથે ટોક્યો ગેમ્સની રિલેનો પુનઃ પ્રારંભ થશે

ટોક્યોઃ આગામી વર્ષે ૨૦૨૧ની ૨૩મી જુલાઈથી ટોક્યો ઓલિમ્પિક ગેમ્સનો પુનઃ પ્રારંભ થશે અને આ ગેમ્સના ૧૦૦ દિવસ બાકી રહેશે ત્યારે ૧૦ હજાર ટોર્ચબેરિયર સાથે રિલે ટોર્ચ શરૂ કરવામાં આવશે. કોરોના વાઈરસના કારણે નવ મહિના પહેલાં જે સ્થાને રિલે ટોર્ચ અટકાવવામાં આવી ત્યાંથી જ તેનો પુનઃ પ્રારંભ થશે. રિલે પૂરા જાપાનમાં ફરશે જેમાં હજારો અધિકારીઓ તથા ૧૦ હજાર ટોર્ચબેરિયર રહેશે. આયોજકોએ કોરોના વાઈરસની મહામારીનાં કારણે સામાન્ય લોકોને આ રિલેમાં સાંકળ્યા નથી. ઓવરઓલ રિલે ૧૨૧ દિવસની રહેશે અને ૮૫૯ મ્યુનિસિપાલિટીમાં થઈને પસાર થશે. ટોક્યોના ગવર્નર યુરિકો કોઈકેએ જણાવ્યું હતું કે રિલે વખતે અમે શક્ય બને તેટલાં ઓછાં વાહનો તથા લોકોને હાજર રાખવાનો પ્રયાસ કરીશું. જો કે, જાપાનના લગભગ ૩૨ ટકા લોકોનું માનવું છે કે કોરોના વાઈરસની મહામારીને ધ્યાનમાં રાખતા આગામી વર્ષે યોજાનારી ટોક્યો ઓલિમ્પિક ગેમ્સ તથા પેરાલિમ્પિક ગેમ્સને રદ કરી દેવી જોઈએ.

## ઓસ્ટ્રેલિયન ઓપન હવે ૧૮મી જાન્યુ.ને બદલે આઠમી ફેબ્રુઆરીથી શરૂ થશે

મેલબોર્નઃ હાર્ડકોર્ટ ઉપર રમાતા વર્ષના પ્રથમ ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ વખત તારીખો બદલવામાં આવી છે અને હવે ટૂર્નામેન્ટ જાન્યુઆરીના બદલે ફેબ્રુઆરીમાં રમાશે. ક્વોલિફાઈંગ ટૂર્નામેન્ટનું પણ ઓસ્ટ્રેલિયાની બહાર આયોજન કરવામાં આવ્યું છે. એસોસિયેશન ઓફ ટેનિસ પ્રોફેશનલે (એટીપી) ઓસ્ટ્રેલિયન ઓપનની નવો કાર્યક્રમ તથા ટૂર્નામેન્ટ માટે ગાઈડલાઈન જાહેર કરી છે. અગાઉના કાર્યક્રમ મુજબ ઓસ્ટ્રેલિન ઓપન ૧૮મીથી ૩૧મી જાન્યુઆરી સુધી રમાવાનો હતો પરંતુ હવે ૨૦૨૧ની આઠમીથી ૨૧ની ફેબ્રુઆરી સુધી રમાશે એટલે કે ગ્રાન્ડસ્લેમ ત્રણ સપ્તાહ મોડેથી શરૂ થશે. ક્વોલિફાઈંગ મુકાબલા દોહા તથા કતારમાં રમાશે અને તેનું આયોજન ૧૦મીથી ૧૩મી જાન્યુઆરી વચ્ચે કરવામાં આવ્યું છે. પ્લેયર્સ માટેની ત્રણ વોર્મ-અપ મેચ ૩૧મી જાન્યુઆરીથી થશે.

ઓસ્ટ્રેલિયન ઓપનના યજમાન મેલબોર્ન પાર્ક ખાતે ત્રણ કોર્ટ તૈયાર કરવામાં આવ્યા છે જેમાં રોડ લેવર એરિના સૌથી મોટું છે. તેમાં લગભગ ૧૫ હજાર પ્રેક્ષકો મેચને નિહાળી શકે છે. મેલબોર્ન એરિનામાં ૯,૪૬૪ તથા મારગ્રેટ કોર્ટ એરિનામાં ૭,૫૦૦ પ્રેક્ષકો મેચનો આનંદ માણી શકે છે.

# કોરોના નિયંત્રણો વચ્ચે કેપિટોલ બિલ્ડિંગ બહાર બાઈડેન પ્રમુખપદના શપથ લેશે

વોશિંગ્ટન : અમેરિકી પ્રમુખપદે ચૂંટાયેલા જો બાઈડેન અને નાયબ પ્રમુખપદે ચૂંટાયેલા કમલા હેરિસ કેપિટોલ ઈમારત બહાર હોદ્દાના શપથ લેવાના છે. શપથગ્રહણ સમારંભના આયોજકો શપથગ્રહણ સમારંભ પરંપરાગત રીતે ભવ્ય બની રહે અને કોવિડ-૧૯ સંબંધી પ્રોટોકોલનું પણ પાલન થાય તે રીતના આયોજન માટે પ્રયાસશીલ છે.

બાઈડેન ટીમે ૨૦ જાન્યુઆરીએ યોજાનારા શપથગ્રહણ સમારંભ સંબંધેની કેટલીક રૂપરેખા મંગળવારે



જાહેર કરી હતી. પ્રમુખપદ છોડી રહેલા પ્રમુખ ટ્રમ્પ આ સમારંભમાં હાજર રહેશે તેવી કોઈ ખાતરી નથી મળી.

શપથગ્રહણ સમારંભનું આયોજન કોવિડ-૧૯ સંબંધી પ્રોટોકોલને ધ્યાને રાખીને કરવાનો પડકાર પડેલો છે. નવી વેક્સિન વિતરણ કેન્દ્રો સુધી પહોંચી ચૂકી છે, પરંતુ વેક્સિનને સામાન્ય પ્રજાજન સુધી પહોંચતાં મહિનાઓ લાગી શકે છે. તે સંજોગોમાં શપથગ્રહણ સમારંભના આયોજકોએ બાઈડેનના સમર્થકોને શપથગ્રહણ સમારંભમાં ભાગ લેવા વોશિંગ્ટન ના આવવા અપીલ કરી છે. આયોજક સમિતિએ જાહેરાત કરી હતી કે ભૂતપુર્વ ફૂડ એન્ડ ડ્રગ કમિશનર ડો. ડેવિડ કેસલરના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન થશે. શપથગ્રહણ સમારંભના આયોજન માટે તેઓ મુખ્ય તબીબી સલાહકારની ભૂમિકા નિભાવશે.

# જેફ બેઝોસની પૂર્વ પત્ની મેકેન્ઝી રૂ. ૩૧૦૦૦ કરોડનું દાન કરશે

વોશિંગ્ટન : ઓનલાઈન શોપિંગ કંપની એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ સાથે છુટાછેડા લીધા બાદ મળેલા વળતરના કારણે મેકેન્ઝી સ્કોટ રાતોરાત વિશ્વની સૌથી ધનિક મહિલાઓના લિસ્ટમાં આવી ગઈ હતી.

બેઝોસની પૂર્વ પત્ની મેકેન્ઝી આ લિસ્ટમાં હાલમાં ૨૨મા સ્થાને છે.જોકે છુટાછેડા બાદ તેમણે જરુરિયાતમંદ લોકોને સંપત્તિનુ દાન કરવાની જાહેરાત કરી છે અને મેકેન્ઝીએ વાયતો કર્યો છે કે, પોતાની સંપત્તિમાંથી લગભગ ૪ અબજ ડોલર એટલે કે ૩૧૦૦૦ કરોડ રુપિયાનુ દાન કરસે.

છેલ્લા ચાર મહિનામાં તેમણે બીજી વખત આવી જાહેરાત કરી છે.આ પહેલા તેઓ ૧૧૬ સંગઠનોને ૧.૭ અબજ ડોલર એટલે લગભગ ૧૨૦૦૦ કરોડ રુપિયા દાન કરી ચુક્યા છે.હવે તેમણે ફરી દાન આપવા માટે ૩૮૪ જેટલા સંગઠનોની પસંદગી કરી છે.સ્કોટે પોતાના બ્લોગ પર લખ્યુ છે કે, કોરોના મહામારીના કારણે અમેરિકાના લોકોની કમર તુટી ગઈ છે.જેઓ પહેલેથી સંઘર્ષ કરી રહ્યા હતા તેમને વધારે નુકસાન થયુ છે.કોરોના મહામારીના કારણે સૌથી વધારે સહન મહિલાઓ, અશ્વેતો અને ગરીબોને કરવાનો વારો આવ્યો છે.આ દરમિયાન ધનિકોની સંપત્તિમાં વધારો થયો છે.

# અમેરિકન સરકારની સિસ્ટમ પર રશિયન હેકર્સ ત્રાટકતા તપાસ

વૉશિંગ્ટન : અમેરિકન સરકારની સિસ્ટમ પર રશિયન હેકર્સ ત્રાટક્યા હતા. ટ્રમ્પ સરકારના અધિકારીઓએ સ્વીકાર્યું હતું કે નાણા અને વાણિજ્ય વિભાગની સિસ્ટમને હેક કરવાની કોશિશ થઈ હતી. ડેટા હેક થયો છે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી. ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશનના અધિકારીઓએ કહ્યું હતું કે સરકારના વિવિધ વિભાગની સિસ્ટમ હેક થયાની શક્યતાના પગલે તપાસ હાથ ધરાઈ છે. આ હેકિંગ પાછળ રશિયન હેકર્સ હોવાની પૂરી શક્યતા છે. શક્યતા તો એવી પણ વ્યક્ત થઈ છે કે સિસ્ટમના મેઈલનો ડેટા પણ હેકર્સે




મેળવી લીધો છે. જો એવું થયું હશે તો અમેરિકન નાણા અને કોમર્સ વિભાગનો ખૂબ જ ગુપ્ત ડેટા હેકર્સના હાથમાં જઈ ચડયો હશે. રશિયન ગુપ્તચર એજન્સીના હેકર્સ આ સાઈબર હુમલા પાછળ હોવાની લિંક પ્રાથમિક તપાસમાં અધિકારીઓને જણાઈ હોવાથી એ દિશામાં તપાસ શરૂ કરાઈ હતી.

# પીએમ મોદી અને અમિત શાહ સામેનો ૧૦ કરોડ ડોલરનો કેસ અમેરિકન કોર્ટે ફગાવ્યો

વોશિંગ્ટન : અમેરિકાની એક અદાલત દ્વારા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામે કરવામાં આવેલા ૧૦ કરોડ ડોલરના એક કેસને ફગાવી દેવામાં આવ્યો હતો. એક અલગાવવાદી કાશ્મીર-ખાલિસ્તાન જૂથ અને અન્ય બે વ્યક્તિઓ દ્વારા સંયુક્ત રીતે આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અરજદારો કેસની સુનાવણી દરમિયાન બે વખત ગેરહાજર રહેવાના કારણે કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી અને કેસ ફગાવી દીધો હતો. હ્યુસ્ટનમાં ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૯ના



રોજ યોજવામાં આવેલા હાઉડી મોદી કાર્યક્રમ બાદ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં ભારતીય સંસદના એક નિર્ણયને પડકારવા માટે કરવામાં આવ્યો હતો જેમાં જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાને રદ કરી દેવાયો હતો. અરજદારો દ્વારા વડાપ્રધાન મોદી, શાહ અને લે.જનરલ કંવલજિત સિંહ ઢિલ્લોં સામે કેસ કરવામાં આવ્યો હતો. સંસદ અને સરકારના જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૭ રદ કરવાના નિર્ણયની સામે ૧૦ કરોડ ડોલરના વળતરની માગ કરાઈ હતી. ઢિલ્લોં હાલમાં ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સીના ડાયરેક્ટર છે અને સીડીએસ સાથે કામ કરે છે. આ કેસ અંગે ટેક્સાસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે જણાવ્યું હતું કે, કાશ્મીર ખાલિસ્તાન રેફરેન્ડમ ફ્રન્ટ દ્વારા આ કેસને આગળ વધારવા માટે કોઈ પગલાં લીધાં નહોતાં કે તેઓ સુનાવણીમાં હાજર પણ રહ્યા જ નહોતા.

# નાઈજિરિયામાં ગૃહયુદ્ધ : એક રાતમાં ૪૦૦ વિદ્યાર્થીઓનું અપહરણ, ૨૦૦ની ભાળ મળી

કેટસીના : ગૃહયુદ્ધથી ઝઝૂમી રહેલા નાઈજીરિયાના કેટસીના રાજ્યમાં એક માધ્યમિક શાળા પર બંદૂકધારીઓના હુમલા બાદ ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ ગુમ થઈ ગયા છે. પરિવારવાળાઓને આશંકા છે કે તેમના બાળકોનું અપહરણ કરી લેવાયું છે. વાલીઓના રડી-રડીને હાલ ખરાબ થઈ ગયા છે અને તેઓ હવે માસૂમોની ભાળ મેળવવા માટે સરકાર પાસે મદદ માંગી રહ્યા છે. કેટસીના પોલીસના પ્રવકતા ગેમ્બો ઈસાએ એક નિવેદનમાં કહ્યું કે કંકારામાં સરકારી વિજ્ઞાન માધ્યમિક શાળા પર રાત્રે ડાકુઓના મોટા ગ્રૂપે એકે-૪૭ રાઈફલોથી ગોળીબાર કર્યો હતો. ઈસાએ કહ્યું કે પોલીસ અને હુમલાખોરોની વચ્ચે ગોળીબાર ચાલતો રહ્યો, આથી વિદ્યાર્થીઓને સ્કૂલની દિવાલ કૂદીને સુરક્ષિત ભાગી નીકળવાની તક મળી ગઈ. તેમણે કહ્યું કે ૪૦૦ વિદ્યાર્થીઓ ગુમ છે જ્યારે ૨૦૦ની ભાળ મેળવી લેવાઈ છે.



કહેવાય છે કે સ્કૂલમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થી ભણે છે. ગુટેરેસના પ્રવકતા સ્ટીફન દુજારિકના હવાલે કહ્યું કે મહાસચિવે અપહરણ થયેલા બાળકોને કોઈપણ શરત વગર છોડાવાની અને તાત્કાલિક તેમના પરિવારની પાસે સુરક્ષિત મોકલવાની વાત કહી છે.

# એલએસી ઉપર ચીનની હરકતો સામે અમેરિકાનું ભારતને સમર્થન

વોશિંગ્ટન : અમેરિકી કોંગ્રેસે ૭૪૦ અબજ ડોલરના સંરક્ષણનીતિ ખરડાને સત્તાવાર રીતે મંજૂરી આપી દીધી છે. ખરડામાં સામેલ સંખ્યાબંધ વૈશ્વિક મુદ્દા ઉપરાંત વાસ્તવિક અંકુશરેખા પર ચીને ભારત વિરુદ્ધ કરેલા આક્રમણનો પણ ઉલ્લેખ કરીને ચીની સરકારને આ આક્રમણનો અંત લાવવા અપીલ કરવામાં આવી છે. અમેરિકી પ્રતિનિધિગૃહ અને સેનેટ દ્વારા પસાર થયેલા નેશનલ ડિફેન્સ ઓથોરાઈઝેશન એક્ટ (એનડીએએ)માં ભારતીય મૂળના અમેરિકી કોંગ્રેસ સભ્ય રાજા ક્રિશ્નમૂર્તિએ રજૂ કરેલા ઠરાવને પણ સમાવી લેવામાં આવ્યો છે. ઠરાવમાં ચીની સરકારને વાસ્તવિક અંકુશરેખા પર ભારત સામે થયેલા સૈન્ય આક્રમણનો અંત લાવવા ચીની સરકારને વિનંતી કરવામાં આવી હતી. પસાર થયેલા ખરડામાં ક્રિશ્નમૂર્તિએ સૂચવેલી જોગવાઈનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અમેરિકી સરકાર ભારત-પ્રશાંત પ્રદેશમાં પોતાના સાથીદાર મિત્ર ભારતને સંગીન સમર્થન આપી રહી છે. અમેરિકી કોંગ્રેસના સભ્ય ક્રિશ્નમૂર્તિએ ઠરાવમાં જણાવ્યું હતું કે, 'હિંસક આક્રમણ ભાગ્યે જ પ્રશ્નનો જવાબ હોઈ શકે, ચીન અને ભારતને અલગ કરતી વાસ્તવિક અંકુશરેખા નજીક આવેલા સરહદી પ્રદેશો માટે પણ આ હકીકત એટલી જ સાચી છે.

# વિમાનના કોઈ હિસ્સા સાથે ટક્કર વાગી જતાં મૂળ ભારતીયનું શિકાગોમાં મોત

ન્યૂયોર્ક : શિકાગોના ઓહારે એરપોર્ટ પર કામ કરનાર એક ૩૬ વર્ષનો ભારતીય વિમાનના કોઈ સાધન સાથે ટકરાતા તેનું અવસાન થયું હતું.એરપોર્ટના હંગરમાં વિમાનની પુશબેક ઉપકરણ સાથે ભટકાતા જીગો જ્યોર્જને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યોર્જ તેમની પાછળ આઠ માસની ગર્ભવતી પત્ની,માતા-પિતા અને એક સંતાનને મૂકતા ગયા હતા. જ્યોર્જના પરિવારને સહાય આપવા માટે ઓનલાઈન ભંડોળ ઉઘરાવવાનું આયોજન કરાયું હતું. જ્યોર્જ મૂળ કેરળના હતા જેઓ શિકાગો આવ્યા હતા. જ્યોર્જના પિતા કુંજુમોન અને માતા મોની પણ તેમની સાથે શિકાગોમાં જ રહે છે. જ્યોર્જની ફરજ અન્વોય એરમાં મેનટેનન્સ મીકેનિકની હતી અને એરપોર્ટ પાસે એક ઈમારતમાં તેમનું અવસાન થયું હતું.

# વિપક્ષો ઇમરાનને હટાવીને જ જંપશે, ઇસ્લામાબાદ તરફ કૂચની હાકલ કરી

- વિપક્ષોએ યોજેલી રેલીમાં હજારો લોકો ઉમટ્યા

ઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં વડા પ્રધાન ઈમરાન ખાન વિરોધી આંદોલન જોર પકડી રહ્યું હોય એવા અણસાર રવિવારે મળ્યા હતા. વિપક્ષોએ રવિવારે યોજેલી રેલીમાં હજારો લોકો ઊમટી પડ્યા હતા.

આ રેલીમાં વક્તાઓએ ઈસ્લામાબાદ તરફ કૂચ કરવાની હાકલ કરી હતી. વિપક્ષી નેતાઓએ પાકિસ્તાનમાં નવેસર સંસદીય ચૂંટણી યોજવાની હાકલ કરતાં ઈમરાન ખાનની સરકારને ફગાવી દેવાની માગણી કરી હતી. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે ૨૦૧૮ની સંસદીય ચૂંટણીમાં ઈમરાન ખાનને પાકિસ્તાની લશ્કરે જીતવામાં મદદ કરી હતી. એ ચૂંટણી ન્યાયી અને નિષ્પક્ષ રહી નહોતી. વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોના પુત્ર બિલાવલે આ રેલીમાં કહ્યું હતું કે વાટાઘાટો કરવાનો સમય ક્યારનો વીતી ચૂક્યો હતો. હવે તો નવેસર ચૂંટણી થાય પછી જ વાટાઘાટ. હવે ઈમરા ખાન કે પાકિસ્તાની લશ્કર સાથે વાતો કરવાનો કશો અર્થ નથી. થોડા સમય પહેલા લશ્કરી વડા જનરલ બાજવાએ વિપક્ષોને વાટાઘાટ કરવા નોતર્યા હતા એ સંદર્ભમાં બિલાવલ બોલી રહ્યા હતા. ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફની પુત્રી મરિયમે કહ્યું કે મારા પિતાને ખોટા આરોપોમાં ફસાવવામાં આવ્યા હતા.

# લાસ વેગાસ એરપોર્ટ પર ફ્લાઈટની પાંખ પર આવીને વ્યક્તિ બેસી જતા હંગામો

લાસ વેગાસ : અમેરિકાના લાસ વેગાસના એરપોર્ટ પર એક ફ્લાઈટ ટેક ઓફ કરવાની હતી ત્યારે યાત્રીઓની નજર ફ્લાઈટની પાંખ પર ચડેલા એક વ્યક્તિ પર પડી. જે તેની પાંખ પર બેસેલો હતો. આતંકી હુમલા આશંકા સાથે પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓને આ પછી કોલ કરવામાં આવ્યો. અને લોકો ડરના માર્યા બૂમો પાડવા લાગ્યા. ડેલી મેલની રિપોર્ટ મુજબ આ ઘટનાનો આતંકવાદ સાથે કોઈ કનેક્શન નહતું. પણ વ્યક્તિએ વીડિયો બનાવાના ચક્કરમાં પ્લેનની પાંખ પર ચડીને બેઠો હતો. વળી જ્યારે સુરક્ષાકર્મી તેને ઉતારવા માટે પહોંચ્યા તો તે ભાગવા લાગ્યો અને તે ચક્કરમાં લપસીને નીચે પડી ગયો. જો કે હાલ આ વ્યક્તિની અટક કરવામાં આવી છે. શનિવારે મૈકરન આંતરાષ્ટ્રીય હવાઈ અડ્ડા પર એક વ્યક્તિ અલાસ્કા એરલાઈન્સ વિમાનની ડેન પર ચડ્યો હતો.



WELCOME !
GENERAL & COSMETIC FAMILY DENTISTRY
Dr. Salim Kapadia DDS
Dr. Salim Kapadia DDS
Dental Centre
SK
Shagofa Azizi RDH
Get Free Quote for All Dental Needs.
FREE and Convenient On-site Parking & Wi-Fi
Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi
Evening and weekend appointments available.
Friendly and caring staff.
We cater to all Insurance Plans.
FREE LASER WHITENING
Complete range of Dental services available.
Emergencies seen right away.
Dental Implants start to Finish.
FOR APPOINTMENT PLEASE CALL
416-321-3268
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com
Dr. Salim Kapadia Dental Centre
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request




VICTORIA SUPERMARKET
DECEMBER 18 - 24 COUPON FLYER
OPEN EVERYDAY FROM 9AM-10PM, 1400 VICTORIA PARK AVE, TORONTO WWW.VICTORIASUPERMARKET.CA
GALA APPLES REGULAR $1.49 SALE 1.09 LB
GREEN MANGO REGULAR $2.49 SALE 1.89 LB
FRESH METHI BUNCH REGULAR $1.99 SALE .99 EACH
COCONUT WRAP REGULAR $2.49 SALE 1.85 EACH
ROHU 3KG AND UP REGULAR $2.99 SALE 2.49 LB
BASA FILLET 3.75 LB REGULAR $9.99 SALE 6.99 EACH
ASSORTED SURATI SNACKS REGULAR $2.49 SALE 1.79 EACH
KCB 200G NAN KHATIE REGULAR $2.25 SALE 1.49 EACH
GITS 200G KHAMAN DHOKLA MIX REGULAR $1.79 SALE .99 EACH
KEMCHHO PLAIN KHARI REGULAR $2.49 SALE 1.49 EACH
LAMB SHANK REGULAR $5.49 SALE 4.99 LB
CHICKEN DRUMSTICKS REGULAR $2.99 SALE 2.29 LB
RANI 4LB BESAN REGULAR $4.99 SALE 2.99 EACH
RANI 4LB TOOR DAL REGULAR $5.99 SALE 4.49 EACH
RANI 400G PEANUTS REGULAR $3.99 SALE 1.19 EACH
RANI 10 LB PREMIUM BASMATI RICE REGULAR $14.99 SALE 7.99 EACH
CRISPY METHI ROTI 15 PACK REGULAR $3.29 SALE 2.25 EACH
LAZEEZ PLAIN / GARLIC NAAN 5 PACK REGULAR $2.99 SALE 2.49 EACH
RANI 1KG JAGGERY REGULAR $2.99 SALE 1.79 EACH
SURATI UNDHIYU MIX REGULAR $2.49 SALE 1.49 EACH
SURATI MOONGDAL KACHORI REGULAR $4.49 SALE 2.99 EACH
AASHIRVAAD ATTA 9 KG REGULAR $13.99 SALE 11.49 EACH
LAZEEZ ONION PARATHA 5 PACK 4 FOR $1.00 SALE 1.00 /4
LAZEEZ 12 PACK SPRINGROLL/ SAMOSA REGULAR $2.99 SALE 1.99 EACH
SOME CONDITIONS MAY APPLY
ORDER ONLINE. FREE DELIVERY.
HALAL MEAT
WE CLEAN YOUR IN HOUSE FISH FOR .50/LB AT THE FISH CORNER
FRESH HOT FOOD TO GO INSIDE